ભારતીયતા : એક વિશિષ્ટ ભાવધારા

ડૉ. કેતન કાનપરિયા



"Connect the Vision"™
Nexus Stories Publication
Bhārata

VISIT…

LANZAROTE Caliente.com

Bharatiyata : Ek Vishisht Bhavdhara

Written by : Dr. Ketan Kanpariya

First Edition : February - 2022

ભારતીયતા : એક વિશિષ્ટ ભાવધારા

ISBN # 978-93-91529-11-6

First Published by Nexus Stories Publication-2022

Publication
Nexus Stories Publication
Surat (Gujarat), Bhārata
https://nexus-stories. com
+91 87800 80718

:: અર્પણ ::

જેણે ભારતીય લગ્નજીવનની સાચી વિભાવનાની

મને હંમેશા પ્રતીતિ કરાવી છે એવી

પ્રિય કિંજલને

અને

ઈશ્વર પાસેથી મને થોડાં વર્ષો પૂર્વે વિસ્મય

સ્વરૂપે પ્રાપ્ત થયેલ વાત્સલ્યભાવના

સાક્ષાત કાવ્ય જેવા

ચિ. નમ્યને

:: ઋણસ્વીકાર ::

- મારા પરિવારજનો.
- મારા સર્વે ગુરુજનો.
- મારા ગ્રામજનો અને સ્નેહીજનો.
- મારા સર્વે મિત્રો(સહઅભ્યાસીઓ, કવિઓ, લેખકો, સર્જકો, ભાવકો સહિત તમામ)
- મારો કૉલેજ પરિવાર.
- મારા તમામ વિદ્યાર્થીઓ.
- કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી.
- સાહિત્યિક સંસ્થાઓ અને સામયિકો.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- મને અને મારી કવિતાઓને ચાહનાર નામી–અનામી સૌ શબ્દપ્રેમીઓ.
- આ પુસ્તક વાંચનાર તમામ ભાવકો.

ભારતીયતા, હું અને આ પુસ્તક...

મને બચપણથી જ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અપાર આકર્ષણ હતું. પરિણામે ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલી તમામ બાબતો મારા રસ, જિજ્ઞાસા અને કુતૂહલના સવિશેષ વિષયો રહી છે. મારે પીએચ.ડી. અન્વયે કોઈ ને કોઈ વિષય ઉપર સંશોધન તો કરવાનું જ હતું. પરંતુ સંશોધનની સાથે રસ–જિજ્ઞાસા અને માનવસહજ કુતૂહલનો ભાવ ભળે તો એનું ઉત્તમ પરિણામ મળી શકે તેવા શુભ આશયથી મારે પીએચ.ડી.ના વિષયની પસંદગી કરવાની હતી. ગુજરાતી ગઝલનાં સર્જન–ભાવન–વિવેચન સાથે ઘણાં વર્ષોથી સંકળાયેલો હોવાથી તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની મારી પ્રીતિને લીધે પૂરી સભાનતાથી મેં પીએચ.ડી.ના સંશોધનકાર્ય સંદર્ભે ''ગુજરાતી ગઝલમાં ભારતીયતા'' વિષય ઉપર મારી પસંદગીનો કળશ ઢોળ્યો હતો. આ સંશોધનકાર્ય વિશે–મિષે ભારતીય સંસ્કૃતિના કેન્દ્રસ્થ એવા વિશિષ્ટ પ્રકારના ભાવનાત્મક ખ્યાલ 'ભારતીયતા' અને ગુજરાતી ગઝલ સાથે સાત વર્ષ સુધી ગાઢ અનુબંધ રચવાનું મને સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તેનો ભાવકસહજ આનંદ વ્યક્ત કરું છું. મારું પીએચ.ડી. પૂર્ણ થયાં બાદ વડીલ અધ્યાપકો, કવિઓ, લેખકો, મિત્રો અને 'ભારતીયતા' વિશે કંઈ વિશેષ જાણવાની ઈચ્છા ધરાવતા જિજ્ઞાસુ લોકો આ પુસ્તકના પ્રકાશન માટે મને જણાવતા રહ્યા છે. પરંતુ આપ સૌની આતુરતાનો હવે અંત આવ્યો છે. મારા સંશોધનકાર્યની ફલશ્રુતિ રૂપે ''ભારતીયતા : એક વિશિષ્ટ ભાવધારા'' શીર્ષકથી આ પુસ્તક આપ સૌના કરકમળમાં મૂકતાં હું હર્ષની લાગણી અનુભવું છું.

આ પુસ્તકને મારા પીએચ.ડી.ના માર્ગદર્શક ડૉ. વડગામા સાહેબે વહાલભર્યા શબ્દોથી 'આવકાર' આપીને વધાવ્યું છે એનો સવિશેષ આનંદ છે. આ ઉપરાંત વર્તમાન ગુજરાતી ગઝલમાં એક મૂઠી ઊંચેરું નામ એવા બગસરાના કવિ સ્નેહી પરમારે મારી વિદ્યાયાત્રા, શબ્દયાત્રા, અધ્યાપનયાત્રા અને સંશોધનયાત્રાનો ચતુષ્કોણ રચીને આ પુસ્તકનાં પોંખણાં કર્યાં છે એનો પણ આનંદ છે. આ પુસ્તકના પ્રકાશનમાં મને પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે મદદરૂપ થનાર સૌ કોઈ પ્રત્યે હું આભારની

લાગણી વ્યક્ત કરું છું. બસ.... વિશેષ કંઈ કહેવું નથી. હવે હું, તમે અને ભારતીયતા....

ડૉ. કેતન કાનપરિયા,
ગુજરાતી વિભાગાધ્યક્ષ,
સરકારી વિનયન અને
વાણિજય કૉલેજ, લીલિયા,
જિ. અમરેલી.

:: સ્વાધ્યાયની સોડમ ::

એક દાયકાના અધ્યાપનકાર્ય દરમિયાન શિક્ષણ પ્રત્યે નિષ્ઠા અને નિસ્બત ધરાવતા તથા સાહિત્યની સજ્જતા અને સમજણ ધરાવતા જે અલ્પસંખ્ય વિદ્યાર્થીઓનો ઉપહાર સાંપડ્યો, એમાંના એક કેતન કાનપરિયા. એમ. એ. (ગુજરાતી)માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ 'બ્રોકર સુવર્ણચંદ્રક'થી કેતનની પ્રતિભા પોંખાઈ છે. વિદ્યાર્થી અવસ્થામાં અનેક સાહિત્યિક સ્પર્ધાઓમાં પણ કેતને સિદ્ધિ હાંસલ કરી છે. કાવ્યસર્જન, કાવ્યગાન અને મંચસંચાલન એમના રસના વિષય રહ્યા છે. જી. સેટ. અને યુ. જી. સી. – નેટ. માં ઉત્તીર્ણ થવા ઉપરાંત એમણે જી. પી. એસ. સી.ની પરીક્ષામાં પણ ઉજ્જવળ દેખાવ કર્યો. અધ્યાપક તરીકેની યોગ્યતા સિદ્ધ કરીને એમણે અમરેલી, ભેસાણ અને જાફરાબાદની કૉલેજોમાં અધ્યાપનકાર્ય કર્યું. હાલમાં તેઓ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, લીલિયામાં ગુજરાતીના વિભાગાધ્યક્ષ તરીકે કાર્યરત છે, જ્યાં પાંચેક વર્ષ એમણે કાર્યકારી આચાર્ય તરીકેની વહીવટી કામગીરી પણ સુપેરે બજાવી છે. અધ્યયનને અધ્યાપકનો કર્તવ્યધર્મ સમજતા કેતન કાનપરિયા સતત સ્વાધ્યાયરત રહ્યા છે અને એના સુફળરૂપે એમની પાસેથી પીએચ.ડી.ની પદવી નિમિત્તે 'ગુજરાતી ગઝલમાં ભારતીયતા' વિશેનો શોધનિબંધ સાંપડ્યો છે.

'ભારતીયતાઃ એક વિશિષ્ટ ભાવધારા' કેતન કાનપરિયાના શોધનિબંધનો સૈદ્ધાંતિક ભાગ છે. હિંદી અને ગુજરાતી ભાષાના વિવિધ વિદ્વાનો 'ભારત', 'ભારતીય' અને 'ભારતીયતા'ની અર્થચ્છાયા સ્પષ્ટ કરતા રહ્યા છે. અહીં સંશોધકે એ વિવિધ વિદ્વાનોના સંદર્ભો સાથે 'ભારતીયતા'ની વિભાવના પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. 'ભારતીયતા'ને ભારતીય સંસ્કૃતિના એક કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ તરીકે રજૂ કરીને એમણે સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ભારતીયતા અંગેનો વિગતે વિમર્શ કર્યો છે. એમણે પુસ્તકના ઉત્તરાર્ધમાં ભારતીય ધર્મભાવના, કુટુંબભાવના, પ્રેમભાવના, જીવનમૂલ્યો, શિક્ષણ, સંસ્કાર, ચિંતન વગેરે જેવી ભારતીયતાની વિવિધ લાક્ષણિકતાઓ ચીંધી બતાવી છે અને અંતે ભારતીયતા અને રાષ્ટ્રીયતા તેમજ ભારતીયતા અને આધુનિકતા વચ્ચેનાં સામ્ય–વૈષમ્યનો પણ


નિર્દેશ કર્યો છે. એ બધાં દ્વારા અહીં ભારતીયતાનો સર્વાશ્લેષી પરિચય મળી રહે છે. પોતાની સ્થાપનાને સમર્થન આપવા માટે તેઓ અન્ય અભ્યાસીઓનો આશ્રય લે છે તેમજ દૃષ્ટાંતો દ્વારા અભ્યાસ–વિષયને વિશદ બનાવે છે.

પ્રસ્તુત પુસ્તકમાંથી લેખક કેતન કાનપરિયાના સ્વાધ્યાયની સોડમ અનુભવાય છે. ભારતીયતા અંગે જાણવા ઈચ્છતા જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓ માટે 'ભારતીયતાઃ એક વિશિષ્ટ ભાવધારા' ઉપયોગી સંદર્ભગ્રંથ બની રહેશે એવી શ્રદ્ધા સાથે, કેતનના અધ્યાપક–માર્ગદર્શક તરીકે રાજીપો વ્યક્ત કરું છું.

– ડૉ. નીતિન વડગામા,
પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર,
ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.

:: અનુક્રમણિકા ::

ભારતીયતા : એક વિશિષ્ટ ભાવધારા



પ્રસ્તાવના

આપણે બાળપણથી ભાષા જાણીએ છીએ. પરંતુ ભાષા વિશે વિસ્તૃત્ત વિગતો જાણતા નથી. ભાષાની ઉત્પત્તિ કઈ રીતે થઈ ? ભાષાનું ઘડતર કઈ રીતે થયું ? ભાષાનો ઉત્તરોત્તર વિકાસ કઈ રીતે થયો ? ભાષામાં સમયાંતરે પરિવર્તનો કઈ રીતે આવ્યા ? આજની ભાષાની સમૃદ્ધિ પાછળ કયા કારણો જવાબદાર હશે ? વગેરે પ્રશ્નો આપણા મનમાં કયારેય ઉદ્‌ભવ્યા જ નથી. આપણે ભાષા બોલીએ છીએ, પરંતુ ભાષા વિશે ઊંડાણપૂર્વક કશું જાણતા નથી. બસ... આ જ પ્રકારે આપણે ભારત ભૂમિને વંદન કરીને વારંવાર ભારતીય હોવાનું ગૌરવ લઈએ છીએ પરંતુ ભારતીયતા એટલે શું ? એની આપણને ખબર નથી. ભારતવર્ષના ભવ્ય ભૂતકાળ, ઉત્કૃષ્ટ ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિની અદ્વિતીયતાને લઈને આપણે છાતી ફૂલાવીને ભારતીય હોવાનું ગૌરવ લઈએ છીએ. ભારતીય સંસ્કૃતિમાં રહેલા

પ્રાચીનતા, બિનસાંપ્રદાયિકતા, સર્વધર્મ– સમભાવની નીતિ, ઉદારતા, સહનશીલતા, ભાઈચારો, વિશ્વબંધુત્ત્વ, પ્રમાણિકતા, ધાર્મિકતા, સત્યપ્રિયતા, નૈતિકતા, અહિંસાપ્રેમ, પરોપકારી વલણ વગેરે સદ્‌ગુણોને લીધે આપણે ભારતીય સંસ્કૃતિના ચાહક અને વાહક બનીને સમગ્ર વિશ્વમાં બધાથી અલગ એવા ભારતીય હોવાનું બહુમાન મેળવીએ છીએ પણ ભારતીયતા એટલે શું ? એમ કોઈ પૂછે તો આપણે ચૂપ થઈ જઈએ છીએ. આમ થવાનું કારણ માત્ર એટલું જ કે ભારતીય સંસ્કૃતિની આબોહવામાં શ્વાસ લેનારા આપણે ભારતીયતા વિશે વિગતે કશું જાણતા નથી.

આ ઉપરાંત ભારતીયતાનો ખ્યાલ વ્યાપક ફલક પર વિસ્તરેલો હોવાથી તેમજ પ્રમાણમાં સંકુલ સ્વરૂપ ધરાવતો હોવાથી તેમાં ભિન્ન ભિન્ન મતમતાંતરોને માટે ભરપૂર અવકાશ રહેલો છે. કારણ કે ભારતીયતા એ બહુપરિમાણી, બહુઅર્થી અને એક વિવાદાસ્પદ સમ્પ્રત્યય છે. જો કે વિવિધ વિદ્વાનોએ ભારતીયતાને ભારતીય સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય, ભારતીય કલા, ભારતીય શિક્ષણ, ભારતીય સમાજ, ભારતીય ઈતિહાસ, ભારતીય ચિંતન, ભારતીય પરંપરા, ભારતીય જીવનભાવના, વિશિષ્ટ ભારતીય ખ્યાલો વગેરે સાથે સાંકળીને ભારતીયતાની વિભાવના સ્પષ્ટ કરવાના સુંદર પ્રયાસો કર્યા છે. એ જ રીતે કેટલાક વિદ્વાનોએ ભારતીયતાને સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક, ધાર્મિક, તાત્ત્વિક, ભૌગોલિક, ઐતિહાસિક, રાજકીય એમ વિવિધ દષ્ટિકોણથી મૂલવવાના પ્રયત્નો પણ કર્યા છે.

ભારતીયતાની ભાતીગળ ભાવધારા, વૈભવશાળી વિભાવના અને ખમીરવંતા ખ્યાલને શબ્દસ્થ કરવાનો અનેક વિદ્વાનોએ પ્રબળ પુરુષાર્થ કર્યો છે. ભારતીય સંસ્કૃતિ તથા ભારતીયતાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિદ્વતા સાથે વ્યકત કરનારા વિદ્વાનોમાં સ્વામી વિવેકાનંદ, મહર્ષિ દયાનંદ સરસ્વતી, લોકમાન્ય તિલક, અરવિંદ ઘોષ, ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, બંકીમચંદ્ર ચટોપાધ્યાય વગેરેનો સમાવેશ થાય છે. ભારતીયતાની વિભાવના સંદર્ભે વિસ્તૃત્ત છણાવટ કરનારા વિદ્વાનોમાં ડૉ. નગેન્દ્ર, ડૉ. વી. કે. ગોકાક, સુનીતિકુમાર ચેટર્જી, રામવિલાસ શર્મા, પ્રેમચંદ, 'અજ્ઞેય', માખનલાલ ચતુર્વેદી, જયશંકર પ્રસાદ, ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી, સોહનલાલ દ્વિવેદી, નામવરસિંહજી, સૂર્યકાન્ત ત્રિપાઠી, ડૉ. રાજેન્દ્ર મિશ્ર, ડૉ. ગૌતમ

પટેલ, ડૉ. સત્યવ્રત શાસ્ત્રી, રેવાપ્રસાદ શાસ્ત્રી, ડૉ. હર્ષદેવ માધવ, ઈન્દ્રનાથ ચૌધરી, ડૉ. લક્ષ્મીકાન્ત પાન્ડેય, ડૉ. પ્રભુદયાલુ અગ્નિહોત્રી, એ. અરવિન્દાક્ષન વગેરેનો ફાળો અમૂલ્ય રહ્યો છે. ગુજરાતીમાં પણ ગોવર્ધનરામ ત્રિપાઠી, ઉમાશંકર જોશી, ક. મા. મુનશી, ઝવેરચંદ મેઘાણી, મનુભાઈ પંચોળી 'દર્શક', નરેશ વેદ, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ, બળવંત જાની, પ્રવીણ દરજી, પ્રસાદ બ્રહ્મભટ્ટ, રમણ સોની, નીતિન વડગામા, બિપિન આશર, દીપક પટેલ, સુનિલ જાદવ વગેરેએ ભારતીયતાને સુસ્પષ્ટ કરવાના અનન્ય પ્રયાસો કર્યા છે.

આપણે ત્યાં આધુનિકતા જેવી પાશ્ચાત્ય વિભાવના સંદર્ભે ખૂબ જ સંશોધન થયું છે. તેની સરખામણીમાં ભારતીયતા વિશે એટલું વિસ્તૃત્ત સંશોધન થયેલું જોવા મળતું નથી ત્યારે અહીં ભારતીયતાની વિભાવનાને મૂર્ત કરવાનો ઉપક્રમ રાખેલો છે.





ભારતીયતા : શબ્દાર્થ અને વિભાવના

'ભારતીયતા'ને શબ્દબંધારણની દષ્ટિએ તપાસીએ તો આ શબ્દ 'ભારત + ઈય + તા' એમ ત્રણ ઘટકોનો સમૂહ છે. અહીં 'ભારત'(સંજ્ઞા)ને 'ઈય' પ્રત્યય લાગવાથી 'ભારતીય'(વિશેષણ) શબ્દ બન્યો છે. ત્યાર બાદ 'ભારતીય'ને 'તા' પ્રત્યય લાગવાથી 'ભારતીયતા' જેવો એક ભાવવાચક શબ્દ પ્રાપ્ત થયો છે. આમ 'ભારતીયતા' એ એક પ્રકારનો ભાવવાચક શબ્દ છે. 'ભારતીયતા' સંજ્ઞાના મૂળમાં 'ભારત' અને 'ભારતીય' જેવા બે શબ્દો રહેલા છે. આ 'ભારતીયતા'ની સંજ્ઞાને સમજવા માટે અને તેની વિભાવના સ્પષ્ટ કરવા માટે 'ભારત', 'ભારતીય' અને 'ભારતીયતા' એમ ત્રણ બાબતોને સુસ્પષ્ટ કરવી પડે. આથી આપણે 'ભારત', 'ભારતીય' અને 'ભારતીયતા'ને વિગતે તપાસીએ.

૨.૧ ભારત :

ભારત વિશે આપણે ત્યાં અને વિદેશમાં અનેક અભ્યાસો થયા છે. ભારત વિશે વિષ્ણુપુરાણમાં એક સુંદર શ્લોક આપવામાં આવ્યો છે.

उत्तरं यत् समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम् ।
वर्षं तद भारतं नाम भारती यत्र संततिः ॥[१]

અર્થાત્ હિન્દ મહાસાગરની ઉત્તરે તથા હિમાલયની દક્ષિણે આવેલો મહાન દેશ 'ભારતવર્ષ'થી જાણીતો છે. અહીંનો પુત્રરૂપ સમાજ ભારતીય છે.

ભારત એટલે હિન્દ, હિન્દુસ્તાન કે ભારતવર્ષ. પરંતુ ભારત એ કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારિકાથી જગન્નાથપુરી સુધીનો ભૂમિભાગ ધરાવતો માત્ર એક દેશ જ નથી કે ચીન, પાકિસ્તાન, નેપાળ, ભુતાન, બર્મા, બાંગ્લાદેશ, શ્રીલંકા વગેરેનો પડોશી એવો દેશ એટલે ભારત એમ કહેવું પણ પૂરતું નથી. આ ઉપરાંત ઉત્તરે હિમાલયની પર્વતમાળા, પૂર્વમાં બંગાળની ખાડી, દક્ષિણે હિન્દ મહાસાગર તથા પશ્ચિમે અરબસાગરથી ઘેરાયેલો એક ભૌગોલિક પ્રદેશ કે તેનો નકશો એટલે ભારત – એ વાત પણ તાત્ત્વિક રીતે સ્વીકારી શકાય એમ નથી. કારણ કે 'ભારતીયતા'નાં મૂળમાં જે 'ભારત' શબ્દ રહેલો છે તે 'ભારત' એક વિશિષ્ટ પ્રકારનો ભાવસૂચક શબ્દ છે. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને રાજપુરુષ શ્રી અટલબિહારી વાજપેયી પાસેથી 'ભારત' સંદર્ભે સુંદર વ્યાખ્યા પ્રાપ્ત થઈ છે.

भारत जमीन का टुकडा नहीं, जीता–जागता राष्ट्रपुरुष है । हिमालय इसका मस्तक है, गौरी शंकर शिखा है । कश्मीर किरीट है, पंजाब और बंगाल दो विशाल कंधे हैं । दिल्ली इसका दिल है । विन्ध्याचल कटि है, नर्मदा करघनी है । पूर्वी और पश्चिमी घाट, दो विशाल जंघाएँ है । कन्याकुमारी इसके चरण है, सागर इसके पग पखारता है । पावस के काले–काले मेघ इसके कुंतल केश हैं । चाँद और सूरज इसकी आरती उतारते हैं, मलयानिल चँवर डुलाता है । यह वन्दन की भूमि है, अभिनन्दन की भूमि है । यह तर्पण की भूमि है, यह अर्पण की भूमि है । इसका

कंकर–कंकर शंकर है, इसका बिंदु–बिंदु गंगाजल है । हम जिएँगे तो इसके लिए, मरेंगे तो इसके लिए ।[२]

શ્રી અટલ બિહારી વાજપેયીએ ઉપર્યુક્ત વ્યાખ્યામાં ભારતને માત્ર ભૌગોલિકતાના સંદર્ભમાં જ નહીં પરંતુ ભાવનાત્મક સંદર્ભમાં પ્રસ્તુત કરવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે અને ભારતનો એક વિશિષ્ટ એવી ભાવમૂર્તિ તરીકે સાદર ઉલ્લેખ કર્યો છે. 'ભારતીયતા'ના મૂળમાં રહેલું 'ભારત' એ આ પ્રકારની એક ભાવમૂર્તિ છે. આ દષ્ટિએ જોઈએ તો 'ભારત' અનુભૂતિનો વિષય છે. આથી જ ડૉ. પ્રવીણ દરજી કહે છે :

ભારતને પામવા ભારતને અનુભવવું પડે, એની બધી મર્યાદાઓ સાથે અનુભવવું પડે. તો જ ભારત પ્રત્યેના અપાર આકર્ષણનો તાળો મેળવી શકાય. ભારત ભારતીય જન માટે એક સંવેદનાગત બાબત છે. ભારતથી હજારો ગાઉ દૂર રહેનારો પણ, ફરી કયારેક ભારત પરત આવવાના સંજોગો ન હોય તો પણ, એ ભારતને એના છેલ્લા શ્વાસ સુધી અળગું કરી શકતો નથી. એ જ્યાં હોય છે ત્યાં ભલે તે દેશનો થઈને રહેતો હોય પણ જીવે છે તો પેલા ભારતને સાથે રાખીને જ.[૩]

આમ 'ભારત' એ વિરાટ ભાવનાઓની વિશાળ અનુભૂતિનો એક મહાન ભાવપિંડ છે. આથી ભારત એ માત્ર એક ભૌગોલિક પ્રદેશ નથી પરંતુ એક લાક્ષણિક ભાવમૂર્તિ છે. ભારતની સાચી ઓળખ આપતા ભારતીય સાહિત્યના પ્રખર અભ્યાસુ ડૉ. નરેશ વેદ કહે છે :

ભારત શું છે ? તેની ઓળખ શી છે ? શું ભારત એટલે ભૌગોલિક વિસ્તારનો કોઈ નકશો ? રાજા–મહારાજાઓ, નવાબો–બાદશાહો, અમીરો–ઉમરાવોના સામ્રાજ્યોના ઉત્થાન–પતનની વંશાવળી ? જુદા–જુદા રાજકીય પક્ષોની તડજોડ અને એમના ચૂંટણી ઢંઢેરાઓ ? આવા રાજકારણીઓએ કાળસંદૂકમાં દાટેલો કે ઉખેડેલો ઈતિહાસ ? પ્રધાનો – અમલદારોને આંગળીને ટેરવે નચાવતા જ્યોતીષીઓ, તાંત્રિકો અને અસામાજિકો ? પોતાની જાતને ઈશ્વરનો અવતાર ગણાવતા લેભાગુ સ્વામીઓ અને ભગવાનો ? રોજબરોજ તડાંઓ અને ટુકડાઓમાં

વહેંચાતા જતાં સંપ્રદાયો–ફિરક્કાઓ ? ના, ભારતની આ સાચી ઓળખાણ નથી. વાસ્તવમાં ભારત તો અઢારેય વરણ અને તેરેય તાંસળીના લોકોને સમાવતી, દુનિયાના બારેય મુખ્ય ધર્મો, વિધવિધ પંથો, માર્ગો, મતો, સંપ્રદાયોને સમાશ્રય આપતી ભાતીગળ ભાવભૂમિ છે. વિવિધ સાધના પ્રણાલીઓ અને ઉપાસના પદ્ધતિઓનો સમાદર કરતું, તંત્ર અને મંત્ર, યોગ અને ભોગ, ધર્મ અને કર્મનો સહોદરની જેમ ઉછેર કરતું સંગમતીર્થ છે. ક્ષિતિ, જલ, પાવક, ગગન અને સમીર જેવા પાંચ મહાભૂતોમાં તથા અંડજ, યોનિજ અને ઉદ્‌ભિજ જીવોમાં દેવત્વ નિહાળતી અને એમનું આહ્‌વાન કરતી એક ભાવધારા છે. અનેકતામાં એકતા, ભેદમાં અભેદ, સસીમમાં અસીમ, વિસંવાદમાં સંવાદિતા, પિંડમાં બ્રહ્માંડને શોધતી એક લાક્ષણિક ભાવમૂર્તિ છે.[૪]

ડૉ. નરેશ વેદના ઉપર્યુક્ત મંતવ્ય પરથી એ સ્પષ્ટ થાય છે કે, ભારતીયતા સાથે ગાઢ રીતે સંકળાયેલા ભારતને માત્ર ભારતની ભૌગોલિકતા સાથે જ સંબંધ નથી, પરંતુ ભારતની વિશિષ્ટ એવી ભાવમૂર્તિ સાથે સીધો સંબંધ છે. આથી ભારતીયતાને સમજવા માટે ભારતની ભાવમૂર્તિ કે ભાવધારાને સમજવી પડે અને ભારતની ભાવમૂર્તિ કે ભાવધારાને સમજવા માટે ભારતીય સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય, ભારતીય કલા, ભારતીય ધર્મભાવના, ભારતીય સમાજજીવન, ભારતીય પરંપરા, ભારતીય સંવેદનો, ભારતીય સમસ્યાઓ, ભારતીય ચિંતન, ભારતીય જીવનદૃષ્ટિ, ભારતીય સંસ્કારો, ભારતીય શિક્ષણ, ભારતીય જીવનમૂલ્યો, ભારતીય આદર્શો, વિશિષ્ટ ભારતીય ખ્યાલો વગેરે બાબતોને તપાસવી પડે.

ભારતનો વિશિષ્ટ અર્થ અને ભારતીયતા સાથેના તેના ગાઢ અનુબંધને જાણ્યા પછી હવે 'ભારતીય' એટલે શું ? તેની ચર્ચા કરીએ. ભારત જેવા અર્થબહુલ વિભાવને સ્પષ્ટ કર્યા પછી 'ભારતીય' કોને ગણવો ? એ પણ એક યક્ષપ્રશ્ન જ બની રહે છે. પરંતુ 'ભારતીય' વિશે આપણે ત્યાં ખૂબ જ ચર્ચાઓ થઈ છે. 'ભારતીયતા'ના સંદર્ભમાં આપણે હવે 'ભારતીય' વિશે વિગતે વાત કરીએ.

૨.૨ ભારતીય :

'ભારતીય' એટલે ભારતનું કે ભારત સાથે સકંળાયેલું. પરંતુ ભારતીય વ્યક્તિની આવી ઉપરછલ્લી ઓળખથી ભારતીયતાની વિભાવનાને સ્પષ્ટ કરી શકાય એમ નથી. 'ભારતીયતા'ની અંદર સમાયેલા 'ભારતીય' શબ્દનો સ્વાયત અને સ્વતંત્ર એવો અર્થ છે. જે ભારતીય વ્યક્તિની આંતરિક ભાવનાને પ્રગટ કરે છે. આપણે આ પૂર્વે વિશિષ્ટ પ્રકારની ભાવમૂર્તિ કે ભાવધારા તરીકે જેની ગણના કરી છે એવા 'ભારત' સાથે ભાવાત્મક સંબંધથી ગાઢ રીતે જોડાયેલો વ્યક્તિ એ જ સાચા અર્થમાં ભારતીય છે. વિવિધ વિદ્વાનો 'ભારતીય' શબ્દને ઐતિહાસિક, સામાજિક, રાજકીય અને ભૌગોલિક દષ્ટિકોણથી સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ 'ભારતીયતા' સાથે જેને સંબંધ છે એ 'ભારતીય' શબ્દને સાંસ્કૃતિક દષ્ટિકોણથી અનાવૃત કરવામાં આવે તો અને તો જ સાચા 'ભારતીય'ની ઓળખાણ થઈ શકે. 'ભારતીય' વ્યક્તિની ઓળખ આપતા ડૉ. સુનિલ જાદવ કહે છે :

ભારતીય સંસ્કૃતિનાં સોળ સંસ્કારોમાં માનનારી–પાલન કરનારી, ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરુષાર્થો તથા આનંદ, સૌન્દર્ય અને નીતિનું આચરણ કરનારી, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ એ ચારેય આશ્રમ પ્રમાણે જીવન જીવનારી, માતા, પિતા, ગુરુને દેવતુલ્ય ગણી તેના પ્રત્યે પૂજ્યભાવ ધરાવનારી, માતૃભૂમિનું ગૌરવ અને તેની રક્ષા કાજે આત્મબલિદાન આપવા તત્પર હોય એવી વ્યક્તિને ભારતીય કહી શકાય.[૫]

'ભારતીય' સંદર્ભે અપાયેલાં ઉપર્યુક્ત મંતવ્ય પરથી તારણ કાઢી શકાય કે, 'ભારતીય' શબ્દ ભારતની સાથે માત્ર ભૌગોલિક કે રાજકીય સંબંધથી જોડાયેલો નથી પણ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પરંપરા સાથે ખૂબ જ નજીકથી જોડાયેલો છે. ભારતીય વ્યક્તિની સાચી ઓળખ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પરંપરાને પ્રગટાવનારા તેના માનવસહજ ગુણોથી થાય છે અને એટલે જ ડૉ. નરેશ વેદ 'ભારતીય કોણ ?' એવા પ્રશ્નના જવાબમાં 'ભારતીય'ની આગવી ઓળખ અનોખા અંદાજમાં આપતા કહે છે :

'ભારતીય' કોણ છે ? આજકાલના નેતા–અભિનેતા ? વિદ્યાગુરુ–ધર્મગુરુ ? શ્રમજીવી– બુદ્ધિજીવી ? સાહિત્યકાર–અમલદાર ? મિકેનિક–વૈજ્ઞાનિક ? ના, એ લોકો દ્વારા જે 'ભારતીય' મનુષ્યની ઓળખ મળશે એ તો માત્ર ઉપરછલ્લી હશે. 'ભારતીય' મનુષ્યની ઓળખ આવી બાહ્ય રૂપની નહીં, આંતરિક હોવી ઘટે. ખરો ભારતીય દેશમાં કે દુનિયામાં કયાંય પણ હશે, ઓળખાયા વિના નહીં રહે. તમે કહેશો એ કેવી રીતે ઓળખાય ? બાળકના જન્મના છટ્ઠા દિવસે વિધાત્રીના લેખ માટે લેખનસામગ્રી મૂકતી, સ્નાન કરતી વખતે સ્થાનિક જળમાં ગંગા–જમના–ગોમતી–ગોદાવરી–કાવેરીનું સ્મરણ કરતી, ભોજન લેતા પહેલા ગૌગ્રાસ અને ભૂમિગ્રાસ આપતી, આંગણે તુલસી કે ડમરાનો કયારો કે કૂંડું રાખી તેના છોડને પવિત્ર લેખતી, ગૃહપ્રવેશ પૂર્વે વાસ્તુપૂજન કરતી, ઘરનો ઉંબર કે ખેતરનું શેઢું ઓળંગતા દાદા ખેતરપાળનું વંદન કરતી, અડીઓપટી વખતે ઈષ્ટદેવ કે કુળદેવ–દેવીની માનતા રાખતી, પોતાનાં કે અન્ય કોઈનાં કલ્યાણ અર્થે બાધા–આખડી રાખતી, સારે માઠે પ્રસંગે કથાકીર્તન, સપ્તાહ–પારાયણ કરાવતી, મરતી વખતે મોમાં ગંગાજળ કે જમનાજળ લેવા ઝંખતી, પિતૃતર્પણ નિમિત્તે કાગવાસ નાખી શ્રાદ્ધ કરતી, વૃક્ષને; વિશેષ કરીને પીપળાને કાપવામાં પાપબોધ અનુભવતી વ્યક્તિને જુઓ તો ઓળખજો; એ ભારતીય, પુત્રને પોતાના વારસાનો અધિકારી અને પોતાની આશા આંકાક્ષાઓનો વિસ્તાર માનનાર પિતામાં રહેલી સંતાનવાહિતા, આવો ભાવ કેવળ અંગનાં સંતાનો સુધી સીમિત ન રાખતાં, નદી–પર્વત, વૃક્ષ–વેલીઓ, પશુ–પંખીઓ સુધી વિસ્તારી સૌની હિતચિંતા અને ખેવના દાખવતી સમદૃષ્ટિ, નાનીમોટી બાબતોમાં સ્વાર્થી ગણતરીઓને ટાળી, અંદરની સમૃદ્ધિ વડે 'सह नाववतु, सह नौ भुनक्तु, सह वीर्यं करवावहै'ની ભાવના દાખવતી ભાગીદારી, છેક બચપણથી ફૂલછોડ, પશુપંખી અને નદીપર્વત સાથે સ્નેહનો નાતો બાંધી, ગાયમાતા, ચાંદામામા, આંબાદાદા, વડદાદા, બિલ્લીમાસી, ઘોઘાબાપા, નાગદાદા જેવો સ્વજનભાવ દાખવતી સંવાદિતા, વર્ણ અને આશ્રમની વ્યવસ્થા તથા કર્મ અને પુરુષાર્થના સિદ્ધાંતોની અભિજ્ઞતાથી આવતી સહજતા, અન્યનાં વાત–વિચારને સાંભળવા–સમજવા–સ્વીકારવાની ધીરજ, તત્પરતા અને સહૃદયતાયુક્ત સહિષ્ણુતા–'ભારતીય' હોવાની પહેચાન છે.[૬]

આમ 'ભારતીયતા' સાથે જે ખૂબ જ નજીકથી જોડાયેલો છે એવા 'ભારતીય'ને સમજવા માટે ભારતની ભૌગોલિકતા, રાષ્ટ્રીયતા કે રાજકીય પરિસ્થિતિનાં દષ્ટિબિંદુઓ નિરર્થક નીવડે છે. ડૉ. નરેશ વેદ દ્વારા દર્શાવવામાં આવેલી ઉપર્યુક્ત ભાવનાઓ ધરાવનાર કોઈ પણ વ્યક્તિને આપણે ભારતીય ગણી શકીએ. 'ભારતીય' વ્યક્તિની આ પ્રકારની ઓળખ જ ભારતીયતાને સમજવાની ચાવી છે. ડૉ. નરેશ વેદ દ્વારા દર્શાવવામાં આવેલા ભારતીય પ્રજાના સંસ્કારો, ભાવનાત્મક ખ્યાલો, જીવનભાવના, પ્રકૃત્તિપ્રેમ, જીવનમૂલ્યો, વિશિષ્ટ સંવેદનો, સમાજજીવન, કુટુંબભાવના, ધર્મભાવના, ચિંતનધારા વગેરેથી 'ભારતીય' વ્યક્તિનો સાચો પરિચય પ્રાપ્ત થાય છે. 'ભારતીય' વ્યક્તિની આ પ્રકારની ઓળખ જ ભારતીયતાને સમજવા માટે અનિવાર્ય થઈ પડે છે. ટૂંકમાં કહેવું હોય તો – ભારતીય સંસ્કૃતિની વિવિધ વિચારધારાઓ પ્રમાણે જીવન જીવતા વિશ્વના કોઈ પણ મનુષ્યને તે પછી ભારતનો હોય કે ભારત બહારનો હોય તેને 'ભારતીય' કહી શકાય.

ભારતીય સંસ્કૃતિના વિશિષ્ટ ખ્યાલો પ્રમાણે પોતાનાં વાણી–વર્તન અને વ્યવહાર દ્વારા યોગ્ય જીવન જીવનારો દરેક વ્યક્તિ સાચો ભારતીય છે. ભારતમાં જન્મ પામી ભારતને જન્મભૂમિ માનનારો વ્યક્તિ જ માત્ર ભારતીય નથી, પરંતુ વિશ્વના કોઈ પણ ખૂણામાં જન્મી ભારતમાં આવીને ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવન જીવનારો તથા પોતાના સત્કાર્યો દ્વારા ભારતને કર્મભૂમિ બનાવનારો વ્યક્તિ પણ ભારતીય જ છે. આ દષ્ટિકોણથી મધર ટેરેસા, એની બેસન્ટ, ફાધર વાલેસ વગેરે મહાનુભાવો પણ 'ભારતીય' જ ગણાય છે.

આ રીતે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવન જીવનારો વ્યક્તિ પછી તે જન્મે ભારતીય હોય કે ન હોય પણ વાણી–વર્તન–વ્યવહાર અને કર્મથી ભારતીય સાબિત થાય એ વ્યક્તિ સાચા અર્થમાં 'ભારતીય' છે. 'ભારતીયતા'ને આ પ્રકારના 'ભારતીય' સાથે ગાઢ સંબંધ છે. કારણ કે વિશિષ્ટ ભાવમૂર્તિ એવા 'ભારત' અને ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવન જીવનારા 'ભારતીય' વ્યક્તિને પ્રગટ કરનારું ભાવનાત્મક તત્ત્વ એટલે જ 'ભારતીયતા.'

હવે આપણે 'ભારત' અને 'ભારતીય' વિશે બંધાયેલી આ સમજને નજર સમક્ષ રાખીને 'ભારતીયતા'ની ચર્ચા કરીએ.

૨.૩ ભારતીયતા :

ભારતીયતાનો સમ્પ્રત્યય એટલો બધો સંકુલ છે કે એ સમ્પ્રત્યયને આપણે કયાં સુધી વિસ્તારીને કયા અર્થમાં સીમિત કરવો એ મુશ્કેલ છે. આમ તો ભારતીયતાને આપણે એક ભાવનાત્મક ખ્યાલથી ઓળખાવી શકીએ, પરંતુ આ સમ્પ્રત્યય ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, તાત્ત્વિક, રાજકીય, ભૌગોલિક આદિ પરિપ્રેક્ષ્યથી જોવામાં આવે છે. જ્યાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા, ધર્મ, જીવનમૂલ્યો, ઈતિહાસ અને વીર–વંદ્ય પુરૂષો પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કરવામાં આવ્યો હોય અથવા ભારતનાં વિભિન્ન ખંડો, સાગરો, નદીઓ, પર્વત, સૌન્દર્યધામો, તીર્થધામો, ઐતિહાસિક સ્થળોનું મહિમાગાન કરીને ભારતભૂમિની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી હોય અથવા ભારતીય પ્રજાના ઉત્કર્ષની કલ્પના કરવામાં આવી હોય કે ભારતીય સભ્યતા, પરંપરા અને સાંસ્કૃતિક મૂલ્યોને લાગેલા લાંછન પ્રતિ વિરોધ કે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હોય અથવા ભારતીય પ્રજાની અને ભારતભૂમિની અવદશા કે પરતંત્રતાનું વાસ્તવિક ચિત્ર ઉપસાવીને દુઃખ, અફસોસ વ્યક્ત કરવામાં આવ્યા હોય, કહો કે જ્યાં ભારતીય અભિગમ દેખાતો હોય ત્યાં ભારતીયતાનાં અવશ્ય દર્શન થાય છે.[૭]

આમ ભારતીયતાનો સમ્પ્રત્યય પ્રમાણમાં સંકુલ અને વ્યાપક ફલક ધરાવે છે. તેની સીમાઓ બાંધીને તેને સીમિત કરી શકાય એમ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ પ્રમાણેની જીવનદષ્ટિ દ્વારા ભારતીયતાને સ્પષ્ટ કરી શકાય. કારણ કે ભારતીયતા એક પ્રકારનો ભાવનાત્મક ખ્યાલ છે. ભારતીયતાને વિગતે સ્પષ્ટ કરવા માટે ડૉ. નરેશ વેદનું મંતવ્ય નોંધવા જેવું છે.

ભૌતિકતા કરતા અંતરની પવિત્રતાને પ્રગટ કરતી આધ્યાત્મિકતા, આચાર–વિચાર– વિહાર અને વ્યવહારમાં પરંપરાગતતા, જીવન અને કાળને અંશ કે ખંડમાં વિભાજિત કરી જોવાને બદલે જન્મજન્માંતરના અને અખંડ કાળના ખ્યાલોને પુરસ્કારતી નિરંતરતા, અકળતા અને વિરોધોમાં વિશ્વાસ રાખતી

રહસ્યમયતા, મનુષ્યને પાપનું સંતાન નહીં પણ 'અમૃતનું સંતાન' માની, જીવન અને જગતને શોકનું નહીં પણ આનંદોલ્લાસનું અધિષ્ઠાન માની, પ્રત્યેક દિવસને તહેવારમાં ફેરવી લોકોને ઉત્સવરત રાખતી આનંદમયતા 'ભારતીયતા'ના દ્યોતક લક્ષણો છે.[૮]

'ભારતીયતા' સંદર્ભે અપાયેલી ઉપર્યુક્ત વ્યાખ્યા વિશ્વસનીય લાગે છે. કારણ કે 'ભારતીયતા' ભારતીય સંસ્કૃતિનો એક કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ છે. ભારતીય સંસ્કૃતિ ભૌતિકતાને મહત્ત્વ આપતી નથી એટલે જેમાંથી અંતરની પવિત્રતા પ્રગટ થતી હોય એવા આધ્યાત્મિક તત્ત્વોમાં ભારતીયતા રહેલી છે. એ જ રીતે ભારતીય સંસ્કૃતિમાં પરંપરાની પૂજા કરવામાં આવે છે. આથી ભારતીય પ્રજાના આચાર–વિચાર–વિહાર અને વ્યવહારમાં જોવા મળતી પરંપરાગતતા ભારતીયતાની પરિચાયક બની રહે છે. ભારતીય સંસ્કૃતિમાં જીવન અને કાળનું વિભાજન કરવાની માન્યતા નથી, પરંતુ જન્મજન્માંતરના અને અખંડ ખ્યાલોમાં શ્રદ્ધા રાખીને નિરંતરતાનો મહિમા કરવામાં આવે છે. આ પ્રકારની નિરંતરતા તથા અકળતા અને વિરોધોમાં વિશ્વાસ રાખતી રહસ્યમયતા ભારતીયતાની ઓળખ પૂરી પાડે છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિમાં મનુષ્યને પાપનું સંતાન માનવામાં આવતું નથી પણ 'અમૃત્તનું સંતાન' માનીને પુત્રને ભારતીય પરંપરાના વાહક તરીકે ગણવામાં આવે છે. એ બાબત ભારતીયતાનું લક્ષણ છે. તેમજ ભારતીય સંસ્કૃતિમાં જીવન અને જગતને શોકનું નહીં પણ આનંદોલ્લાસનું અધિષ્ઠાન માનીને ભારતીય પ્રજા દરેક દિવસને તહેવારમાં ફેરવીને આનંદથી જીવનની વસંતને માણે છે. આ પ્રકારનાં ઉત્સવપ્રિય વાતાવરણમાંથી પ્રગટતી આનંદમયતા પણ ભારતીયતાની મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતા છે. આમ ભારતીયતાની વિભાવના ઉપર્યુક્ત લક્ષણો દ્વારા હૂબહૂ સ્પષ્ટ થતી જોવા મળે છે. કારણ કે ઉપર્યુક્ત લાક્ષણિકતાઓમાં ભારતીય પ્રજાનો સાંસ્કૃતિક અભિગમ અને ભારતની વિશિષ્ટ ભાવમૂર્તિના આબેહૂબ દર્શન થાય છે.

ડૉ. પ્રવીણ દરજીએ પણ ભારતીયતાના સંદર્ભમાં સૈદ્ધાંતિક કાર્ય કરીને તેની વિભાવનાને સ્પષ્ટ કરવાના સુંદર પ્રયાસો કર્યા છે. આપણે તેમના મંતવ્યો પણ નોંધીએ.

ભારતીયતા કોઈ પરિઘને આધિન નથી. ભારતીય તત્ત્વવિચાર ભૌતિકતાનો વિચાર કરીને અટકયો નથી, બલ્કે તેને ઓળંગીને બીજા અણથક આયામો વડે એણે સૂક્ષ્માતિસૂક્ષ્મ માનવીય ચેતના સુધી પહોંચવા પ્રયત્ન કર્યો છે, માનવીને તે દેવત્વ સુધી વિસ્તારે છે.[૯]

ભારતીયતા એક એવી પદ્ધતિ છે, જેમાં મનુષ્યનું સામૂહિક ઉન્નયન છે, સત્ય માટેની સામૂહિક મથામણ છે. જ્યાં મંગલકામના છે, સર્વનાં કલ્યાણનો ઉદ્દેશ છે. સ્વને ઓગાળી સર્વના ઉદયની ચેષ્ટા છે.[૧૦]

આપણી ઓળખ માટે આપણી ભાષા જ કેવળ પર્યાપ્ત નથી. આપણી રહેણીકરણી, આપણી લાગણીઓ, પ્રણાલિઓ, ઈતિહાસ, ધર્મ, વિધિઓ એ બધાંને પણ, આપણી ઓળખ ઈચ્છતા હોય તે સર્વએ જાણવા રહ્યાં છે. એનો અર્થ થયો કે આપણામાં, આપણી ‘ભારતીયતા’માં આ સઘળું કોઈક ને કોઈક રૂપે યુગોથી ઝમતું રહ્યું છે, જે થકી આપણા પિંડનું અભિજ્ઞાન થાય છે, આપણી ભારતીયતાનું સરનામું મળે છે.[૧૧]

ભારતીયતા ચૈતન્યસભર, નિત્ય વિકસતી, પ્રાણવંત તત્ત્વોને સાથે લઈને ચાલતી તત્ત્વધારા છે, જીવનસંવેદના છે.[૧૨]

આમ ભારતીયતા એક પ્રકારની જીવનભાવના છે. ભારતીય પ્રજાનો જીવન પ્રત્યેનો અભિગમ ભારતીયતાથી અનુપ્રાણિત છે. ભારતીય પ્રજાનાં રીતરિવાજો, રહેણીકરણી, ચિંતન, સંવેદનો, સમસ્યાઓ, સંસ્કારો, ધાર્મિક વૃત્તિ, જીવનમૂલ્યો, આદર્શો વગેરેમાં જોવા મળતી સમાનતા ભારતીયતાને આભારી છે. ભારતીય સંસ્કૃતિની ઉદાર વૃત્તિને લીધે ભારતીયતા નિત્ય વિકસતી રહે છે. ભારત પર વિશ્વની અનેક પ્રજાઓએ આક્રમણ કરીને અંતે વર્ષો સુધી રાજ કર્યું. એ બધી પ્રજાને ભારતીય સંસ્કૃતિએ ઉદારતાથી આવકાર્યા અને એ રીતે ભારતીય સંસ્કૃતિ

વૈવિધ્યસભર તથા પરિવર્તનશીલ બની. આમ ભારતીયતા પણ ભારતીય સંસ્કૃતિનો કેન્દ્રસ્થ એવો ભાવનાત્મક ખ્યાલ હોવાથી તેમાં સમયાંતરે ઉપકારક પરિવર્તનો આવતા રહે છે. પરિણામે જ ભારતીયતા ભારતીય પ્રજાનાં માનસમાં જીવંત બનીને ભાવનાત્મક પ્રવાહે વહેતી રહી છે. આ દષ્ટિએ વિચારીએ તો, ભારતીયતા ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલો એક ભાવનાત્મક દષ્ટિકોણ છે. ભારતીયતાને વિશિષ્ટ પ્રકારના સાંસ્કૃતિક અભિગમ તરીકે અનેક વિદ્વાનોએ સહર્ષ સ્વીકારી છે.

भारत जैसे नाना जातियों, नाना भाषाओं वाले विशाल देश में भारतीयता का स्वरूप एक दिन में नहीं बना और न इसे किसी राजा के आदेश या संविधान के निर्देश से बनाया गया । आदिम युग से इस भावना का प्रसार होता गया और धीरे–धीरे भारतीयता की भावना विकसित हुयी । यह जनभावना का, सांस्कृतिक विकास का परिणाम है । राज्यों के संघर्ष चलते रहे और उनकी सीमाएँ घटती–बढती रहीं किन्तु भारतीयता उससे मुक्त रही क्योंकि राजनीतिक सम्बन्धों के बनने बिगडने से सांस्कृतिक सम्बन्ध नहीं मिटते ।[१३]

भारतीयता आरोपित देश–प्रेम का कोई नुस्खा नहीं है । वह हमारी गम्भीर सांस्कृतिक दृष्टि की सुनिश्चित जीवनोन्मुखी अवधारणा है ।[१४]

साहित्य और संस्कृति से जुडे बहुविध सवालों को भारत के व्यापक परिप्रेक्ष्य में देखें तो भारतीयता एक सशक्त मूल्य बन जाती है । भारतीयता के इस मूल्य को न साहित्य से अलग किया जा सकता है और न संस्कृति से । असंख्य भारतीय रचनाओं में असंख्य लघुसंस्कृतियाँ केन्द्र में आती हैं । उन्ही की समग्रता को भारतीयता के रूप में अभिहित किया जा सकता है । सही भारतीयता सही भारतीय संस्कृति और भारतीय यथार्थ को व्यंजित करती है ।[१५]

આમ ભારતીયતા ભારતીય સંસ્કૃતિની એક વિશિષ્ટ ભાવધારા છે. ભારતીય સંસ્કૃતિથી દૂર જઈને ભારતીયતાનો વિચાર કરી શકાય એમ નથી.

ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા એક સિક્કાની બે બાજુ છે અને એટલે જ ડૉ. પ્રવીણ દરજી કહે છે :

ભારતીયતા એક સંસ્કાર, એક સંસ્કૃતિ છે, એક સમજ છે, જીવનપદ્ધતિ છે, ઉદાર અને ઉદાત્ત થવા ભણીનો સંચાર છે.[૧૬]

આમ ભારતીયતા ભારતીય સંસ્કૃતિ સાથે અવિનાભાવી સંબંધથી જોડાયેલો એક સાંસ્કૃતિક અભિગમ છે.

ભારતીયતાની વિભાવના સંદર્ભે ઉપર્યુક્ત વિદ્વાઓએ તેમના મંતવ્યો આપ્યા છે એ પરથી એટલું તારણ તો ચોક્કસ કાઢી શકાય કે ભારતીયતા વ્યાપક અર્થસંદર્ભો ધરાવતો એક સંકુલ સમ્પ્રત્યય છે. તેમજ ભારતીયતા ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં રહેલો અને ભારતીય પ્રજાની મૂળભૂત ભાવનાઓ સાથે જોડાયેલો એક ભાવનાત્મક ખ્યાલ છે. ભારતીયતાને સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક, ઐતિહાસિક, ધાર્મિક, રાજકીય, તાત્ત્વિક, સાહિત્યિક, ભૌગોલિક વગેરે દષ્ટિકોણથી તપાસી શકાય એમ છે. ભારતીયતાનો કોઈ નિશ્ચિત અર્થ સુધી વિસ્તાર કરવો કે એના સંમ્પ્રત્યયને સીમિત કરવો મુશ્કેલભર્યું કાર્ય છે, પરંતુ ભારતીયતાની વિભાવનાને ભારતીય ધર્મભાવના, ભારતીય સમાજજીવન, ભારતીય ચિંતન, ભારતીય કુટુંબભાવના, ભારતીય પરંપરા, ભારતીય સંવેદનો, ભારતીય સમસ્યાઓ, ભારતીય જીવનદષ્ટિ(જીવનભાવના), ભારતીય મૂલ્યો, ભારતીય આદર્શો, ભારતીય પ્રતીકો, ભારતીય સંસ્કારો, ભારતીય પ્રેમભાવના, ભારતીય શિક્ષણ, ભારતીય સૌંદર્યબોધ, ભારતીય ઈતિહાસ, ભારતીય કલાપ્રેમ, વિશિષ્ટ ભારતીય ખ્યાલો વગેરે લાક્ષણિકતાઓ દ્વારા વિગતે અનાવૃત કરી શકાય.

ભારતીયતાની વિવિધ લાક્ષણિકતાઓ તારવતા પૂર્વે ભારતીયતાને વિસ્તૃત રીતે અને ઊંડાણપૂર્વક સમજવા માટે તેને વિભિન્ન પરિપ્રેક્ષ્યથી તપાસવી પડે. ભારતીયતા ભારતીય સંસ્કૃતિનો એક કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ હોવાથી સૌપ્રથમ આપણે ભારતીયતાને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યથી તપાસવાનો પ્રયત્ન કરીએ.





ભારતીયતા : ભારતીય સંસ્કૃતિનો એક કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ

ભારતીયતાની ભારતીય સંસ્કૃતિના એક કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ તરીકે ચર્ચા–વિચારણા કરવી હોય તો સંસ્કૃતિ, તેનું સ્વરૂપ, સાહિત્ય અને સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિ, ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ વગેરે મુદ્દાઓને યોગ્ય રીતે તપાસવા પડે.

૩.૧ સંસ્કૃતિ અને તેનું સ્વરૂપ :

'સંસ્કૃતિ' શબ્દ 'सम्'+'कृ' ધાતુ પરથી આવેલો છે. सम्यग् कृतिः એટલે સંસ્કૃતિ અથવા सम्यक् क्रियते – જે ઉચિત રીતે આચરણમાં મૂકવામાં આવે છે તે સંસ્કૃતિ. માણસ એવી બાબતોને જ આચરણમાં મૂકે છે જેના દ્વારા તેનું જીવન સુંદર

બને. આથી એમ કહી શકાય કે સંસ્કૃતિ આચરણ કરવા યોગ્ય મહાન આદર્શો અને નૈતિક જીવનમૂલ્યોનો વિરાટ એવો ભાવસમૂહ છે. માનવજીવનના આ મહાન આદર્શો કે નૈતિક જીવનમૂલ્યો એટલે વિશિષ્ટ પ્રકારનો સર્વોત્તમ ગુણ કે સંસ્કાર, સંસ્કૃતિ શબ્દની અંદર પણ 'સંસ્કાર' શબ્દ સમાયેલો છે. 'સંસ્કાર' એટલે મનુષ્યને ઉન્નત બનાવે, તેનું ઊર્ધ્વીકરણ કરે તેવો વિશિષ્ટ પ્રકારનો ગુણ. આ પ્રકારના ઉત્તમ ગુણો કે સંસ્કારોનાં સુભગ સમન્વયથી સંસ્કૃતિનું નિર્માણ થાય છે. એટલે જ શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીજી કહે છે :

કોઈ પણ પ્રજાની સંસ્કૃતિ જેટલી ઉન્નત અને ચિરંજીવ તેટલું તે પ્રજાનું જીવન ચિરંજીવ. પણ પ્રજાકીય સંસ્કૃતિના આ સમગ્ર વિકાસમાં પ્રાણભૂત તત્ત્વ તો વ્યક્તિગત સંસ્કારો છે એ સ્મરણમાં રાખવાનું છે.[૧૭]

અહીં શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીજીએ 'સંસ્કાર' શબ્દ બહુધા વ્યક્તિના સંદર્ભમાં અને 'સંસ્કૃતિ' શબ્દ પ્રજા કે જનસમૂહના સંદર્ભમાં પ્રયોજ્યો છે. આમ કોઈ પણ પ્રજાની સંસ્કૃતિના કેન્દ્રમાં જે–તે પ્રજાના સંસ્કારો જ હોય છે. આ બધી ચર્ચા પરથી એમ કહી શકાય કે, માનવજીવનનાં સર્વોત્તમ સંસ્કારોનો વિપુલ સંચય એટલે જ સંસ્કૃતિ.

'સંસ્કૃતિ' માં રહેલો 'સમ્'નો અર્થ થાય છે 'સારી રીતે' અને 'કૃતિ' એટલે 'કરવું' આમ 'સંસ્કૃતિ શબ્દનો સામાન્ય અર્થ થાય છે સંસ્કરણ, પરિમાર્જન કે પરિષ્કરણ. આ રીતે 'સંસ્કૃતિ' શબ્દ સુસંસ્કૃત, પરિમાર્જિત અને પરિષ્કૃત એવી ભાવસ્થિતિનો બોધ કરાવે છે. મનુષ્ય સંસ્કારો દ્વારા સુસંસ્કૃત બને છે અને સુસંસ્કૃત મનુષ્યો સુસંસ્કૃત સમાજનું ઘડતર કરીને અંતે સંસ્કૃતિનું નિર્માણ કરે છે. આમ સંસ્કૃતિના પાયામાં માનવ અને માનવસમાજ જેવી બે મહત્ત્વપૂર્ણ આધારશિલાઓ રહેલી છે. સંસ્કૃતિ વિના માનવજીવનની કલ્પના પણ કરી શકાય એમ નથી, એટલે જ જયન્ત પંડયા કહે છે :

માણસે શરીરથી માંડી સમષ્ટિ સુધી સંસ્કરણનું કામ હોંશે હોંશે કર્યું. જન્મ, નામકરણ, અન્નપ્રાશન, ઉપનયન, લગ્ન, સીમંત અને મરણ જેવા સોળ વ્યક્તિગત સંસ્કારો ઉપરાંત સંગીત, કલા, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય જેવા સામાજિક–સામૂહિક

સંસ્કરણો, તહેવારો અને ઉત્સવો જેવા પ્રાસંગિક સંસ્કારો ખીલવ્યાં અને સંવર્ધ્યાં તથા પુરાણકલ્પનો(Myths), લોકકથાઓ અને દંતકથાઓનાં પણ લાલનપાલન કર્યાં. આ બધા પ્રવાહો જે મહાધારામાં જઈને સમાયા તેને આપણે સંસ્કૃતિને નામે ઓળખીએ છીએ.[૧૮]

આમ સંસ્કૃતિ મનુષ્યના જન્મથી લઈને મૃત્યુ સુધી તેની સાથે ગાઢ રીતે સંકળાયેલી રહે છે. આથી કોઈ પણ મનુષ્ય સ્વકીય સંસ્કૃતિનાં વિવિધ પરિપ્રેક્ષ્યોથી પોતાની જાત, જીવન તથા સમગ્ર જગતને જાણવાના–માણવાના અને પ્રમાણવાના પ્રયત્નો કરે છે. આ સઘળા પ્રયત્નોમાંથી મનુષ્યને પોતાના જીવનને ઉદાત્ત બનાવનારા કેટલાક ગુણો મળી આવે છે. આ ગુણો જીવનચિંતનની સરાણે ચડીને અંતે 'સંસ્કાર'નું સ્વરૂપ ધારણ કરે છે અને આવા વિવિધ સંસ્કારોના સંચયથી સંસ્કૃતિનું ઘડતર થતું હોય છે. માનવજીવનના વ્યાપક અનુભવો દ્વારા સંસ્કારોનું બાહુલ્ય વધતું રહે છે અને એ રીતે સંસ્કૃતિની સીમાઓ પણ ઉત્તરોત્તર વધતી રહે છે. આથી સંસ્કૃતિનું સ્વરૂપ દિનપ્રતિદિન વિકસતું રહે છે. પરિણામે સંસ્કૃતિનું સ્વરૂપ વ્યાપક ફલક પર વિસ્તરીને વધુ સંકુલ બની જાય છે.

કોઈ પણ સંસ્કૃતિનું સ્વરૂપ જે તે દેશની ધાર્મિક માન્યતાઓ, રીતરિવાજો, સમાજજીવન, રહેણીકરણી, પરંપરાઓ, જીવનમૂલ્યો, વિશિષ્ટ સંસ્કારો, શિક્ષણ વ્યવસ્થા, ચિંતનધારાઓ, ઉત્સવો, ઐતિહાસિક પરિબળો વગેરે બાબતોથી ઘડાતું હોય છે. કોઈ પણ સંસ્કૃતિની સ્વાયત અને સ્વતંત્ર એવી લાક્ષણિકતાઓ અન્ય સંસ્કૃતિથી તેને અલગ પાડે છે. એક સંસ્કૃતિથી બીજી સંસ્કૃતિને અલગ પાડનારી આ પોતીકી લાક્ષણિકતાઓ જ જે તે સંસ્કૃતિના સ્વરૂપનો હૂબહૂ પરિચય કરાવે છે. આથી જ ગુલાબદાસ બ્રોકર કહે છે :

દરેક સંસ્કૃતિને પોતપોતાની ભાવમૂર્તિ(Image) હોય છે. પોતાની ભાવનાની એ મૂર્તિને એ સંસ્કૃતિ પોતાનાં પરિઘમાં વસી રહેલા લોકોના જીવનના ફલક ઉપર ઉપસાવે છે, અને એ રીતે, પોતા જોડે અત્યંત ગાઢ સંબંધ ધરાવતા મનુષ્યોનાં જીવનના એક અંગરૂપ તો તે બની જાય છે જ, પણ એ ઉપરાંતેય, એ દ્વારા તે બહારની દુનિયાને પણ પરિચિત બની જાય છે. ખરું કહીએ તો પોતાની વિશિષ્ટ

ભાવમૂર્તિ ઉપસાવવાની અને બહિર્જગત પર તેનો પ્રક્ષેપ કરવાની આ પ્રક્રિયા દ્વારા જ તે સંસ્કૃતિની બીજી સંસ્કૃતિઓ સાથેની ભિન્નતા પારખી શકાય છે.[૧૯]

આમ દરેક સંસ્કૃતિને સાવ પોતીકું કહી શકાય એવું સ્વરૂપ હોય છે. ભારતીય સંસ્કૃતિની જ વાત કરીએ તો – આધ્યાત્મિકતા, માનવતા, ધર્મભાવના, કુટુંબભાવના, જીવનમૂલ્યો, નીતિબોધ, પ્રેમભાવના, સૌંદર્યબોધ, કલાપ્રેમ, ઉત્સવપ્રીતિ વગેરે લાક્ષણિકતાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિના સ્વરૂપને સ્પષ્ટ કરી શકાય.

કોઈ પણ સંસ્કૃતિની સ્વરૂપગત લાક્ષણિકતાઓ તેના સાહિત્યમાં જાણ્યે–અજાણ્યે પણ આલેખન પામતી જ હોય છે. આથી કોઈ પણ દેશના સાહિત્યમાં તેની સંસ્કૃતિનું આબેહૂબ પ્રતિબિંબ પડતું જ હોય છે. આથી સાહિત્ય અને સંસ્કૃતિ વચ્ચે એક પ્રકારનો અવિનાભાવી સંબંધ આપમેળે જ પ્રસ્થાપિત થઈ જાય છે.

૩.૨ સાહિત્ય અને સંસ્કૃતિ :

સાહિત્ય અને સંસ્કૃતિ બન્નેનું અંતિમ લક્ષ્ય છે માનવકલ્યાણ. સંસ્કૃતિ મનુષ્યને નૈતિક દૃષ્ટિએ મહાન બનાવે છે તો સાહિત્ય મનુષ્યની સામે નવા આદર્શો ઊભા કરીને તેને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડે છે. સાહિત્ય અને સંસ્કૃતિ મનુષ્યની બે મજબૂત ભુજાઓ છે. સંસ્કૃતિ માનવજીવનનો વ્યાપક ધર્મ છે તો વ્યક્તિ અને સમાજનો સાંસ્કૃતિક સંબંધ સાહિત્યની સાથે જોડાયેલો રહે છે. સંસ્કૃતિ સાહિત્ય દ્વારા દિનપ્રતિદિન વિકસતી અને વિસ્તરતી રહે છે તો વળી સાહિત્યકાર સંસ્કૃતિની ભાવધારાઓને સાથે રાખીને સર્વોત્તમ સર્જન કરી શકે છે.

સંસ્કૃતિના માધ્યમથી સાહિત્યકારની વિચારગંગા પવિત્ર બને છે તો બીજી તરફ સાહિત્યકારની ચેતનાને સાંસ્કૃતિક ભાવધારા પ્રભાવિત કરતી રહે છે અને એમાંથી નવા સાંસ્કૃતિક મૂલ્યો પણ અવતરતા રહે છે. આમ સાહિત્ય અને સંસ્કૃતિ માનવજીવનને ઊર્ધ્વ બનાવનારાં બે મહત્ત્વપૂર્ણ પરિબળો છે. આ તારણ પરથી સંસ્કૃતિ અને માનવજીવન વચ્ચે એક સૂક્ષ્મ અને છતાં પણ મજબૂત એવો સંબંધ

સ્થાપિત થાય છે. માનવજીવન સંસ્કારોથી સુંદર બને છે અને માનવજીવનનું આ સૌંદર્ય અંતે સાહિત્યમાં પ્રગટતું હોય છે. આથી જે તે દેશનાં સાહિત્યમાં તે દેશના મૂળભૂત સંસ્કારો આલેખાતા રહે છે અને એ રીતે સાહિત્યમાં સંસ્કૃતિનું આબેહૂબ પ્રતિબિંબ પડતું હોય છે. આથી જ ડૉ. અરૂણ કુલકર્ણી કહે છે :

प्रत्येक साहित्यकार अपनी कृतियों में युगांकन के साथ साथ अपने देश की संस्कृति, सभ्यता एवं इतिहास का मूर्त–स्वरूप प्रस्तुत करता है । साहित्यकार के माध्यम से हम देश के इतिहास, संस्कृति, सभ्यता, आचार–विचार, रहन–सहन परंपरा से परिचित होते हैं ।[२०]

આમ કોઈ પણ સાહિત્યકાર તેની સંસ્કૃતિથી અલિપ્ત રહી શકતો નથી. જો કોઈ સંસ્કૃતિનો પરિચય કરવો હોય તો તે દેશના સાહિત્યમાંથી પસાર થવું પડે. કારણ કે સંસ્કૃતિનું સુંદર પ્રતિબિંબ જે તે દેશનાં સાહિત્યમાંથી આબેહૂબ ઉપસતું હોય છે. આ રીતે વિચારીએ તો યુરોપિયન સાહિત્યમાં યુરોપની વિવિધ સંસ્કૃતિઓ, ગ્રીકના સાહિત્યમાં ગ્રીક સંસ્કૃતિ, જર્મન સાહિત્યમાં જર્મન સંસ્કૃતિ, ફ્રેન્ચના સાહિત્યમાં ફ્રેન્ચ સંસ્કૃતિ, રશિયન સાહિત્યમાં રશિયન સંસ્કૃતિના દર્શન થાય એ જ રીતે ભારતીય સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિના દર્શન પણ અવશ્ય થાય.

૩.૩ ભારતીય સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિ :

જે સાહિત્યમાં ભારતીય જીવનભાવના, ભારતીય પરંપરા, ભારતીય ધર્મભાવના, ભારતીય સમાજજીવન, ભારતીય તત્ત્વજ્ઞાન, ભારતીય કુટુંબભાવના, ભારતીય સંવેદનો, ભારતીય સમસ્યાઓ, ભારતીય જીવનમૂલ્યો, ભારતીય આદર્શો, ભારતીય સૌંદર્યબોધ, ભારતીય નીતિબોધ, ભારતીય સંસ્કારો, વિશિષ્ટ ભારતીય ખ્યાલો વગેરેનું નિરૂપણ થયું હોય તેને ભારતીય સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય પ્રજાની જીવનભાવના, ધર્મભાવના, પરંપરા, સમાજજીવન, તત્ત્વજ્ઞાન, કુટુંબભાવના, સંવેદનો, સમસ્યાઓ, જીવનમૂલ્યો, આદર્શો, સૌંદર્યબોધ, વિશિષ્ટ ખ્યાલો, નીતિબોધ, સંસ્કારો વગેરેને ભેગા કરીએ તો ભારતીય સંસ્કૃતિનું

એક મહાકાય ચિત્ર જોવા મળે. આમ ભારતીય સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિનું નિરૂપણ હોય જ છે. એટલે જ રમણલાલ વ. દેસાઈ કહે છે :

ભારતીય સંસ્કૃતિને સર્વાંગે ઓળખવી હોય તો ભારતીય સાહિત્યનો સ્પર્શ કર્યા સિવાય ચાલે તેમ નથી. ભારતીય સંસ્કૃતિએ જેમ કલા, ફિલસૂફી અને વિજ્ઞાનના શિખરો સર કર્યાં છે તેમ તેણે સાહિત્યના પણ અનેકાનેક શિખરો સર કર્યાં છે. ભારતીય સાહિત્ય એટલે વિશ્વસાહિત્યમાં માનભર્યું સ્થાન પામે એવું સાહિત્ય.[૨૧]

આમ ભારતીય સંસ્કૃતિનું નયનરમ્ય નિરૂપણ ભારતીય સાહિત્યમાં જોવા મળે છે. ભારતીય સાહિત્ય વિવિધ ભારતીય ભાષાઓમાં લખાતું હોવા છતાં એમાં સૂક્ષ્મ સ્તરે એવી કોઈ એકસૂત્રતા છે, જે ભારતીય સાહિત્યને એક તાંતણે બાંધી રાખે છે. ભારતીય સાહિત્યમાં સમાન રૂપે જોવા મળતું આ ભાવનાત્મક તત્ત્વ એટલે જ ભારતીયતા. ભારતીય સાહિત્યમાં ગહન સ્તરે એવી કોઈ સાંસ્કૃતિક એકતા અને સમાનતા જોવા મળે છે જેને ભારતીયતા તરીકે ઓળખાવી શકાય.

એકાધિક પ્રાન્તસંપન્ન ભારત એકાધિક ભાષાસંપન્ન દેશ પણ છે. પ્રાન્ત–પ્રાન્તની પ્રજાને આગવી ભાષા છે, તો આગવી ઓળખ પણ છે. તેમના તહેવારોમાં, રહેણીકરણીમાં પણ ભેદ છે, સ્વભાવવિશેષ પણ જોવાય. છતાં એક એવું સમાન તત્ત્વ છે કે પેલા પ્રાન્ત અને ભાષાના એકાધિકપણાને ચોક્કસ બિન્દુએ ઓગાળી નાખે છે અને એ છે ભારતીયતાનું તત્ત્વ.[૨૨]

આમ, ભારતીય સાહિત્યમાં જોવા મળતી ભાવનાત્મક એકતા એટલે જ ભારતીયતા. ભારતીય સાહિત્યમાં જોવા મળતી ભારતીયતાનું પ્રમુખ કારણ ભારતીય સંસ્કૃતિ છે. આ દષ્ટિએ વિચારીએ તો ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ વચ્ચે આપોઆપ અતૂટ સંબંધ સ્થપાઈ જાય છે.

૩.૪ ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ :

ભારતીય સાહિત્યનું સ્વરૂપ ભારતીય સંસ્કૃતિને કારણે સુબદ્ધ બન્યુ છે. ભારતીય સાહિત્યમાંથી ભારતીય સંસ્કૃતિના જીવંત ચિત્રો પ્રાપ્ત થાય છે. 'ભારતીય

સાહિત્ય' એવું નામકરણ થવા પાછળનું મુખ્ય કારણ પણ ભારતીય સંસ્કૃતિ છે. એટલે જ ડૉ. લક્ષ્મીકાન્ત પાન્ડેય કહે છે :

भारतीय साहित्य हम उसे कह सकते हैं, जिसमें अखण्ड भारत और उसकी संस्कृति का वास हो ।[२३]

આમ ભારતીય સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિ વિવિધ સ્વરૂપે પ્રગટતી રહે છે. ભારતીય સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિનું વૈવિધ્ય ભારતીયતાના સ્વરૂપે પ્રગટતું હોય છે. આથી કહી શકાય કે ભારતીય સાહિત્યમાંથી પ્રગટતી ભારતીયતા ભારતીય સંસ્કૃતિને આભારી છે, તેમજ ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ વચ્ચે અતૂટ એવો ભાવસંબંધ છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા વચ્ચેના આ ભાવસંબંધ સંદર્ભે ડૉ. લક્ષ્મીકાન્ત પાન્ડેય કહે છે :

जैसे समास में पदों की पृथकता के बने रहने पर भी एक नया पद बन जाता है, उसी प्रकार भारतीय संस्कृति भी सामासिक है, जहाँ रहन–सहन, आचार–विचार, रीति–रिवाज, राजनीतिक– आर्थिक आधार में विभिन्नता होते हुए भी भारतीय होने का गौरव बोध होता है । अपनी जातीय चेतना के प्रति यह गौरव बोध ही वह सामासिक सूत्र है, जिसने भारत और भारतीयता को संजीवनी दी है ।[२४]

આમ ભારતીયતા મૂળભૂત રીતે તો ભારતીય સંસ્કૃતિનું જ પરિણામ છે. ભારતીયતાના પ્રાગટ્યનું કારણ માત્ર ને માત્ર ભારતીય સંસ્કૃતિ જ છે. આથી ભારતીયતા ભારતીય સંસ્કૃતિનો એક ભાવનાત્મક દષ્ટિકોણ બની જાય છે. ડૉ. એ. અરવિન્દાક્ષન ભારતીયતાને એક પ્રકારના સાંસ્કૃતિક દષ્ટિકોણ તરીકે ગણાવતા કહે છે :

भारतीयता सांस्कृतिक दृष्टि है । यह वह संस्कृति है जो हमारी मिट्टी की बनी हुई हैं ।[२५]

આમ ભારતીયતા એક પ્રકારનો સાંસ્કૃતિક દષ્ટિકોણ છે. ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ ભાવનાત્મક પ્રકારનો હોવાથી એમ કહી શકાય કે, ભારતીયતા ભારતીય સંસ્કૃતિનો એક કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ છે.


ભારતીય સંસ્કૃતિની વિવિધ ધારાઓ ભારતીયતા સ્વરૂપે ભારતીય કૃતિઓમાં અવારનવાર અવતરતી રહે છે. જેમ કે, ગુજરાતી સાહિત્યની સર્વશ્રેષ્ઠ નવલકથા અને ગોવર્ધનરામ ત્રિપાઠીની સદાબહાર કૃતિ 'સરસ્વતીચંદ્ર'માં ભારતીય સંસ્કૃતિની અનેક ધારાઓનું સુંદર નિરૂપણ થયું છે. 'સરસ્વતીચંદ્ર'માં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનારી અનેક બાબતોનું હૃદયંગમ આલેખન જોવા મળે છે. આ બધી સાંસ્કૃતિક બાબતોને અલગ એક જગ્યાએ ભેગી કરવામાં આવે તો 'ભારતીયતા'નું એક સરસ શબ્દચિત્ર આપોઆપ ઊપસી આવે અને આ શબ્દચિત્ર જોઈને કોઈ વિવેચક એમ પણ કહે કે – 'સરસ્વતીચંદ્ર'માં લેખકે ભારતીય સંસ્કૃતિને ભારતીયતાના દષ્ટિકોણથી કલાત્મક અને હૂબહૂ આલેખી છે. 'સરસ્વતીચંદ્ર'માંથી પ્રગટતી ભારતીયતા અને ભારતીયતાને એક સાંસ્કૃતિક દષ્ટિકોણ તરીકે દર્શાવતા ડૉ. દીપક પટેલ કહે છે :

'સરસ્વતીચંદ્ર' મહાનવલ માત્ર બે સંસ્કૃતિના તત્ત્વોનું સમન્વીકરણ કરતી નથી, પરન્તુ વિશેષ તો એ ભારતીય જીવનની કથા ભારતીય માનવોની વિભિન્નતાને પ્રગટાવીને ભારતીય જીવન આદર્શોનો વિસ્તૃત ખ્યાલ આપે છે. તેથી તે ભારતીયતાથી સભર છે. સર્જકે અહીં ભારતીય જીવનમૂલ્યોને ઉજાગર કરી, ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તરફ લોકોને(વાચકોને) અભિમુખ કર્યા છે. ભારતીયતાના દષ્ટિકોણથી રચાયેલી આ મહાનવલ ભારતીય જીવન પદ્ધતિ અને ભારતીય જીવન આદર્શોનું યથાર્થ દર્શન કરાવે છે.[૨૬]

આ રીતે જોઈએ તો પણ ભારતીયતા ભારતીય સંસ્કૃતિનો એક અનુપમ દષ્ટિકોણ બની રહે છે.

આ બધી ચર્ચાઓને અંતે એવું તારણ કાઢી શકાય કે ભારતીયતા ભારતીય સંસ્કૃતિનો એક કેન્દ્રસ્થ એવો ભાવનાત્મક ખ્યાલ છે, જેના લીધે ભારતીય કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ અવનવા સ્વરૂપે આલેખાતી રહે છે.





ભારતીયતા : વિભિન્ન પરિપ્રેક્ષ્યમાં

ભારતીયતાની વિભાવના વ્યાપક ફલક ધરાવતી હોવાથી તેને વિભિન્ન પરિપ્રેક્ષ્યમાં તપાસી શકાય એમ છે. આ પૂર્વે આપણે ભારતીયતાને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં તપાસી છે, પરંતુ ભારતીયતાની વિભાવનાને વધુ સ્પષ્ટ કરવા માટે આપણે ભારતીયતાને સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક એમ ત્રિવિધ પરિપ્રેક્ષ્યમાં તપાસીએ.

૪.૧ સામાજિક પરિપ્રેક્ષ્યમાં ભારતીયતા :

ભારતીયતા ભારતીય સંસ્કૃતિનો કેન્દ્રસ્થ એવો ભાવનાત્મક ખ્યાલ છે અને સંસ્કૃતિ હંમેશા કોઈ ને કોઈ માનવસમાજ ઉપર જ અવલંબિત હોય છે. આ દષ્ટિએ જોઈએ તો ભારતીય સંસ્કૃતિની આધારશિલા ભારતીય સમાજ છે. પરિણામે ભારતીયતાને ભારતીય સમાજ સાથે ગાઢ સંબંધ હોય એ બાબત સ્વાભાવિક છે.

ભારતીયતાને જેટલો સંબંધ ભારતીય સંસ્કૃતિ સાથે છે એટલો જ સંબંધ ભારતીય સમાજ સાથે છે.[૨૭]

આથી ભારતીયતાને સામાજિક પરિપ્રેક્ષ્યમાં ભારતીય સમાજના સંદર્ભે તપાસી શકાય એમ છે. ભારતીય સમાજ વૈવિધ્યપૂર્ણ હોવા છતાં તેમાં એક પ્રકારની સૂક્ષ્મ ભાવનાત્મક એકતા જોવા મળે છે. તેનું કારણ ભારતીયતા છે. ભારતીય સમાજમાંથી ભારતીયતાનાં પ્રગટીકરણ સંદર્ભે ઘણા વિદ્વાનોએ ચર્ચા કરી છે. ડૉ. લક્ષ્મીકાન્ત પાન્ડેય ભારતીય સમાજ અને ભારતીયતાના સંબંધ વિશે કહે છે :

भारतीय समाज यातायात के साधनों के अभाव, आर्थिक विभेद, सामाजिक विभेद, उत्तर–दक्षिण की भाषाओं के पार्थक्य और एक दूसरे की भाषा न समझने की विवशता के बावजूद भारतीयता या भारतीय संस्कृति की दृष्टि से एक था । योरोप में जहाँ छोटे छोटे देश कभी एक राष्ट्रीयता का विकास नहीं कर पाये वहीं भारतीय साहित्य में यह भावना मिलती है । यद्यपि तब का भारत आज के भारत से भी वृहत्तर था । उस समय अफगानीस्तान तक भारत में परिगणित होता था । इसके बावजूद भारतीयता की भावना विद्यमान थी ।[२८]

આમ ભૂતકાળથી લઈને આજ સુધી ભારતીય સમાજમાંથી ભારતીયતા અવનવા સ્વરૂપે પ્રગટતી રહી છે. ભારતના વિભિન્ન પ્રદેશોમાં વસવાટ કરનારા લોકોના સામાજિક જીવનમાં જોવા મળતી એક પ્રકારની ભાવનાત્મક એકતાનું કારણ ભારતીયતા છે.

ભારતીયતાને સામાજિક પરિપ્રેક્ષ્યમાં તપાસવા માટે ભારતીય સમાજવ્યવસ્થાને સમજવી પડે. ભારતીય સમાજની ભવ્ય ઈમારત કુટુંબવ્યવસ્થા, લગ્નવ્યવસ્થા અને જ્ઞાતિવ્યવસ્થાના ત્રિવિધ પાયા ઉપર ચણાયેલી છે. તેમજ ભારતીય સમાજમાં જોવા મળતી આશ્રમવ્યવસ્થા પણ ભારતીયતાની પરિચાયક છે. આ ઉપરાંત ભારતીય સમાજમાં નારીનું ગૌરવશાળી સ્થાન અને ઉત્સવોની પ્રધાનતા જેવી બાબતો પણ ભારતીય સમાજમાંથી ભારતીયતાના પ્રાગટ્યને પ્રસ્તુત કરે છે. આ રીતે સામાજિક પરિપ્રેક્ષ્યમાં ભારતીયતાની ચર્ચા કરવા માટે – ભારતીય સમાજમાં જોવા મળતી કુટુંબવ્યવસ્થા, લગ્નવ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થા,

આશ્રમવ્યવસ્થા, નારીનું ગૌરવશાળી સ્થાન, ઉત્સવોની પ્રધાનતા વગેરે બાબતોને તપાસવી અનિવાર્ય છે.

૪.૧.૧ ભારતીય સમાજમાં કુટુંબવ્યવસ્થા :

આપણે ત્યાં વેદકાળથી સામાજિક જીવનનો મૂળ આધાર કુટુંબ ગણાય છે. ભારતીય સમાજની કુટુંબવ્યવસ્થા આગવી અને અનોખી છે. ભારતીય સંસ્કૃતિમાં સમન્વયની ભાવના મહત્ત્વપૂર્ણ હોવાથી ભારતીય સમાજ સંયુક્ત કુટુંબની પ્રથા ઉપર ભાર મૂકે છે. પશ્ચિમના દેશોમાં વિભક્ત કુટુંબની પ્રથાનું ચલણ છે ત્યારે ભારતીય સમાજમાં સંયુક્ત કુટુંબની પ્રથા જોવા મળે છે. આ સંયુક્ત કુટુંબની પ્રથા ભારતીય સમાજ વ્યવસ્થાની એક આદર્શ વ્યવસ્થા છે. જે ભારતીયતાનો પરિચય પૂરો પાડે છે.

ભારતીય સમાજમાં કુટુંબભાવના(પરિવાર ભાવના) કાબિલેદાદ છે. એટલે જ ભારતીય સમાજનાં કુટુંબને 'ભારતીય કુટુંબ' એવા વિશેષ નામકરણથી પણ ઓળખવામાં આવે છે. ભારતીય સમાજની કુટુંબભાવના ત્યાગપ્રધાન છે. ભારતીય કુટુંબના પાયામાં જ સદ્ભાવના રહેલી છે. ભારતીય કુટુંબમાં જોવા મળતી પરિવારભાવના અન્ય કોઈ જગ્યાએ જોવા મળતી નથી. ભારતીય કુટુંબની સમગ્ર વ્યવસ્થા પૈસાના આધારે નહીં પણ નિઃસ્વાર્થ પ્રેમને આધારે થયેલી છે. ભારતીય કુટુંબમાં એક વડીલ વ્યક્તિ દ્વારા ઘરનું સંચાલન કરવામાં આવે છે. કુટુંબના દરેક સભ્યો પર તેમનું ખૂબ જ પ્રભુત્વ હોય છે અને કુટુંબના દરેક સભ્યો તેમની આજ્ઞા પાળે છે. કારણ કે સંયુક્ત પરિવારના સભ્યો હળીમળીને રહે છે. ભારતીય કુટુંબમાં દરેક સભ્યને એકસરખું જ માન મળે છે. ભારતીય કુટુંબના બધા સભ્યો એકબીજાના હરીફ નહીં પરંતુ પૂરક બનીને રહે છે. ભારતીય કુટુંબના સભ્યોમાં કયારેક મતભેદ હોય શકે પરંતુ મનભેદ હોતો નથી. ભારતીય કુટુંબના સભ્યોમાં પરસ્પર સહાનુભૂતિની ભાવના વિશેષ જોવા મળે છે. ભારતીય કુટુંબના સભ્યો જીવનની સંઘર્ષસભર પરિસ્થિતિમાં પણ એકબીજાને આશ્વાસન, હૂંફ, પ્રેરણા, પ્રેમ અને પ્રોત્સાહન આપતા રહે છે. કારણ કે ભારતીય કુટુંબના સભ્યો એકબીજાની સાથે

પવિત્ર સ્નેહભાવથી જોડાયેલા હોય છે. એટલે જ ડૉ. પ્રવીણ દરજી ભારતીય પરિવાર વિશે કહે છે :

માત્ર પરિવાર એટલે થોડાક માણસોનો શંભુમેળો નહિ, ઘર એટલે દીવાલો કે રાચરચીલું નહિ. પણ પેલી ધબકતી સંવેદનાઓ, અંદરના તાણાવાણા ને અતૂટ પળેપળની તે સાથેની સંડોવણી. આપણા થકી એ અને એમના થકી આપણે – એવી સંડોવણી, એવી સંવેદનાઓ. અને આ બધું કંઈક એક પેઢી પૂરતું હોતું નથી. બીજી, ત્રીજી પેઢીને પણ શિયાળામાં સગડી પાસે બેસીને વડેરાઓ પ્રેમપૂર્વક એવું ભાવજગત સંક્રાન્ત કરતા હોય છે. નવી ઊછરી રહેલી પેઢી એ સાંભળે છે, અંકે કરે છે અને એમ એ સ્નેહલીલા ને ગૌરવલીલા વિસ્તરતા રહે છે.[૨૯]

આમ ભારતીય કુટુંબમાં જોવા મળતી આગવી જીવનભાવના પરંપરાગત રીતે પેઢી દર પેઢી વિસ્તરતી રહે છે.

ભારતીય કુટુંબમાં માત્ર પોતાના પરિવારજનોનો જ નહીં પરંતુ પડોશમાં રહેનારા લોકોનાં સુખ–દુ:ખનો પણ વિચાર કરવામાં આવે છે. એ જ રીતે ભારતીય કુટુંબમાં માણસો ઉપરાંત ગાય, કૂતરો, બળદ, કાગડો, કબૂતર, ચકલી, પોપટ વગેરેને પણ પરિવારના સભ્યો જેટલું સ્થાન આપવામાં આવે છે. આપણે ત્યાં ભોજન કરતા પહેલા ગાય અને કૂતરાને રોટલો આપવાની પ્રથા આ બાબતનું ઉત્તમ ઉદાહરણ છે.

ભારતીય કુટુંબમાં પ્રકૃત્તિનાં વિવિધ તત્ત્વો સાથેના સંબંધમાં પારિવારિક ભાવના જોવા મળે છે. આપણે ત્યાં અવારનવાર થતા સૂરજદાદા, ચાંદામામા, ધરતીમાતા, ગાયમાતા, નાગદાદા, નદીમાતા, દરિયાદેવ, વડદાદા, બિલ્લીમાસી વગેરે સંબોધનોમાં ભારતીય કુટુંબની સ્નેહસભર પારિવારિક ભાવનાના આબેહૂબ દર્શન થાય છે. આમ ભારતીય(સંયુક્ત) કુટુંબના પાયામાં એક પ્રકારનો માનવધર્મ અને ભારતીય સંસ્કૃતિની પરંપરાગત જીવનભાવના જોવા મળે છે. જે ભારતીયતાનો પરિચય કરાવે છે.

૪.૧.૨ ભારતીય સમાજમાં લગ્નવ્યવસ્થા :

વેદકાળથી ભારતીય સમાજમાં લગ્નવ્યવસ્થાનું એક આગવું સ્થાન છે. આપણા ધર્મશાસ્ત્રોમાં લગ્નની વિધિઓ અને પ્રકારોના સુંદર ઉલ્લેખો મળે છે. ભારતીય સમાજમાં લગ્નને સોળ સંસ્કારો પૈકીના ચૌદમા સંસ્કાર તરીકે 'વિવાહ સંસ્કાર' સ્વરૂપે જોવામાં આવે છે. ભારતીય લગ્ન અને સ્ત્રી–પુરુષના પવિત્ર સંબંધ સંદર્ભે ડૉ. નરેશ વેદ કહે છે :

ભારતીય પ્રજાએ નરનારીનાં જોડલાંની 'ઉરદોરી એક' કલ્પી છે. તેથી જ પ્રેમને એમને જોડનાર કોઈ આંતર હેતુરૂપે ઓળખ્યો છે, જ્યારે કામને વામ કહીને ઓળખાવ્યો છે. લગ્નને સોળ સંસ્કારો પૈકીના એક સંસ્કાર અને અતૂટ જીવનબંધનની ભાવનારૂપે સ્વીકાર્યું છે.[૩૦]

આમ ભારતીય સમાજમાં લગ્નને જન્મોજન્મનું અતૂટ બંધન અને બે આત્માઓનું પવિત્ર મિલન ગણવામાં આવે છે. પશ્ચિમમાં લગ્નને કરાર માનવામાં આવે છે. તેની તુલનામાં ભારતીય સમાજમાં લગ્ન એક સાંસ્કૃતિક પરંપરા ગણાય છે. આમ ભારતીય સમાજની લગ્નવ્યવસ્થા ભારતીયતાની દ્યોતક છે.

ભારતીય સંસ્કૃતિમાં લગ્નજીવન સંદર્ભે થતા સ્ત્રી–પુરૂષના મિલનને પ્રકૃતિ અને પુરુષના પવિત્ર મિલન તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં માનવજીવનને ચાર આશ્રમોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. આ ચાર આશ્રમો પૈકીના ગૃહસ્થાશ્રમમાં પતિ–પત્ની સાથે મળીને ધર્મ, અર્થ અને કામની પ્રવૃત્તિ દ્વારા સમાજવ્યવસ્થાનું ઘડતર કરીને મોક્ષ માટેની પૂર્વભૂમિકા બાંધે છે. આમ ગૃહસ્થાશ્રમની જવાબદારી સાથે માનવજીવનનાં અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ માટે પણ લગ્નજીવન સાનુકૂળતા ઊભી કરી આપે છે. આમ ભારતીય સમાજમાં લગ્ન એક મહત્ત્વપૂર્ણ આધારશિલાની ગરજ સારે છે.

ભારતીય સમાજમાં લગ્ન એક પવિત્ર સંસ્કાર ગણાય છે. ભારતીય લગ્નને ભારતીયતાના સંદર્ભમાં પ્રતીકાત્મક રીતે મૂલવીએ તો ભારતીય લગ્ન એક મહાન

યજ્ઞ છે, સ્વાર્થ એની આહુતિ અને નિષ્કામ સિદ્ધિ અથવા મોક્ષ તેનું પરમ પ્રાપ્ય ફળ છે.

ભારતીય લગ્નવિધિ પ્રમાણે નર–નારી યજ્ઞદેવની સાક્ષીએ શાસ્ત્રોક્ત વિધિના મંત્રોચ્ચાર સાથે સપ્તપદીના સાત ફેરા ફરે છે. આ સંદર્ભે ભારતીય અભિગમથી સૌ એવું માને છે કે, ભારતીય સમાજમાં લગ્ન અંતર્ગત થતા યજ્ઞના પાવક અગ્નિથી નર–નારીનાં પુણ્યનો પ્રારંભ થાય છે. જીવનની પૂર્ણાહૂતિ સમયે સ્મશાનનો ચિતાગ્નિ પણ લગ્નના પવિત્ર બંધનને તોડી શકતો નથી એવી ભાવનામાં ભારતીયતાની ઝાંખી થાય છે. આ રીતે ભારતીય સમાજની લગ્નવ્યવસ્થા પણ ભારતીયતાથી ભરપૂર છે.

૪.૧.૩ ભારતીય સમાજમાં જ્ઞાતિવ્યવસ્થા :

ભારતીય સમાજ જ્ઞાતિવ્યવસ્થાની દષ્ટિએ પ્રાચીન કાળથી વિભાજિત થયેલ છે. જ્ઞાતિ અર્થાત્ વર્ણ. આ દષ્ટિએ ભારતીય સમાજમાં જ્ઞાતિવ્યવસ્થા એટલે વર્ણવ્યવસ્થા. ભારતીય સમાજની વર્ણવ્યવસ્થા વેદકાલીન સમાજની ભેટ છે. ભારતીય સાહિત્યમાં વર્ણવ્યવસ્થાનો સૌપ્રથમ ઉલ્લેખ ઋગ્વેદના દસમા મંડળમાં પુરુષસૂક્ત અંતર્ગત કરવામાં આવ્યો છે.

ब्राह्मणोडस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।
उरू तदस्य यद् वैश्यः पद्भ्यां शुद्रो अजायत ।।[३१]

અર્થાત્, બ્રાહ્મણો તે વિરાટપુરુષ(ઈશ્વર)ના મુખરૂપ છે, ક્ષત્રિયો બાહુ છે, વૈશ્યો સાથળરૂપ છે અને શુદ્રો ચરણમાંથી ઉત્પન્ન થયા છે. આ શ્લોક પ્રમાણે ચાર વર્ણોમાંથી કોઈ ઉચ્ચ કે કોઈ નિમ્ન નથી. આ કાવ્યમય રૂપક દ્વારા એમ સૂચવવાનો આશય છે કે, આખો સમાજ મળીને એક જીવંત દેહનું સ્વરૂપ ધારણ કરે છે અથવા જુદા જુદા વર્ણો(જ્ઞાતિઓ) એ એક જ દેહના વિવિધ અવયવો છે. એક અર્થઘટન એવું પણ થઈ શકે કે આ બધા વર્ણો(જ્ઞાતિઓ)નાં સુયોગ્ય સમન્વયથી આદર્શ સમાજનું ઘડતર થઈ શકે છે.

પ્રાચીન સમયમાં ભારતીય સમાજને સુવ્યવસ્થિત સંચાલનના શુભ હેતુથી અને શ્રમવિભાજનના દષ્ટિકોણથી વિભાજિત કરવામાં આવ્યો હતો. જે અનુસાર અધ્યયન, અધ્યાપન, યજ્ઞ, ધાર્મિક કર્મકાંડો કરનારા બ્રાહ્મણો; સમાજનું રક્ષણ, યુદ્ધ, રાજનૈતિક કાર્યોનું સંચાલન કરનારા ક્ષત્રિયો; ખેતી, ઉદ્યોગ, વ્યાપાર કરનારા વૈશ્ય અને આ બધાની સેવા કરનારા શૂદ્ર એમ ચાર વર્ણોમાં ભારતીય સમાજનું વિભાજન કરવામાં આવેલું. જેને ભારતીય વર્ણવ્યવસ્થાનાં નામથી ઓળખવામાં આવે છે.

મનુસ્મૃતિ પ્રમાણે ભારતીય સમાજનું આ વર્ણવિભાજન વ્યક્તિની પ્રવૃત્તિ ઉપરાંત ગુણને આધારે કરવામાં આવ્યું છે. જે અનુસાર ધાર્મિક કર્મકાંડ કરનારા, સત્વ ગુણથી સભર લોકો બ્રાહ્મણ; શારીરિક સામર્થ્યવાળા, યુદ્ધપ્રિય અને રજોગુણથી સભર લોકો ક્ષત્રિય; કૃષિ, ઉદ્યોગ, વ્યાપાર કરનારા અને તમોગુણથી સભર લોકો વૈશ્ય અને આ બધાની સેવા કરનારા તથા સત્ત્વ, રજસ, તમસ જેવા ગુણોની જેને કોઈ આવશ્યકતા નથી એવા લોકો શૂદ્ર ગણાય છે.

આમ ભારતીય સમાજનું પ્રવૃત્તિ ઉપરાંત ગુણના દષ્ટિકોણથી પણ વિભાજન કરવામાં આવ્યું છે. ભારતીય સમાજનો ઈતિહાસ તપાસીએ છીએ ત્યારે એમ લાગે છે કે, ભારતીય સમાજ આ ચાર વર્ણોમાં વિભાજિત હોવા છતાં પણ તેમાં કોઈ ભેદભાવો કે જટિલતાને માટે કોઈ અવકાશ ન હતો. કારણ કે આ વ્યવસ્થા શ્રમ અને કર્મના સિદ્ધાંતો ઉપર આધારિત હતી. ભારતીય સમાજનું આ વર્ણવિભાજન જન્મને આધારે નહીં પણ કર્મને આધારે કરવામાં આવ્યું હતું. આ બાબતે ભારતીય ઈતિહાસ અને પરંપરાનો મજબૂત ટેકો પણ આજે આપણને મળે છે. પ્રાચીન સમયમાં કર્મને આધારે વર્ણની બદલી પણ થતી હતી. જેને લીધે દરેક વ્યક્તિને સર્વોતોમુખી વિકાસની સમાન તક મળતી. ભારતીય સંસ્કૃતિ સમાનતાનો બોધ આપે છે. એટલે ભારતીય વર્ણવ્યવસ્થા અંતર્ગત સૌને જીવનવિકાસ અને વ્યક્તિવિકાસની એકસરખી તક આપવાની વિચારધારામાં ભારતીયતાનાં દર્શન થાય છે.

ભારતીય સમાજની આ વર્ણવ્યવસ્થા માત્ર કામની વહેંચણીના એક ભાગ રૂપે જ કરવામાં આવી હતી. પરંતુ સમય જતા કર્મને બદલે જન્મને પ્રાધાન્ય મળવા લાગ્યું અને આ વ્યવસ્થા એટલી બધી જડ બની ગઈ કે આ વ્યવસ્થામાંથી વિવિધ

જ્ઞાતિઓએ રૂઢિચુસ્ત સ્વરૂપ ધારણ કર્યું. છતાં પણ ભારતીય સમાજવ્યવસ્થામાં જ્ઞાતિનું આ પરિબળ મહત્ત્વપૂર્ણ છે. ભારતની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતામાં અમુક અંશે બાધક હોવા છતાં પણ આ જ્ઞાતિવ્યવસ્થાને લીધે જે તે જ્ઞાતિના સમૂહો એક તાંતણે બંધાઈ રહ્યા છે. આ વ્યવસ્થાને લીધે સુખ–દુઃખના વિવિધ પ્રસંગોમાં જ્ઞાતિનાં બધાં લોકો એકત્ર થઈને સાથ–સહકાર આપે છે અને જ્ઞાતિના આખા સમૂહને કેન્દ્રમાં રાખીને સૌ લોકકલ્યાણનાં કાર્યો કરે છે. આમ ભારતીય સમાજમાં વિવિધ જ્ઞાતિઓ હોવા છતાં પણ એક પ્રકારની સમન્વયની ભાવનાને લીધે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ટકી રહી છે. આ દષ્ટિએ જ્ઞાતિ ભારતીય સમાજવ્યવસ્થાનું એક મજબૂત પરિબળ છે.

ભારતીય સમાજની આ જ્ઞાતિવ્યવસ્થા ભારતીયતાથી ભરપૂર છે. કારણ કે આ જ્ઞાતિવ્યવસ્થાના પાયામાં કર્મની પ્રધાનતા છે. ભારતીય સંસ્કૃતિની માન્યતા પ્રમાણે કર્મ જ મનુષ્યની સાચી ઓળખાણ છે. આપણે ત્યાં ‘જેવું કર્મ તેવું ફળ’, ‘જેવું કરો તેવું ભરો’, ‘જેવું વાવો તેવું લણો’ વગેરે માન્યતાઓ ભારતીય છે. ભારતીય સમાજની આ જ્ઞાતિવ્યવસ્થા મુજબ સૌને યથાયોગ્ય કર્મો કરીને એ મુજબનું ફળ પ્રાપ્ત કરવાની સમાન તક આપવામાં આવી છે અને જીવનમાં કર્મનો મહિમા મહત્ત્વનો ગણવાની સુંદર સલાહ આપવામાં આવી છે. આમ ભારતીય સમાજની આ જ્ઞાતિવ્યવસ્થા કે વર્ણવ્યવસ્થાના પાયામાં ભારતીય સંસ્કૃતિનો કલ્યાણકારી એવો કર્મનો સિદ્ધાંત કારણભૂત હોવાથી એમ કહી શકાય કે ભારતીય સમાજની આ જ્ઞાતિવ્યવસ્થા ભારતીયતાથી સભર છે.

૪.૧.૪ ભારતીય સમાજમાં આશ્રમવ્યવસ્થા :

आश्रम व्यवस्था वस्तुतः समाज व्यवस्था का एक अंग है ।[३२]

प्राचीन हिन्दू समाज में आश्रम व्यवस्था भी महत्त्वपूर्ण थी ।[३३]

ભારતીય આશ્રમવ્યવસ્થા ભારતીય સમાજનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. મનુષ્યના જીવનને ચાર ભાગોમાં વિભાજિત કરવાની વાતનું સૂચન ‘एतरेय ब्राह्मण ग्रंथ’માં નીચે મુજબ આપવામાં આવ્યું છે.

ब्रह्मचर्याश्रमं समाप्य गृही भवेत् ।

गृही भूत्वा वनी भवेत्, वनी भूत्वा प्रव्रजेत् ।।[૩૪]

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે માનવજીવનને ચાર અવસ્થાઓ મુજબ ચાર આશ્રમમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમનો સમાવેશ થાય છે. બ્રહ્મચર્યાશ્રમથી માનવજીવનનો પ્રારંભ થાય છે અને બ્રહ્મચર્યાશ્રમનો પ્રારંભ ઉપનયન(જનોઈ) સંસ્કારથી થાય છે. બ્રહ્મચર્યાશ્રમમાં મનુષ્ય પોતાનો પરિવાર છોડીને પ્રકૃત્તિના સાનિધ્યમાં આવેલા ગુરુકુળમાં ગુરુજનોની પાસે રહે છે. ત્યાં મનુષ્ય બ્રહ્મચર્યનાં પાલન સાથે વિદ્યા પ્રાપ્ત કરીને જીવનમૂલ્યોનું સર્વોત્તમ જ્ઞાન મેળવે છે અને ઉચ્ચ જીવનદષ્ટિ કેળવે છે.

બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ થતા મનુષ્ય 'વિવાહ સંસ્કાર' દ્વારા ગૃહપ્રવેશ કરીને ગૃહસ્થાશ્રમનો પ્રારંભ કરે છે. આ સમય દરમિયાન મનુષ્ય પોતાના જીવનધર્મોનું પાલન કરીને સંતાનપ્રાપ્તિ દ્વારા પોતાની વંશ–પરંપરાને આગળ લઈ જવાનું કર્તવ્ય પૂર્ણ કરે છે. પ્રાચીન માન્યતા પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં પતિ–પત્ની સાથે રહીને નિયમિત પાંચ યજ્ઞો કરતા. જેમાં (૧) બ્રાહ્મ યજ્ઞ(સ્વાધ્યાય), (૨) દૈવ યજ્ઞ(અગ્નિહોત્ર), (૩) પિતૃ યજ્ઞ(પરિવારના વડીલોની સેવા), (૪) અતિથિ યજ્ઞ(અતિથિ અને અભ્યાગતોની સેવા) અને (૫) બલિવૈશ્વદેવ યજ્ઞ(પશુ–પક્ષી વગેરેને ભોજન આપવું) જેવા જીવનકાર્યોનો સમાવેશ થાય છે. ગૃહસ્થાશ્રમને બધા ધર્મો અને આશ્રમોનું મૂળ માનવામાં આવે છે.

ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમમાં મનુષ્ય પત્ની સાથે વનવાસી બનીને જીવન જીવે છે. આ આશ્રમ દરમિયાન મનુષ્ય વાણી, વર્તન, વ્યવહાર અને વૃત્તિમાં સંયમ રાખીને ઈશ્વરનું ચિંતન–મનન કરતા કરતા પ્રકૃતિ સાથે જીવન વ્યતીત કરે છે.

વાનપ્રસ્થાશ્રમ બાદ મનુષ્ય સન્યાસાશ્રમમાં સંસારની તમામ બાબતો સાથેનો સંબંધ છોડીને મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્નો કરે છે અને જીવનનાં તમામ બંધનોને તોડી, સન્યાસી જેવું જીવન જીવીને મનુષ્યજીવનના અંતિમ લક્ષ્ય સમાન મોક્ષને પ્રાપ્ત

કરે છે. આ પૂર્વેના ત્રણે આશ્રમોના કર્તવ્યોનું વિવિધત્ પાલન કરનારો મનુષ્ય જ આ ચોથા એટલે કે સન્યાસાશ્રમમાં પ્રવેશ કરી શકે એવી દઢ માન્યતા છે.

આમ મનુષ્યજીવનને ચાર આશ્રમોમાં વિભાજિત કરવાની જીવનભાવના પાછળ જીવનની વિવિધ પરિસ્થિતિઓનો અનુભવ મેળવી, જીવન વિશેનું સમ્યક જ્ઞાન મેળવવાની અને અંતે મોક્ષ પ્રાપ્ત કરવાની ભારતીય ભાવના કારણભૂત છે. આ રીતે ભારતીય સમાજની આશ્રમવ્યવસ્થામાં ભારતીયતા જોવા મળે છે.

આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિમાં આ ચાર આશ્રમોની સાથે સાથે ચાર પુરુષાર્થો(ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)ની વાત પણ ગૂંથી લેવામાં આવી છે. મનુષ્ય બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાભ્યાસ સાથે વિવિધ જીવનમૂલ્યોનું નૈતિક શિક્ષણ પ્રાપ્ત કરે છે અને જીવનમાં ચાર પુરુષાર્થો(ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)ની અનિવાર્યતાનું જ્ઞાન મેળવે છે. ત્યાર બાદ ગૃહસ્થાશ્રમમાં મનુષ્ય ગૃહસ્થ બનીને ધર્મ, અર્થ અને કામની પ્રવૃત્તિ કરે છે. ત્યાર પછી વનપ્રસ્થાશ્રમમાં મનુષ્ય મોક્ષ પ્રતિ પગલાં ભરે છે અને સન્યાસાશ્રમમાં મનુષ્ય મોક્ષપ્રાપ્તિ માટે સંપૂર્ણ પ્રયત્નો કરીને અંતે જીવન પૂર્ણ કરે છે. આમ ચાર આશ્રમોની સાથે ચાર પુરુષાર્થોનો મંગલકારી સમન્વય ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટ એવી જીવનભાવનાને આબેહૂબ પ્રગટ કરે છે. આથી કહી શકાય કે ભારતીય સમાજની આશ્રમવ્યવસ્થા ભારતીયતાથી ભરપૂર છે.

૪.૧.૫ ભારતીય સમાજમાં નારીનું ગૌરવપૂર્ણ સ્થાન

ભારતીય સંસ્કૃતિમાં નારીનું સ્થાન અનન્ય અને અદ્વિતીય હોવાથી ભારતીય સમાજમાં તેનું સ્થાન ગૌરવપૂર્ણ ગણાય છે. ભારતીય સંસ્કૃતિ માતૃપ્રધાન હોવાથી ભારતીય સમાજમાં સ્ત્રીનો મહિમા અપરંપાર છે. ડૉ. નરેશ વેદ ભારતીય સમાજની આધારશિલા તરીકે ભારતીય નારીને વર્ણવતા કહે છે :

ભારતીય સમાજમાં ગૃહ અને પ્રેમનું અધિષ્ઠાન છે નારી. પશ્ચિમની પ્રજા માફક ભારતીય પ્રજા સ્ત્રીને ભોગ્યા રૂપે નહીં પણ મંત્રી, માતા, રંભા રૂપે સ્વીકારે છે. ભારતીય પ્રજાની માન્યતા છે કે સંસારની યોજનામાં સ્ત્રી મમતાભરી અને દયામયી છે. જગતના ગમે તેવા અનિષ્ટ અને અમંગળ ઉપર, દુરિત અને પ્રેયસ ઉપર તે પોતાના પ્રેમ અને આત્મભોગ વડે વિજય મેળવી શકે છે. ભારતીય પ્રજા

સ્ત્રીના માતા, બહેન, પત્ની અને ભાભી એવા બધાં સ્વરૂપોમાં અદ્‌ભૂત શ્રદ્ધા ધરાવે છે. બહેનનો નિર્વ્યાજ સ્નેહ અને ભાભીનો અનર્ગળ ભાવ ઋણાનુબંધની ઋજુગરવી કવિતા સમો છે. પત્નીનો પ્રેમ જન્મજન્માંતરનો છે. માતાના પ્રેમના આવિર્ભાવને તો કુટુંબ કે એથી અન્ય કોઈ પ્રકારની સીમા નથી. પત્નીની સહનશીલતા અને સમર્પણશીલતામાં અને માતાની મમતા અને વત્સલતામાં આ પ્રજાને ઊંડો વિશ્વાસ છે. ભારતીય સ્ત્રીત્વમાં આંતરિક સૌંદર્ય અને શારીરિક સામર્થ્યના તથા તપ અને ત્યાગવૃત્તિના તત્ત્વોને મુખ્ય ગણવામાં આવ્યા છે. સ્ત્રીવિષયક આવા ભાવો અને ખ્યાલો ભારતીય સંવેદનાઓનું એક રૂપ છે.[૩૫]

આમ ભારતીય સ્ત્રી અન્ય સ્ત્રીઓથી કઈ રીતે જુદી પડે છે એનું એક જીવંત ચિત્ર દોરીને ડૉ. નરેશ વેદ દ્વારા અહીં ભારતીય સમાજ અંતર્ગત નારીનાં ગૌરવપૂર્ણ સ્થાનને પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

ભારતીય સ્ત્રી ત્યાગ, બલિદાન, સહનશક્તિ, પ્રેમ, નમ્રતા, ક્ષમા, સદાચાર, ચારિત્ર્ય, સેવા, સંયમ, મર્યાદા, તપ, સતીત્વ વગેરે શુભ ગુણોથી વિભૂષિત હોવા ઉપરાંત મમતાની એક મંગલકારી જીવંત મૂર્તિ છે. ભારતીય સ્ત્રી હંમેશા પાર્વતી, લક્ષ્મી, સીતા, ઊર્મિલા, શબરી, રાધા, ગાર્ગી, મૈત્રેયી, અનસૂયા, સાવિત્રી, દ્રૌપદી વગેરે ઐતિહાસિક નારી પાત્રોને પોતાના આદર્શો માને છે. ભારતીય આશ્રમવ્યવસ્થા અંતર્ગત ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની રહે છે.

ભારતીય સંસ્કૃતિમાં નારી સન્માનની ભાવના જોવા મળે છે. એટલે જ ભારતીય સાહિત્યમાં 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।'(જ્યાં સ્ત્રીઓની પૂજા કરવામાં આવે છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે), 'નારી તું નારાયણી', 'નારી તું પારસમણિ' જેવી ભાવ–સંવેદનાઓનું અવારનવાર નિરૂપણ થતું રહે છે. આ ઉપરાંત ભારતીય નારીની જીવનનિષ્ઠા ભારતીય કુટુંબજીવનના પાયામાં રહેલી છે. એ જ રીતે ભારતીય નારીને હંમેશા શક્તિ અને લક્ષ્મીના રૂપમાં દર્શનીય તથા પૂજનીય ગણવામાં આવે છે. આમ ભારતીય સમાજમાં જોવા મળતું નારીનું વિશિષ્ટ અને ગૌરવપૂર્ણ સ્થાન ભારતીયતાનો પરિચય કરાવે છે.

૪.૧.૬ ભારતીય સમાજમાં ઉત્સવોની પ્રધાનતા :

ભારતીય સમાજમાં ઉત્સવો પ્રાધાન્ય ભોગવે છે. ભારતીય પ્રજા ઉત્સવપ્રિય છે. ભારતમાં વિવિધ ઉત્સવોની ઊજવણીમાં પ્રજાનો ભારતીય અભિગમ જોવા મળે છે. ભારતીય ઉત્સવો ભારતીય સંસ્કૃતિનું અમૂલ્ય આભૂષણ ગણાય છે.

આપણે ત્યાં ઉત્સવ અને પર્વ એ બંને શબ્દો સમાનાર્થી બની ગયા છે. ભારતીય માન્યતા પ્રમાણે ઉત્સવ એટલે આનંદનો દિવસ અને પર્વ એટલે પવિત્ર દિવસ. ઉત્સવમાં 'આનંદ' કેન્દ્ર સ્થાને છે અને પર્વમાં 'આસ્થા' કેન્દ્ર સ્થાને છે. પરંતુ ભારતીય તહેવારોમાં પવિત્રતા(પર્વના અનુસંધાને) અને આનંદ(ઉત્સવના અનુસંધાને) બન્ને એક સાથે જોવા મળે છે. એટલે જ આપણે ત્યાં મકરસંક્રાંતિનું પર્વ એ ઉત્તરાયણનો પતંગોત્સવ બની જાય છે અને આસો માસનો શક્તિઉત્સવ એ નવરાત્રીનું નૃત્યપર્વ બની જાય છે. આમ ભારતીય પ્રજાની અનન્ય શ્રદ્ધા તહેવારો કે ઉત્સવો સાથે અવિનાભાવી સંબંધથી જોડાયેલી છે. જે ભારતીય પ્રજાની જીવનભાવનાનું ઉદાહરણ છે. ભારતીય સમાજમાં ઉત્સવો વેદકાલીન સમયથી પરંપરાગત રીતે ઊજવાતા રહ્યા છે. આ સંદર્ભે ડૉ. પ્રભુદયાલુ અગ્નિહોત્રી કહે છે :

भारत पर्वो, त्योहारों और उत्सवों का देश है । वैदिक काल से ही यहाँ ऋतुओं के परिवर्तन के समय भौगोलिक और प्राकृतिक वातावरण के अनुरूप, उत्सव मनाने की परम्परा चली आ रही है ।[૩૬]

આમ ભારતીય ઉત્સવો ભારતીય પરંપરાનાં કારણે પેઢી દર પેઢી ઊજવાતા રહે છે.

આપણે ત્યાં ઉત્સવોનું વૈવિધ્ય પણ ધ્યાનાકર્ષક છે. સર્વધર્મ–સમભાવની નીતિ તથા બિનસાંપ્રદાયિકતાને વરેલા તેમજ ધર્મ, જ્ઞાતિ, ભાષા, પ્રદેશ અને પહેરવેશમાં અપાર વૈવિધ્ય ધરાવતા ભારતમાં દિવાળી, હોળી, નવરાત્રી વગેરે તહેવારોમાં હિન્દુ લોકો; ઈદ–એ–મિલાદ, મોહરમ વગેરે તહેવારોમાં મુસ્લિમ લોકો; નાતાલના તહેવારમાં ખ્રિસ્તી લોકો; પર્યુષણ, સંવત્સરી વગેરે તહેવારોમાં જૈન લોકો; પતેતી–નવરોઝના તહેવારમાં પારસી લોકો; બુદ્ધ પૂર્ણિમાના તહેવારમાં બૌદ્ધ

લોકો; ચેટીચાંદના તહેવારમાં સિંધી લોકો અને ગુરુનાનક જયંતિના તહેવારમાં શીખ લોકો જે હર્ષથી આનંદોત્સવ મનાવે છે એ આનંદમયતા ભારતીયતાનો અનુભવ કરાવે છે.

ભારતમાં દરેક ઉત્સવ સાથે જોડાયેલી ધાર્મિક શ્રદ્ધા અને આધ્યાત્મિક સંવેદના પાછળ ભારતીય સંસ્કૃતિ કારણભૂત છે. ભારતીય સંસ્કૃતિની માન્યતા મુજબ ઉત્સવ આપણને આનંદ અને ઉલ્લાસ આપે છે તથા પર્વો આપણને પવિત્રતા આપે છે. જ્યારે આનંદ–ઉલ્લાસ અને પવિત્રતાનો સુંદર સંગમ થાય ત્યારે જીવન ધન્ય બની જાય છે. આ પ્રકારની ભારતીય ભાવનામાં ભારતીયતાનાં દર્શન થાય છે.

આ રીતે ભારતીય સમાજમાં જોવા મળતી ઉત્સવોની પ્રધાનતા અંતર્ગત ભારતીયતા ભરેલી છે.

આમ ભારતીય સમાજમાં જોવા મળતી કુટુંબવ્યવસ્થા, લગ્નવ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થા, આશ્રમવ્યવસ્થા, નારીનું ગૌરવપૂર્ણ સ્થાન, ઉત્સવોની પ્રધાનતા વગેરે સંદર્ભો દ્વારા ભારતીયતાને અહીં સામાજિક પરિપ્રેક્ષ્યથી મૂલવવાનો પ્રયાસ કર્યો છે.

૪.૨ શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં ભારતીયતા :

ભારતીય શિક્ષણના સંદર્ભમાં વિચાર કરીને ભારતીયતાને શૈક્ષણિક પરિપ્રેક્ષ્યથી મૂલવી શકાય. ભારતીયતાને શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં તપાસવા માટે ભારતીય શિક્ષણ વ્યવસ્થાને સમજવી પડે. આ માટે ભારતીય શિક્ષણનું સ્વરૂપ, ભારતીય શિક્ષણની પદ્ધતિઓ, ભારતીય શિક્ષણના ઉદ્દેશો, ભારતીય શિક્ષણમાં ગુરુનું પૂજનીય સ્થાન, ભારતીય શિક્ષણમાં ગુરુ–શિષ્ય વચ્ચેનો અદ્વિતીય સંબંધ વગેરે મુદ્દાઓની ચર્ચા દ્વારા ભારતીયતાને શૈક્ષણિક પરિપ્રેક્ષ્યથી તપાસીએ.

૪.૨.૧ ભારતીય શિક્ષણનું સ્વરૂપ :

ભારતીય શિક્ષણ એટલે જ્ઞાનની અગણિત ધારાઓનો સુભગ સમન્વય ધરાવતું તપોવન પદ્ધતિનું શિક્ષણ. આ દેશનું 'ભારત' એવું નામકરણ તેની વિશિષ્ટ જ્ઞાનનિષ્ઠાનું સૂચન કરે છે. 'ભારત' અર્થાત્ 'ભા+રત'. અહીં 'ભા' = જ્ઞાન(કાંતિ, તેજ) અને 'રત' = મગ્ન(તલ્લીન, આસકત) એવો અર્થ રહેલો છે. આમ 'ભારત'

એટલે એવો દેશ, જે હંમેશા જ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓમાં તલ્લીન હોય. આ રીતે જ્ઞાનનિષ્ઠ અને તેજોમય ભારત પાસે વિશ્વના અન્ય દેશોથી તદ્દન ભિન્ન એવી પોતાની આગવી અને અલાયદી પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા છે. જેને 'ભારતીય શિક્ષણ' એવાં નામકરણથી ઓળખવામાં આવે છે. ભારતીય શિક્ષણની વિશિષ્ટતા બતાવતા અને તપોવન પદ્ધતિની શિક્ષણ પ્રણાલીને મૂલવતા યોગેશ ગોરાને કહે છે :

ભારતીય શિક્ષણ માત્ર ભારતીય ઋષિઓના વિદ્યાવ્યાસંગ કે બૌદ્ધિક વિલાસનું પરિણામ નથી, પણ તેમની જ્ઞાનાન્વિત વિચારધારા અને સાક્ષાત અનુભવનું જીવનદર્શન છે.[૩૭]

આમ ભારતીય શિક્ષણમાં અભ્યાસની સાથે અનુભવ, અભિવ્યક્તિની સાથે અનુભૂતિ, પ્રકૃતિની સાથે સંસ્કૃતિ, બુદ્ધિની સાથે તર્ક અને ભણતરની સાથે ગણતરનો સુભગ સમન્વય જોવા મળે છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિની આશ્રમવ્યવસ્થા અંતર્ગત બ્રહ્મચર્યાશ્રમના પાયામાં શિક્ષણ રહેલું છે. આ સમય દરમિયાન મેળવેલા જ્ઞાનથી ભારતીય પ્રજા સમગ્ર જીવનને જાણવાનો–માણવાનો–પ્રમાણવાનો પ્રબળ પુરુષાર્થ કરે છે. આમ આજીવન જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનનું આજીવન વિતરણ ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું પીઠબળ બની રહે છે.

ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત ઋષિ–મુનિઓના આશ્રમોમાં, ગુરૂકુળોમાં અને વિદ્યાપીઠોમાં શિક્ષણની વ્યવસ્થા હતી. પ્રાચીન ભારતમાં ઉપનયન(જનોઈ) સંસ્કાર સાથે શિક્ષણનો પ્રારંભ થતો હતો. વિદ્યાર્થી પોતાના પરિવારને છોડીને પ્રકૃત્તિના સાનિધ્યમાં આવેલા ગુરૂકુળમાં જઈને વિદ્યાભ્યાસ કરતો. આ ગુરૂકુળનું સમગ્ર સંચાલન તપસ્વી ઋષિ–મુનિઓ દ્વારા થતું. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરુ તેના શિષ્યોને વેદ, ઉપનિષદ્‌, પુરાણ, ઈતિહાસ, વ્યાકરણ, નીતિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, યુદ્ધવિદ્યા, ભાષાશાસ્ત્ર વગેરે વિષયોનું વિસ્તૃત્ત જ્ઞાન આપતા. આ ઉપરાંત ગુરૂકુળમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સંગીત, સાહિત્ય, નૃત્ય વગેરે ભારતીય કલાઓનું જ્ઞાન પણ આપવામાં આવતું. ભારતીય શિક્ષણ પરંપરામાં માત્ર પુસ્તકોનું જ્ઞાન જ આપવામાં આવતું ન હતું, પરંતુ

માનવજીવનને ઉન્નત બનાવનારા વિવિધ નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક તત્ત્વોનું જ્ઞાન પણ આપવામાં આવતું. આમ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં આધ્યાત્મિક અને ભૌતિક બંને પ્રકારનું જ્ઞાન આપવામાં આવતું. વિદ્યાર્થી ગુરુકુળમાં રહીને તમામ પ્રકારના કાર્યો દ્વારા જીવન વિશેની સમ્યક સમજણ મેળવતો અને શિક્ષણની સમાપ્તિ વખતે ગુરુને દક્ષિણા આપતો. ભારતીય શિક્ષણ માત્ર ગોખણપટ્ટી પર આધાર રાખતું નથી પણ સાચા અર્થમાં જ્ઞાન, સમજ, ઉપયોગ અને પૃથક્કરણની શક્તિનો વિકાસ કરવાની પ્રક્રિયા છે. જે ભારતીય શિક્ષણનું સ્વરૂપ રજૂ કરે છે. ભારતીય શિક્ષણનાં સ્વરૂપની વિસ્તૃત્ત જાણકારી સંદર્ભે તક્ષશિલા, નાલંદા, કાશી, વિક્રમશિલા, વલ્લભી વગેરે વિદ્યાપીઠોની શિક્ષણ વ્યવસ્થા તરફ અંગૂલિનિર્દેશ કરી શકાય.

આમ ભારતીય શિક્ષણ સ્વરૂપની દષ્ટિએ ભારતીય સંસ્કૃતિને વરેલું હોવાથી ભારતીયતાની ઝાંખી કરાવે છે.

૪.૨.૨ ભારતીય શિક્ષણની પદ્ધતિઓ :

ભારતીય શિક્ષણ પ્રણાલી વિશિષ્ટ પ્રકારની છે. ભારતની પ્રાચીન શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષણ આપવાની પદ્ધતિઓ પણ અનોખી છે. જેમાં સંવાદ, પ્રશ્નોત્તરી અને કથનની પદ્ધતિનો સમાવેશ થાય છે.

પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા પ્રમાણે–સંવાદની પદ્ધતિમાં ગુરુ અને શિષ્ય વચ્ચેના જિજ્ઞાસાપૂર્ણ સંવાદ દ્વારા જ્ઞાનનું આદાનપ્રદાન કરવામાં આવતું, પ્રશ્નોત્તરીની પદ્ધતિમાં શિષ્ય જિજ્ઞાસા તથા વિનય સાથે પ્રશ્ન પૂછે અને ગુરુ તેના સંતોષકારક જવાબ આપે એ રીતે જ્ઞાન અપાતું તેમજ કથનની પદ્ધતિમાં ગુરુ પ્રકૃત્તિનાં સાનિધ્યમાં વ્યાખ્યાન દ્વારા શિષ્યોને જીવનના દરેક ક્ષેત્રનું જ્ઞાન આપતા અને શિષ્યો તેનું શ્રવણ કરીને શીખતા.

આ ઉપરાંત રોજબરોજની વિવિધ પ્રવૃત્તિઓ અને વર્તન–વ્યવહાર દ્વારા પણ શિક્ષણ આપવામાં આવતું. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરુ કુંભારની જેમ પ્રેમથી શિષ્ય રૂપી કુંભનું નિર્માણ કરે છે. પરિણામે આ સર્જનાત્મક કાર્યમાં પુનરાવર્તન કે પરિવર્તન ગુરુ માટે મજૂરી નહીં પણ સ્વકલાનું સંવર્ધન બની જાય છે. આ રીતે ભારતીય શિક્ષણમાં અધ્યાપનની પ્રક્રિયા પ્રેમસભર પ્રવૃત્તિ બની રહે છે.

આમ ભારતીય શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓમાં ભારતીય અભિગમ જોવા મળે છે. જે ભારતીયતાનાં દર્શન કરાવે છે.

૪.૨.૩ ભારતીય શિક્ષણના ઉદ્દેશો :

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ પ્રત્યેનો દષ્ટિકોણ આધ્યાત્મિક હોવા છતાં પણ સમાજાભિમુખ રહ્યો છે. આથી ભારતીય શિક્ષણના ઉદ્દેશોમાં અલૌકિકતા અને લૌકિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે. ભારતની પ્રાચીન શિક્ષણ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ભારતીય શિક્ષણના ઉદ્દેશો નીચે મુજબ તારવી શકાય.

- માનવચેતનાનો સર્વાંગી વિકાસ થાય એ ભારતીય શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ છે.
- ભારતીય શિક્ષણવ્યવસ્થા મનુષ્યને માત્ર શિક્ષિત કરવાનો જ નહીં પરંતુ માનવજીવનને ઉન્નત બનાવનારા નૈતિક મૂલ્યોથી દિક્ષિત કરવાનો ઉદ્દેશ પણ ધરાવે છે.
- ભારતીય શિક્ષણવ્યવસ્થામાં 'सा विद्या या विमुक्तये' (મુક્તિ અપાવે એ જ સાચી વિદ્યા)નું ખૂબ જ મહત્ત્વ છે. આથી શિષ્યને જીવનના લૌકિક તથા અલૌકિક એવા તમામ પ્રકારના બંધનોથી મુક્તિ અપાવીને માનવજીવનના સાચા અર્થ સુધી લઈ જવો એ ભારતીય શિક્ષણનો પ્રમુખ ઉદ્દેશ છે.
- ભારતીય શિક્ષણવ્યવસ્થા અંતર્ગત ગુરુ તેના શિષ્યના 'Open Your Books' નહીં પરંતુ 'Open Your Minds' કહીને આત્મતત્ત્વથી સભાન બનાવવાનો ઉમદા ઉદ્દેશ ધરાવે છે.
- ભારતીય શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને પરમતત્ત્વનું જ્ઞાન–મોક્ષ એટલે કે 'સત્–ચિત્–આનંદ' સ્વરૂપ પરમતત્ત્વની પ્રાપ્તિ કરાવીને નિર્ભય બનાવવાનો છે.
- ભારતીય શિક્ષણનો એક ઉદ્દેશ વિદ્યાર્થીઓને પરમતત્ત્વનું જ્ઞાન કરાવવાનો છે, પરંતુ એનો અર્થ એવો નથી કે ભૌતિક ક્ષેત્રમાં પ્રગતિ ન સાધવી.

ભારતીય શિક્ષણમાં આધ્યાત્મિક અને ભૌતિક બન્ને પ્રકારના ગુણોનું શિક્ષણ આપવામાં આવે છે. આપણે ત્યાં ઉપનિષદોમાં વિદ્યાનાં સ્વરૂપનું વર્ણન કરતા બે પ્રકારની વિદ્યા–પરાવિદ્યા અને અપરાવિદ્યાની વાત કરવામાં આવી છે. તેના અનુસંધાને ભારતીય શિક્ષણ પરાવિદ્યા (બ્રહ્મવિદ્યા) અને અપરાવિદ્યા(લૌકિક વિદ્યા)નું જ્ઞાન એક સાથે આપવાનો મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ ધરાવે છે.

આમ ભારતીય શિક્ષણના ઉદ્દેશોમાં ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પરંપરાનો વિરાટ પડઘો સાંભળવા મળે છે. જે ભારતીયતાનો પરિચય કરાવે છે.

૪.૨.૪ ભારતીય શિક્ષણમાં ગુરુનું પૂજનીય સ્થાન :

ભારતીય શિક્ષણમાં ગુરુનું સ્થાન પૂજનીય છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ગુરુ એટલે શિષ્યને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર વ્યક્તિ. આમ ગુરુ તેના શિષ્યને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પવિત્ર પ્રકાશ તરફ લઈ જાય છે. આથી ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું ખૂબ જ મહત્ત્વ છે. ભારતીય ઈતિહાસમાં પણ દ્રોણાચાર્ય, વશિષ્ઠ, સાંદીપનિ, પરશુરામ જેવા ગુરુઓ અમર થઈ ગયા છે. જે ગુરુનું સ્થાન કેટલું પૂજનીય છે એ બતાવે છે.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુને ત્રિદેવ(બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)ની સમકક્ષ અને અનંત જ્ઞાનની જીવંત મૂર્તિ ગણવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુને દક્ષિણામાં પોતાનું સમગ્ર રાજ્ય આપી દેનારા અને એથી પણ વિશેષ પોતાના હાથનો અંગૂઠો આપી દેનારા એકલવ્ય જેવા શિષ્યોની કથાઓ ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત ગુરુના મહત્ત્વપૂર્ણ સ્થાન તરફ અંગૂલિનિર્દેશ કરે છે.

આજે પણ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ભાવપૂર્વક ઊજવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુભાવના એક પવિત્ર સંસ્કાર ગણાય છે. આમ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં જોવા મળતું ગુરુનું પૂજનીય સ્થાન ભારતીયતાનું દ્યોતક છે.

૪.૨.૫ ભારતીય શિક્ષણમાં ગુરુ–શિષ્યનો અદ્વિતીય સંબંધ :

ભારતીય શિક્ષણમાં ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ અદ્વિતીય છે. આ પ્રકારનો વિશિષ્ટ સંબંધ વિશ્વના અન્ય દેશોમાં જોવા મળતો ન હોવાથી ભારતીયતાનું લક્ષણ બની રહે છે.

ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં શિષ્ય ગુરુને 'ગુરુ દેવો ભવ' અને 'આચાર્ય દેવો ભવ' કહીને પૂજનીય ગણતો. એ જ રીતે ગુરુ પણ શિષ્યોને પોતાના પુત્રો સમજીને વિદ્યાભ્યાસ કરાવતા. ગુરુ અને શિષ્ય વચ્ચેના ભાવનાત્મક સંબંધની અસર વર્ણવતા શ્રી લજ્જારામ તોમર નોંધે છે :

આ ગુરુકુળોનું જીવન તથા ગુરુ અને શિષ્યનો સંબંધ એટલો ઉદાત્ત અને આદર્શ હતો કે એ જીવનપદ્ધતિમાં ઊછરતા બધા વિદ્યાર્થીઓ અત્યંત તેજસ્વી, વિદ્યાવાન, બુદ્ધિમાન અને ચારિત્ર્યવાન બનતા.[૩૮]

આમ પ્રાચીન ભારતમાં ગુરુ–શિષ્યના ભાવનાત્મક સંબંધને લીધે જ શિષ્ય માટે ગુરુ બ્રહ્મસ્વરૂપ હતા. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરુ અને શિષ્યનો સંબંધ એટલો બધો ભાવનાત્મક હતો કે જ્યારે શિષ્ય પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને પોતાના ઘર તરફ પ્રયાણ કરે ત્યારે શિષ્યને વિદાય આપતી વખતે ગુરુ તથા શિષ્ય બંનેની આંખમાં આંસુ આવી જતા. આ બાબત ગુરુ–શિષ્ય વચ્ચેના ભાવપૂર્ણ અને મધુર સંબંધોનું સૂચન કરે છે.

ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ માત્ર અભ્યાસકાળ પૂરતો જ સીમિત ન હતો. પરંતુ જીવન પર્યંતનો હતો. શિષ્ય માત્ર વિદ્યાકાળ પૂરતો જ ગુરુને આદર આપતો એમ નહીં પણ આજીવન આદર આપતો. ભારતીય શિક્ષણ અંતર્ગત ગુરુ–શિષ્યના અવિનાભાવી સંબંધનું અવલોકન કરીને સમગ્રતઃ એમ કહી શકાય કે, ભારતીય શિક્ષણમાં શિષ્ય ગુરુપરાયણ અને ગુરુ શિષ્યપરાયણ છે.

આ રીતે ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં જોવા મળતો ગુરુ અને શિષ્ય વચ્ચેનો અદ્વિતીય સંબંધ ભારતીયતાનું સૂચન કરે છે.

આમ ભારતીય શિક્ષણનું સ્વરૂપ, ભારતીય શિક્ષણની પદ્ધતિઓ, ભારતીય શિક્ષણના ઉદ્દેશો, ભારતીય શિક્ષણમાં ગુરુનું પૂજનીય સ્થાન, ભારતીય શિક્ષણમાં ગુરુ–શિષ્યનો અદ્વિતીય સંબંધ વગેરે મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા–વિચારણા દ્વારા અહીં ભારતીયતાને શૈક્ષણિક પરિપ્રેક્ષ્યથી મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

૪.૩ સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ભારતીયતા :

ભારતનું સાહિત્ય એક છે કારણ કે એના સંસ્કારો વિભિન્ન નથી. વ્યોમના અસંખ્ય તારા ગણવાની ઉતાવળમાં અજ્ઞાનીઓ એમની તાલબદ્ધ ગતિ પારખી શકતા નથી, તેમજ વિશાળ અંતર, ભિન્ન લિપિ અને ભાષાઓના ભેદમાં ભારતીય સાહિત્યમાં રહેલી મૂળભૂત એકતા પણ ઘણા જોઈ શકતા નથી.[૩૯]

ભારતીય સંસ્કૃતિ અને ભારતીય અસ્મિતાના પ્રખર પુરસ્કર્તા શ્રી કનૈયાલાલ મુનશીએ ઉપર્યુક્ત મંતવ્યમાં ભારતીય સાહિત્ય અંતર્ગત રહેલી મૂળભૂત એકતા તરફ અંગૂલિનિર્દેશ કર્યો છે. ભારતીય સાહિત્યમાં પ્રવર્તતી આ મૂળભૂત ભાવનાત્મક એકતા એટલે જ ભારતીયતા.

ભારતીયતા ભારતીય સાહિત્યનું સુફળ છે. સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ભારતીયતા એટલે ભારતીય સાહિત્યમાં પ્રવર્તતી મૂળભૂત ભાવનાત્મક એકતા. વિવિધ ભાષા અને પ્રદેશોમાં રચાતા ભારતીય સાહિત્યમાં ગહન સ્તરે એવી કોઈ સાંસ્કૃતિક એકતા અને સમાનતા જોવા મળે છે, જે સમગ્ર ભારતીય સાહિત્યને એક તાંતણે બાંધી રાખે છે અને ભારતીયતાને પ્રગટ કરે છે. આમ ભારતીય સાહિત્યમાં પ્રવર્તતી મૂળભૂત ભાવનાત્મક એકતા ભારતીયતાની પરિચાયક છે.

આ ઉપરાંત ભારતીય સાહિત્યમાં પ્રવર્તતી આ ભારતીયતા ભારતીય સાહિત્યને વિશ્વના અન્ય સાહિત્યોથી અલગ ઓળખાણ અને વિશેષ દરજ્જો આપે છે. જેના લીધે વિશ્વસાહિત્યના ભાવકો પણ ભારતીય સાહિત્યની વિવિધ લાક્ષણિકતાઓથી પરિચિત થાય છે અને એ રીતે ભારતીયતાની વિશિષ્ટ છબી આપમેળે ઊપસી આવે છે. આ રીતે પણ ભારતીયતા એ ભારતીય સાહિત્યમાં જોવા મળતી મૂળભૂત ભાવનાત્મક એકતા છે.

ભારતીયતાને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં તપાસવી હોય તો ભારતીય સાહિત્યમાં થતું ભારતીય સંવેદનાઓ અને ભારતીય સમસ્યાઓનું નિરૂપણ તેમજ ભારતીય સાહિત્યમાંથી પ્રગટતો વાસ્તવબોધ, સૌંદર્યબોધ, મૂલ્યબોધ વગેરે મુદ્દાઓની ચર્ચા–વિચારણા કરવી પડે.

ભારતીય પ્રજા પાસે એવી કેટલીક સંવેદનાઓ અને સમસ્યાઓ છે કે જે લાક્ષણિકપણે ભારતીય જ હોય અને ભારતીય પ્રજા જ અનુભવતી હોય. એવી સંવેદનાઓ અને સમસ્યાઓ કે જેને વાંચતા પ્રત્યેક ભારતવાસી એવું અનુભવે કે પોતાની સંવેદનાઓ અને સમસ્યાઓને જ અહીં અભિવ્યક્તિ મળી છે. ભારતીય સાહિત્યમાં આ પ્રકારની ભારતીય સંવેદનાઓ અને સમસ્યાઓનું થયેલું આલેખન અને તેના અભ્યાસથી ભારતીયતાને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં મૂલવી શકાય.

૪.૩.૧ ભારતીય સાહિત્યમાં ભારતીય સંવેદનાનું આલેખન :

ભારતીય સાહિત્યની કૃતિઓમાં ભારતીય સંવેદનાઓનું આલેખન થતું જ હોય છે. કોઈ પણ ભારતીય સર્જક ભલે પ્રાદેશિક ભાષામાં સાહિત્યસર્જન કરતો હોય પરંતુ તેની કૃતિમાં ભારતીય સંવેદનાઓનું નિરૂપણ જાણ્યે–અજાણ્યે પણ થતું જ રહે છે. એટલે જ ડૉ. પ્રવીણ દરજી કહે છે :

આપણે મરાઠી, કાશ્મીરી, તેલુગુ, ગુજરાતી, હિન્દી કે બંગાળી, કન્નડમાં લખીએ છીએ, ત્યારે ત્યાં આપણી સમક્ષ પ્રાન્ત છે પણ તેની સાથે અમુક અંશે ભારતદેશ પણ હોય છે. એ ભારતની ઘટનાઓ હોય છે, ભારતીય માનવીની સંવેદનાઓ હોય છે. પેલો પ્રદેશ કે જે–તે પ્રદેશની અમુક–તમુક ભાષા એવા 'ભારત' કે 'ભારતીયતા'ને પ્રકટ કરવામાં વ્યવધાનરૂપ બનતી નથી. બનવી પણ ન જોઈએ. ભાષા ભલે અલગ છે પણ નિષ્ઠાવાન સર્જકનો પ્રયત્ન તો પ્રાન્તની સાથે ત્યાં ભારતીય સંવેદનાને પણ શકય તેટલે અંશે અવતારવાનો રહેતો હોય છે.[૪૦]

આમ ભારતીય સાહિત્યમાં આ રીતે ભારતીય સંવેદનાઓનું થતું આલેખન ભારતીયતાનો પરિચય કરાવે છે. ભારતીય સાહિત્યમાં થતાં ભારતીય સંવેદનાઓનાં આલેખન દ્વારા પ્રગટતી ભારતીયતા વિશે આપણે વાત કરીએ.

ભારતીય પ્રજાએ હંમેશા નર–નારીના પ્રેમ સંબંધને પવિત્ર માનીને તેની વંદના કરી છે. ભારતીય સમાજમાં નારીને શક્તિ, ભક્તિ અને લક્ષ્મીનો અવતાર માનીને પૂજનીય ગણવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની માન્યતા મુજબ સ્ત્રી ગમે તેવા અનિષ્ટ અને અમંગળ તત્ત્વો ઉપર પોતાના પ્રેમ અને આત્મભોગથી વિજય મેળવી શકે છે. ભારતીય પ્રજા સ્ત્રીના બધાં સ્વરૂપો(માતા, બહેન, પત્ની, ભાભી)માં અનન્ય અને અદ્ભૂત શ્રદ્ધા ધરાવે છે. ભારતીય પ્રજાને માતાની મમતા, બહેનનું નિઃસ્વાર્થ હેત, ભાભીનો ભાવસભર સ્નેહ અને પત્નીના પાવનકારી પ્રેમમાં અચલ વિશ્વાસ છે. ભારતીય નારીને મમતા, કરુણા, ક્ષમા, દયા, ત્યાગ, પ્રેમ, ઉદારતા, ધીરજ, ભક્તિભાવ અને સહનશીલતાની જીવંત મૂર્તિ માનવામાં આવે છે. ભારતીય નારીજીવન સાથે જોડાયેલા આ પ્રકારના સર્વ ખ્યાલો અને ભાવો ભારતીય સંવેદનાઓ ગણાય છે. આ પ્રકારના ભારતીય સંવેદનો કાલિદાસની 'અભિજ્ઞાન શાકુંતલમ્', ભવભૂતિની 'ઉત્તરરામચરિત્', રવીન્દ્રનાથ ટાગોરની 'ગોરા', શરદબાબુની 'વિપ્રદાસ', રમાકાન્ત રથની 'શ્રી રાધા', ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર', મૈત્રેયીદેવીની 'ન હન્યતે', જયશંકર પ્રસાદની 'કામાયની' વગેરે કૃતિઓમાં આલેખન પામ્યાં છે. જે ભારતીયતાનો પરિચય છે.

ભારતીય પ્રજાએ હંમેશા માણસમાં રહેલી માણસાઈ(માનવતા)ને મહત્ત્વની ગણીને માણસમાં રહેલી મહાનતા અને ઉદાત્તતાને સ્વીકારી છે. ભારતીય પ્રજા પાપી અને પતિત વ્યક્તિમાં રહેલા સદ્ગુણોને પણ પુરસ્કારે છે. ભારતીય સર્જકે સ્ખલનશીલ મનુષ્યની અંદર રહેલા મનુષ્યત્વને મહત્ત્વનું માન્યું છે. આ પ્રકારની ભારતીય સંવેદના અનેક ભારતીય કૃતિઓમાં નિરૂપણ પામી છે. ''न मनुष्य पाप करता है, न पुण्य करता है, वह सिर्फ वही करता है, जो उसे करना पडता है ।'' એવું જીવનસત્ય પ્રગટાવતી ભગવતીચરણ વર્માની નવલકથા 'ચિત્રલેખા' આ સંદર્ભે નોંધવા યોગ્ય છે. આ ઉપરાંત રવીન્દ્રનાથ ટાગોર, ક. મા. મુનશી, 'દર્શક' વગેરેએ માનવમાં રહેલા મહામાનવના વિરાટ શબ્દચિત્રો દોરવાનો સુંદર પ્રયાસ કર્યો છે. કવિ 'સુન્દરમ્'ની 'હું માનવી માનવ થાઉં તો ઘણું' અને ઉમાશંકર જોશીની 'વ્યક્તિ મટી બનું હું વિશ્વમાનવી' જેવી કાવ્યપંક્તિઓ ભારતીય પ્રજાની મૂળભૂત સંવેદનાઓ છે. જે ભારતીયતાનાં લક્ષણો છે.

ભારતીય પ્રજાની અધ્યાત્મભાવના કાબિલેદાદ છે. ભારતીય પ્રજા ઈશ્વરને સર્વેસર્વા અને સમગ્ર સૃષ્ટિનો કર્તા–હર્તા–પાલનકર્તા માનીને ઈશ્વરની સર્વશ્રેષ્ઠતા તથા સાર્વત્રિકતાને સ્વીકારે છે. ભારતીય પ્રજાએ ધર્મ, અર્થ, કામને ભોગવીને અંતે તો મોક્ષને જ જીવનનું અંતિમ લક્ષ્ય માન્યું છે. ઈશ્વરભક્તિ માનવજીવનનો પરમ ઉદ્દેશ છે એ સંવેદન ભારતીય પ્રજાના લોહીમાં વણાયેલું છે. આ પ્રકારની આધ્યાત્મિક, ધાર્મિક અને વિશિષ્ટ જીવનદષ્ટિને મૂર્ત કરતા સંવેદનો તુલસીદાસ, સૂરદાસ, કબીર, શંકરદેવ, ચંડીદાસ, તુકારામ, નરસિંહ, મીરાં, અક્કા, અખો, દયારામ વગેરે ભક્ત–કવિઓની રચનાઓમાં નિરૂપણ પામ્યાં છે. એ જ રીતે તમિલ ભાષાનું 'સંગમસાહિત્ય', કન્નડ ભાષાનું 'વચનસાહિત્ય', ઈત્તર પ્રાંતોની ભાષાઓનું 'ભજનસાહિત્ય', ખોજા–વ્હોરા અને મુસ્લિમોનું 'ગિનાન અને નસીઅતસાહિત્ય' વગેરેમાં પણ આ પ્રકારનાં ભારતીય સંવેદનો આલેખાયા છે. જે ભારતીયતાની ઝાંખી કરાવે છે.

આમ ભારતીય સાહિત્યમાં વિવિધ ભારતીય સંવેદનાઓનું થયેલું આલેખન ભારતીયતાની સાક્ષી પૂરે છે.

૪.૩.૨ ભારતીય સાહિત્યમાં ભારતીય સમસ્યાઓનું આલેખન :

ભારતીય પ્રજા પાસે વિશિષ્ટ સંવેદનાઓ છે એમ કેટલીક પોતીકી સમસ્યાઓ પણ છે. જે લાક્ષણિકપણે ભારત સાથે જ જોડાયેલી છે. આ પ્રકારની ભારતીય સમસ્યાઓનું ભારતીય સાહિત્યમાં થયેલું નિરૂપણ ભારતીયતાનું પરિચાયક બની રહે છે.

ભારતીય સમાજમાં કુટુંબવ્યવસ્થા અને વર્ણવ્યવસ્થાને લીધે કેટલીક સમસ્યાઓ ઊભી થઈ. ભારતીય સમાજમાં જ્ઞાતિ–જ્ઞાતિ વચ્ચેના ભેદભાવો અને રૂઢિચુસ્તતાને લીધે નહીં પરણી શકતા બે ઋજુ યુવક–યુવતી(કાનજી–જીવી)ની કરૂણ કથા પન્નાલાલ પટેલે 'મળેલા જીવ' નવલકથામાં આલેખી છે. એ જ રીતે ભારતીય સમાજવ્યવસ્થાની સંયુક્ત કુટુંબપ્રથાને લીધે કુળવધૂને પડતી અપાર મુશ્કેલીઓનું દયાપ્રેરક વર્ણન ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર' નવલકથાના બીજા ભાગમાં કર્યું છે. જે ભારતીયતાનું દ્યોતક છે.

ભારતીય નારીને થયેલા અન્યાય, અપમાન અને શોષણની વરવી વાસ્તવિકતાનું નિરૂપણ 'સાત પગલાં આકાશમાં', 'અખેપાતર', 'અમૃતસ્ય પુત્રી' વગેરે ભારતીય કૃતિઓમાં જોવા મળે છે. એ જ રીતે ભારતીય સમાજની દલિત, પીડિત, શોષિત પ્રજાના શોષણનું હૃદયદ્રાવક ચિત્ર પણ ભારતીય સાહિત્યની અનેક કૃતિઓમાં જોવા મળે છે.

ભારતની મહત્તમ પ્રજા ગામડાઓમાં વસે છે. આ ભારતીય પ્રજાની ગ્રામ્ય સમસ્યાઓનું વાસ્તવિક આલેખન 'માનવીની ભવાઈ', 'લીલુડી ધરતી', 'ગણદેવતા', 'રાગ દરબારી', 'ગોદાન', 'ગ્રામાયણ', 'મૈલા આંચલ', 'ધી વીલેજ' વગેરે ભારતીય કૃતિઓમાં જોવા મળે છે. જે ભારતીયતાનાં દર્શન કરાવે છે.

ભારતની આઝાદી વખતે થયેલા ભારત પાકિસ્તાનના વિભાજનમાંથી ઉદ્ભવેલી સમસ્યાઓનું આલેખન 'તમસ', 'દો દુનિયા', 'ટ્રેઈન ટુ પાકિસ્તાન' વગેરે ભારતીય કૃતિઓમાં જોવા મળે છે. જે ભારતીયતાનું પરિચાયક છે.

આ ઉપરાંત આઝાદી પછી જોયેલા સ્વપ્નાઓ સમયાંતરે તૂટતા રહ્યા અને ભ્રષ્ટાચારથી ઊભી થયેલી ભારતની સમસ્યાઓનું યથાર્થ આલેખન 'રાગ દરબારી', 'અપને લોગ', 'રંગમહલ', 'દ્રોપદી', 'મુખ્યમંત્રી', 'સિંહાસન', 'ગાંધીની કાવડ', 'મોટા અપરાધી મહેલમાં' વગેરે ભારતીય કૃતિઓમાં જોવા મળે છે. જે ભારતીયતાનો પરિચય કરાવે છે.

આ રીતે ભારતીય પ્રજાની વિવિધ સમસ્યાઓનું ભારતીય સાહિત્યમાં યથાર્થ આલેખન જોવા મળે છે. જે ભારતીયતાની લાક્ષણિકતા બની રહે છે.

૪.૩.૩ ભારતીય સાહિત્યમાં પ્રગટતો વાસ્તવબોધ :

ભારતીય સાહિત્યમાંથી પ્રગટતો વાસ્તવબોધ ભારતીયતાનો હૂબહૂ પરિચય કરાવે છે. ભારતમાં જ સંભવી શકે એવા વિષયવસ્તુમાંથી વાસ્તવિક બોધ પ્રગટાવતી ભારતીય કૃતિઓ ભારતીયતાથી છલોછલ ભરેલી છે.

પોતાના આંગણે ગાય બાંધવાના સ્વપ્નને જીવનભર પૂર્ણ ન કરી શકનાર ભારતીય ખેડૂતના મૃત્યુ બાદ તેની પત્ની ગોદાન કરે એવા વિષયવસ્તુને આલેખતી

પ્રેમચંદની 'ગોદાન', પોતાની અકિંચન અવસ્થાને લીધે પુત્રી પરણાવવા અશક્ત પિતા અંતે એક વયોવૃદ્ધ પુરુષ સાથે પુત્રીને પરણાવી દઈને કન્યાદાન આપી પોતે એક મહાપાપમાંથી ઉગરી ગયાનો સંતોષ અનુભવે એવો વિષય ધરાવતી કમલકુમાર મજમુદારની 'અંતર્જલિ યાત્રા', છપ્પનિયા દુષ્કાળમાં જગતના તાત ગણાતા ખેડૂતને પણ ભૂખ માટે ભીખ માગવી પડે ત્યારે અકળાઈ ઊઠતો ભારતીય ખેડૂત શાહુકારના અનાજ ભરેલા ગાડા લૂંટવા હાથમાં તલવાર લઈને નીકળી પડે અને રસ્તામાં ભુખ્યા લોકોને જીવતા પ્રાણીને બચકા ભરતા જોઈને પોતાની તલવાર એ તરફ ફેંકે એવા કરૂણ–વાસ્તવિક જીવનને નિરૂપતી પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' વગેરે નવલકથાઓમાં ભારતીય સાહિત્યનો વાસ્તવબોધ આબેહૂબ રીતે પ્રગટયો છે. એ જ રીતે વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની 'પથેરપાંચાલી', 'આરણ્યક', બિમલ મિત્રની 'સાહેબ, બીબી, ગુલામ', રાજેન્દ્રસિંહ બેદીની 'એક ચાદર મૈલી સી' વગેરે ભારતીય કૃતિઓમાં ભારતીય સાહિત્યનો વાસ્તવબોધ પ્રગટે છે. જે ભારતીયતાની ઝાંખી કરાવે છે.

૪.૩.૪ ભારતીય સાહિત્યમાંથી પ્રગટતો સૌંદર્યબોધ :

ભારતીય પ્રજા વિશ્વની અન્ય પ્રજાઓથી તદ્દન ભિન્ન એવી વિશિષ્ટ પ્રકારની સૌંદર્યદષ્ટિ ધરાવે છે. ભારતીય પ્રજા બાહ્ય સૌંદર્યને બદલે આત્માની સુંદરતાને પ્રાધાન્ય આપીને આંતરિક સૌંદર્યનો મહિમા કરે છે એટલે જ ડૉ. નરેશ વેદ કહે છે :

ભારતીય સૌંદર્યદષ્ટિ વિશ્વની અન્ય પ્રજાઓથી ભિન્ન છે. અન્ય પ્રજાઓ જ્યારે વસ્તુ અને તેના ઉપાદાનમાં સૌંદર્ય જુએ છે ત્યારે ભારતીય પ્રજા મનુષ્યદષ્ટિમાં સૌંદર્ય હોવાનું માને છે. ભારતીય પ્રજા પાસે સુંદરતા માટે બે સંજ્ઞાઓ છે લાવણ્ય અને રમણીયતા. સપ્રમાણ અંગેઅંગના સામંજસ્યમાંથી સ્ફૂરતી સંવાદિતા અને સમગ્રતામાંથી ઉપસતી કાંતિ એ લાવણ્ય અને ક્ષણે ક્ષણે નવતા નિપજાવતી રૂપાવલિ એટલે રમણીયતા, એવા એના આગવા ખ્યાલો છે.[૪૧]

આમ ભારતીય પ્રજા આંતરિક સૌંદર્યને મહત્ત્વપૂર્ણ માને છે અને એટલે જ ભારતીય સૌંદર્યબોધમાં આધ્યાત્મિકતા, સાત્ત્વિકતા અને નૈતિકતાનો ત્રિવિધ સંગમ

જોવા મળે છે. ભારતીય પ્રજાની માન્યતા પ્રમાણે સાચું સૌંદર્ય તો ચૈતન્યની આંતરસ્થિતિ છે. જેમાંથી પ્રેમ, ઉદારતા, કરૂણા અને દયાનાં ઝરણાં ફૂટતાં રહે છે. કારણ કે આત્માનું સૌંદર્ય જ સનાતન છે. ભારતીય પ્રજાનો આ પ્રકારનો વિશિષ્ટ સૌંદર્યબોધ રામાયણના 'સુંદરકાંડ', કાલિદાસની 'મેઘદૂત', રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલી', રામધારીસિંહ દિનકરની 'ઉવર્શી', મૈત્રેયીદેવીની 'ન હન્યતે' વગેરે કૃતિઓ તેમજ ભારતીય ભાષાઓની રંગદર્શી કાવ્યધારાના પ્રકૃતિકાવ્યો અને પ્રણયકાવ્યોમાંથી અવિરત પ્રગટતો રહ્યો છે. જે ભારતીયતાનો પરિચય પૂરો પાડે છે.

૪.૩.૫ ભારતીય સાહિત્યમાં પ્રગટતો મૂલ્યબોધ :

ભારતીય સંસ્કૃતિમાં માનવજીવનને ઉન્નત બનાવનારા વિવિધ જીવનમૂલ્યોનું ખૂબ જ મહત્ત્વ હોવાથી ભારતીય પ્રજાનો મૂલ્યબોધ વિશિષ્ટ અને આગવો છે. ભારતીય પ્રજા માત્ર ભૌતિક વિકાસને જ મહત્ત્વ આપતી નથી, પરંતુ જીવનમૂલ્યોનું ઉત્તરોત્તર સંવર્ધન થતું રહે અને એ રીતે નૈતિકતા સાથે જીવન પણ આધ્યાત્મિક ઉન્નતિ તરફ વિકસતું રહે એની ભારતીય પ્રજાએ ખાસ ખેવના રાખી છે. એટલે જ ભારતીય પ્રજાના મૂલ્યબોધ વિશે ડૉ. નરેશ વેદ કહે છે :

ભારતીય પ્રજાની મૂલ્યદષ્ટિ પણ વિશિષ્ટ છે. મૈત્રી, મુદિતા, કરુણા, ઉપેક્ષા જેવા જીવનમૂલ્યો વડે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ચાર જીવન પુરુષાર્થો સંસિદ્ધ કરવાની ધારણા રાખતી આ પ્રજાનો મૂલ્યબોધ અનન્ય છે. એની દષ્ટિએ જીવનમાં પ્રેમ, મમતા, વત્સલતા, દયા, ક્ષમા, ઉદારતા, શૌર્ય, ધૈર્ય, જપ, તપ, તિતિક્ષા, અભીપ્સા જેવા ભાવમૂલ્યોનો ઘણો મહિમા છે.[૪૨]

આમ ભારતીય પ્રજાને મન જીવનમાં આધ્યાત્મિકતા, સાત્ત્વિકતા અને નૈતિકતાનો સંચાર કરનારા જીવનમૂલ્યો અમૂલ્ય છે. ભારતીય પ્રજાનો આ વિશિષ્ટ પ્રકારનો મૂલ્યબોધ રવીન્દ્રનાથ ટાગોરની 'ગોરા', 'ઘરે–બાહિરે', ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર', વિશ્વનાથ સત્યનારાયણની 'વેડિયપડગલુ'(સહસ્રફેણ), મિર્જિ અણ્ણારાવની 'રાષ્ટ્રપુરુષ', કનૈયાલાલ મુનશીની 'તપસ્વિની' વગેરે ભારતીય કૃતિઓમાંથી અસ્ખલિત રીતે પ્રગટતો રહ્યો છે. જે ભારતીયતાની સાક્ષી પૂરે છે.

આ રીતે ભારતીય સાહિત્યમાં થયેલું ભારતીય સંવેદનાઓ તથા ભારતીય સમસ્યાઓનું આલેખન, ભારતીય સાહિત્યમાંથી પ્રગટતો વાસ્તવબોધ, સૌંદર્યબોધ, મૂલ્યબોધ વગેરે મુદ્દાઓની વિચારણા દ્વારા ભારતીયતાને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં મૂલવીને, ભારતીય સાહિત્યમાં પ્રવર્તતી મૂળભૂત ભાવનાત્મક એકતા તરીકે ભારતીયતાનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે.

આમ સમગ્રતઃ અહીં સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ભારતીયતાની ચર્ચા–વિચારણા કરી, ભારતીયતાનાં સ્વરૂપને વિસ્તૃત રીતે સ્પષ્ટ કરીને તેના વિભાવનાગત ખ્યાલોને તારવ્યા છે. આ રીતે ભારતીયતા એક વિશિષ્ટ ભાવધારા છે.





ભારતીયતાની વિવિધ લાક્ષણિકતાઓ

આ પૂર્વે ભારતીયતાના અનુસંધાને આપણે 'ભારત' અને 'ભારતીય'ના ખ્યાલો સ્પષ્ટ કરીને 'ભારતીયતા'ની વિભાવના સ્પષ્ટ કરી છે. ત્યાર બાદ ભારતીયતાની વિભાવનાના વિસ્તૃત સ્પષ્ટીકરણ માટે ભારતીયતાને સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક એમ વિભિન્ન પરિપ્રેક્ષ્યમાં તપાસવાનો પ્રયાસ પણ કર્યો છે. ભારતીયતા સંદર્ભે થયેલી આ સમગ્ર ચર્ચા–વિચારણાના આધારે ભારતીયતાની લાક્ષણિકતાઓ નીચે મુજબ તારવી શકાય.

૫.૧ ભારતીય ધર્મભાવના :

ધર્મ એ ભારતીય સંસ્કૃતિનું પ્રાણભૂત તત્ત્વ હોવાથી ભારતીય ધર્મભાવના ભારતીયતાનું પ્રમુખ લક્ષણ છે. ભારતીય પ્રજાની ધર્મભાવનામાં આધ્યાત્મિકતા, નિષ્કામ ભક્તિભાવ અને અચલ ઈશ્વરશ્રદ્ધાનો અપૂર્વ એવો ત્રિવેણી સંગમ જોવા મળે છે. એ જ રીતે ઈશ્વરની સર્વોપરીતા, સાર્વત્રિકતા અને ભક્તવત્સલતા ભારતીય

ધર્મભાવનાના ત્રિવિધ લક્ષણો છે. આ ઉપરાંત 'આત્માની અમરતા', 'દેહની નાશવંતતા', 'જીવ અને શિવનો વિશિષ્ટ સંબંધ', 'માનવજીવનનું અંતિમ લક્ષ્ય–મોક્ષ' વગેરે જ્ઞાનપરક બાબતો અને ધ્યાન, જપ, તપ, ઉપવાસ, કથા, કીર્તન, ભજન, યજ્ઞ જેવા ધાર્મિક વિધિ–વિધાનો પણ ભારતીય ધર્મભાવનાનાં આવશ્યક અંગો છે. તેમજ નવધા–ભક્તિ અને પ્રેમલક્ષણા–ભક્તિના સ્વરૂપે ભારતીય પ્રજાની ધર્મભાવના અવનવા ભાવ–સંવેદનો સાથે પ્રગટતી રહે છે. આમ ભારતીય પ્રજાની વિશિષ્ટ ધર્મભાવના ભારતીયતાનો આબેહૂબ પરિચય કરાવે છે.

૫.૨ ભારતીય સમાજજીવન :

ભારતીય પ્રજા પાસે એક આગવું અને સ્વાયત એવું સમાજજીવન છે. ભારતીય સમાજની સંયુક્ત કુટુંબપ્રથા, પતિ–પત્નીના મિલનને બે આત્માઓના પવિત્ર મિલન તરીકે ઓળખાવતો લગ્ન–સંસ્કાર, જન્મ નહીં પરંતુ કર્મના આધારે રચાયેલી અને કર્મનો મહિમા પ્રસ્તુત કરતી વર્ણવ્યવસ્થા(જ્ઞાતિવ્યવસ્થા), ધર્મ–અર્થ–કામ અને મોક્ષ જેવા ચાર પુરુષાર્થોને સાંકળીને માનવજીવનને ચાર વિભાગમાં વહેંચતી આદર્શ આશ્રમવ્યવસ્થા, ભારતીય નારીનાં વિવિધ સ્વરૂપોમાં શ્રદ્ધા અને અચલ વિશ્વાસ રાખીને તેને આપવામાં આવતું ગૌરવપૂર્ણ સ્થાન, દરેક દિવસને તહેવારમાં ફેરવીને આઠે પ્રહર આનંદ માણતી પ્રજાની વિશિષ્ટ એવી ઉત્સવપ્રીતિ વગેરે બાબતો ભારતીયતાની પરિચાયક છે. આમ ભારતીય સમાજજીવન પણ ભારતીયતાની સુંદર ઝાંખી કરાવે છે.

૫.૩ ભારતીય કુટુંબભાવના :

ભારતીય પ્રજાની કુટુંબભાવના અદ્વિતીય છે. ભારતીય પ્રજા સમન્વયનો મહિમા કરતી હોવાથી સંયુક્ત કુટુંબપ્રથામાં માને છે. આ સંયુક્ત કુટુંબની પ્રથા વિશ્વમાં અન્ય કોઈ જગ્યાએ ન હોવાથી તેને 'ભારતીય કુટુંબ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય કુટુંબમાં ઘરના એક વડીલ સમગ્ર ઘરનું સુસંચાલન કરે છે અને કુટુંબના બધા સભ્યો તેમની આજ્ઞાનો અનાદર કરતા નથી. આ સંયુક્ત કુટુંબના સભ્યો હળીમળીને તથા એકબીજાના પૂરક બનીને રહે છે. ભારતીય કુટુંબમાં ઘરના સભ્યો ઉપરાંત ગાય, કૂતરો, બળદ, કાગડો, પોપટ, કબૂતર, ચકલી વગેરેને

પણ પરિવારના સભ્યો જેટલું માન આપીને તેમનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આપણે ત્યાં વારંવાર થતા સૂરજદાદા, ચાંદામામા, વડદાદા, ગાયમાતા, ધરતીમાતા, નદીમાતા, દરિયાદેવ, નાગદાદા, બિલ્લીમાસી વગેરે સંબોધનોમાં ભારતીય કુટુંબની સ્નેહસભર પારિવારિક ભાવનાના હૂબહૂ દર્શન થાય છે. આમ ભારતીય પ્રજાની વિશિષ્ટ એવી કુટુંબભાવના ભારતીયતાનું લક્ષણ છે.

૫.૪ ભારતીય શિક્ષણ :

ભારતીય શિક્ષણ એટલે જ્ઞાનની અગણિત ધારાઓનો સુભગ સમન્વય ધરાવતું અને તમામ વિષયોનું સંપૂર્ણ જ્ઞાન આપતું તપોવન પદ્ધતિનું શિક્ષણ. ભારતીય શિક્ષણમાં માત્ર પુસ્તકોનું જ્ઞાન જ મહત્ત્વનું નથી, પરંતુ માનવજીવનને ઉન્નત બનાવનારા વિવિધ નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક તત્ત્વોનાં જ્ઞાનનો પણ સમાવેશ થાય છે. ભારતીય શિક્ષણ સંવાદ, પ્રશ્નોત્તરી અને કથન(વ્યાખ્યાન)ની ત્રિવિધ પદ્ધતિ દ્વારા તેમજ રોજબરોજની પ્રવૃત્તિઓ અને વર્તન–વ્યવહાર દ્વારા શિષ્યને જીવનની સમ્યક સમજણ આપવાનો પ્રયાસ કરે છે. માનવજીવનનો સર્વાંગી વિકાસ થાય એ ભારતીય શિક્ષણનો પ્રમુખ ઉદ્દેશ છે. આ ઉપરાંત ભારતીય શિક્ષણમાં ગુરુનું પૂજનીય સ્થાન અને ગુરુ–શિષ્ય વચ્ચેના અદ્વિતીય સંબંધો જેવી લાક્ષણિકતાઓ પણ ભારતીયતાની સાક્ષી પૂરે છે. આમ ભારતીય શિક્ષણ સાથે સંકળાયેલી ઉપર્યુક્ત સર્વ બાબતો ભારતીયતાનાં દર્શન કરાવે છે.

૫.૫ ભારતીય સંવેદનો :

ભારતીય પ્રજા કેટલાક વિશિષ્ટ ભાવસંવેદનો ધરાવે છે. ભારતીય પ્રજા નારીનાં મંગલકારી અને પાવનકારી સ્વરૂપને આદર આપીને તેનાં તરફ વિશેષ પૂજયભાવ ધરાવે છે. ભારતીય પ્રજાનું આ નારી સંવેદન અન્ય દેશોમાં ન જોવા મળતું હોવાથી તે ભારતીય સંવેદન બની રહે છે. ભારતીય પ્રજાએ માણસમાં રહેલી માણસાઈ(માનવતા)ને મહત્ત્વપૂર્ણ ગણીને, માણસમાં રહેલાં શુભ તત્ત્વોના સ્વીકાર સાથે તેની મહાનતા અને ઉદાત્તતાને પ્રાધાન્ય આપ્યું છે. માણસમાં રહેલી માનવતાને મહાન મંત્ર ગણીને ભારતીય પ્રજાએ માનવધર્મને સૌથી મોટો ધર્મ માન્યો છે. ભારતીય પ્રજાનો આ માનવતાપ્રધાન ભાવ તેનું એક વિશિષ્ટ સંવેદન બની રહે છે.

ભારતીય પ્રજા ઈશ્વરને સમગ્ર સૃષ્ટિના કર્તા–હર્તા–પાલનકર્તા માનીને તેને સર્વશક્તિમાન ગણે છે અને જપ, તપ, પૂજા, પ્રાર્થના, ધ્યાન, ભજન, યજ્ઞ, કથા, કીર્તન વગેરે દ્વારા તેનાં ગુણગાન ગાયા કરે છે. ભારતીય પ્રજાનો આ ભક્તિભાવ પણ તેનું એક વિલક્ષણ સંવેદન છે. આ ઉપરાંત ભારતીય પ્રજા અન્ય કેટલાંક સાંસ્કૃતિક, ધાર્મિક, તાત્ત્વિક, સામાજિક, શૈક્ષણિક, આધ્યાત્મિક અને પરંપરાગત સંવેદનો પણ ધરાવે છે. ભારતીય પ્રજાનાં આ બધાં સંવેદનો ભારતીયતાની લાક્ષણિકતાઓ છે.

૫.૬ ભારતીય સમસ્યાઓ :

ભારતીય પ્રજા પાસે કેટલીક પોતીકી સમસ્યાઓ પણ છે. જે લાક્ષણિકપણે ભારત સાથે જોડાયેલી હોવાથી 'ભારતીય સમસ્યાઓ' તરીકે ઓળખાય છે. આ પ્રકારની ભારતીય સમસ્યાઓમાં ભારતીય કુટુંબવ્યવસ્થાને લીધે સંયુક્ત પરિવારના સભ્યો વચ્ચેના મનદુઃખમાંથી ઊભી થતી સમસ્યાઓ, ભારતીય લગ્નપ્રથાને લીધે રૂઢિચુસ્ત લોકોમાં પ્રવર્તતી સમસ્યાઓ, ભારતીય વર્ણવ્યવસ્થાને લીધે જ્ઞાતિ–જ્ઞાતિ વચ્ચેની ભેદભાવભરી સમસ્યાઓ, ભારતીય નારીને થયેલાં અન્યાય–અપમાન અને શોષણથી ઊભી થયેલી સમસ્યાઓ, ભારતના ગ્રામ્ય પ્રદેશોમાં જોવા મળતી સમસ્યાઓ, ભારતીય પ્રજાએ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ વખતે જોયેલા સ્વપ્નાઓ સમયાંતરે તૂટયાની અને ભ્રષ્ટાચારથી ઊભી થયેલી રાજકીય સમસ્યાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ બધી સમસ્યાઓ ભારતીય પ્રજામાનસ સાથે સકંળાયેલી હોવાથી ભારતીયતાની પરિચાયક બની રહે છે.

૫.૭ ભારતીય જીવનભાવના :

ભારતીય પ્રજાની જીવનભાવના વિશિષ્ટ છે. ભારતીય પ્રજા જીવન અને કાળને અંશ કે ખંડમાં વિભાજિત કરી જોવાને બદલે જન્મજન્માંતરના અને અખંડ કાળના ખ્યાલોને પુરસ્કારતી નિરંતરતામાં અચલ વિશ્વાસ ધરાવે છે. આ ઉપરાંત ભારતીય પ્રજા પુનર્જન્મ અને અવતારવાદમાં પણ ભરપૂર શ્રદ્ધા રાખે છે. ભારતીય પ્રજાને મન જીવન અખંડ અને નિરંતર ચાલતી પ્રક્રિયા હોવાથી ભારતીય સંસ્કૃતિમાં મૃત્યુને પણ મંગલકારી અને મોક્ષનું પ્રવેશદ્વાર ગણવામાં આવે છે. કારણ કે ભારતીય માન્યતા અનુસાર મૃત્યુ પછી જીવ શિવમાં ભળી જાય છે અને એટલે જ આપણે ત્યાં

મૃત્યુ બાદ બારમા દિવસે શિવમંદિરમાં દીવો મૂકવા જવાની પરંપરા છે. એ જ રીતે આ જન્મમાં કરેલા પાપ–પુણ્યનાં ફળ આવતા જન્મમાં પણ મળે જ છે એવી દઢ માન્યતા ધરાવતી ભારતીય પ્રજાનું જીવન કર્મવાદ અને કર્મભક્તિના સહારે ચાલે છે. ભારતીય પ્રજા જીવનને આનંદ–ઉલ્લાસનું અધિષ્ઠાન માનીને આઠે પ્રહર આનંદમાં રહેવાનું ઈચ્છે છે. તેમજ ભારતીય પ્રજા ધર્મ, અર્થ, કામને ભોગવ્યા પછી પણ માનવજીવનનું અંતિમ લક્ષ્ય પરમતત્ત્વની પ્રાપ્તિ અને મોક્ષને જ માને છે. આ પ્રકારની વિશિષ્ટ જીવનભાવના ભારતીયતાનો પરિચય કરાવે છે.

૫.૮ ભારતીય જીવનમૂલ્યો :

ભારતીય પ્રજાને મન જીવનમૂલ્યોનું ખૂબ જ મહત્ત્વ છે. ભારતીય પ્રજા ભૌતિક સુખ–શાંતિને જ મહત્ત્વ આપતી નથી પરંતુ માનવજીવનને ઉન્નત અને ઊર્ધ્વગામી બનાવનારા નૈતિક તથા આધ્યાત્મિક જીવનમૂલ્યોને પણ પ્રાધાન્ય આપે છે. એટલે જ ભારતીય પ્રજાનો મૂલ્યબોધ અનન્ય છે એમ કહેવાય છે. ભારતીય પ્રજા પાસે ધર્મ, ભક્તિ, સત્ય, ઉદારતા, અહિંસા, નીતિ, પ્રમાણિકતા, સાદગી, સહનશીલતા, ભાઈચારો, સંયમ, વિશ્વબંધુત્ત્વ, બિનસાંપ્રદાયિકતા, સર્વધર્મ–સમભાવની નીતિ, દાન, મૈત્રી, કરૂણા, પ્રેમ, મમતા, વાત્સલ્ય, દયા, ક્ષમા, શૌર્ય, ધૈર્ય, બલિદાન, જપ, તપ, સમાનતા, સહિષ્ણુતા, સહાનુભૂતિ વગેરે જીવનમૂલ્યોનો કુબેરભંડાર છે. જે ભારતીય પ્રજાની મૂલ્યદષ્ટિનો મહિમા પ્રસ્તુત કરીને ભારતીયતાનો હૂબહૂ પરિચય આપે છે.

૫.૯ ભારતીય સૌંદર્યબોધ :

ભારતીય પ્રજાની સૌંદર્યભાવના અદ્વિતીય છે. કારણ કે ભારતીય પ્રજા વિશ્વની અન્ય પ્રજાઓથી તદ્દન ભિન્ન એવી વિશિષ્ટ પ્રકારની સૌંદર્યદષ્ટિ ધરાવે છે. આથી ભારતીય પ્રજાનો સૌંદર્યબોધ આગવો અને અલાયદો છે. વિશ્વની અન્ય પ્રજાઓ વસ્તુ અને ઉપાદાનમાં સૌંદર્ય હોવાનું માને છે ત્યારે ભારતીય પ્રજા મનુષ્યદષ્ટિમાં જ સૌંદર્ય હોવાનું માને છે. ભારતીય પ્રજા બાહ્ય સૌંદર્યને બદલે આત્માની સુંદરતા(અંતરની પવિત્રતા)ને મહત્ત્વ આપીને આંતરિક સૌંદર્યનો મહિમા કરે છે. એટલે જ ભારતીય સૌંદર્યબોધમાં આધ્યાત્મિકતા, સાત્વિકતા અને

નૈતિકતાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સંગીત, સાહિત્ય, નૃત્ય વગેરે વિભિન્ન ભારતીય કલાઓમાં ભારતીય પ્રજાનો સૌંદર્યબોધ સુંદર રીતે પ્રગટ થયો છે. આ પ્રકારનો ભારતીય પ્રજાનો સૌંદર્યબોધ ભારતીયતાની સાક્ષી પૂરે છે.

૫.૧૦ ભારતીય આદર્શો :

ભારતીય પ્રજાનો ઉત્કૃષ્ટ ઈતિહાસ આદર્શોથી ભરપૂર છે. ભારતીય જીવનભાવનામાં આદર્શોનું પણ ચોક્કસ સ્થાન હોવાથી ભારતીય પ્રજાને મન એનું ખૂબ જ મહત્ત્વ છે. ભારતીય પ્રજાને એના ભવ્ય ભૂતકાળમાંથી અનેક આદર્શો પ્રાપ્ત થાય છે. જેને નજર સમક્ષ રાખીને તે પોતાનું જીવન ઉન્નત બનાવી શકે છે. ભારતીય પ્રજા પાસે આદર્શ રાજા તરીકે રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર; આદર્શ ભાઈ તરીકે લક્ષ્મણ, ભરત, બલરામ; આદર્શ માતા–પિતા તરીકે દશરથ–કૌશલ્યા, વસુદેવ–દેવકી, નંદ–જશોદા; આદર્શ પત્ની તરીકે સીતા, ઊર્મિલા, રુક્મિણી; આદર્શ પતિ તરીકે રામ, કૃષ્ણ; આદર્શ મિત્રો તરીકે સુગ્રીવ, સુદામા; આદર્શ પ્રેયસી તરીકે રાધા, ગોપીઓ; આદર્શ ગુરુ તરીકે વશિષ્ઠ, દ્રોણાચાર્ય, પરશુરામ, સાંદીપનિ; આદર્શ વડીલ તરીકે જાંબુવાન, ભીષ્મ; આદર્શ શિષ્ય તરીકે રામ, લક્ષ્મણ, અર્જુન, એકલવ્ય; આદર્શ પુત્ર તરીકે અભિમન્યુ, લવ, કુશ; આદર્શ ભક્ત તરીકે શબરી, નરસિંહ, મીરાં, વિદુર; આદર્શ બાળક તરીકે ધ્રુવ, નચિકેતા, પ્રહલાદ; આદર્શ નારી તરીકે અનસૂયા, સાવિત્રી, અહલ્યા, ગાંધારી, કુંતા; આદર્શ સેવક તરીકે લક્ષ્મણ, હનુમાન, કુબ્જા, શ્રવણ વગેરે પૌરાણિક અને ઐતિહાસિક પાત્રો છે. આ બધા આદર્શો એમના ધાર્મિક અને નૈતિક જીવનને લીધે ભારતીય પ્રજાનાં માનસમાં સુદીર્ઘ સમયથી ટકી રહ્યા છે. આ બધા આદર્શોનો ભારતીય પ્રજાના જીવન ઉપર પરોક્ષ છતાં પણ પ્રબળ પ્રભાવ જોવા મળે છે. આથી આ બધા ભારતીય આદર્શો ભારતીયતાની ઓળખ પૂરી પાડે છે.

૫.૧૧ ભારતીય સંસ્કારો :

ભારતીય સંસ્કૃતિ મનુષ્યને સુસંસ્કૃત અને મહામાનવ બનાવવા માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. આથી જ ભારતીય સંસ્કૃતિમાં મનુષ્યજીવનને સોળ

સંસ્કારો સાથે ગૂંથી લેવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિનાં આ સોળ સંસ્કારોમાં ગર્ભાધાન સંસ્કાર, પુંસવન સંસ્કાર, સીમંતોન્નયન સંસ્કાર, જાતકર્મ સંસ્કાર, નામકરણ સંસ્કાર, કર્ણવેધ સંસ્કાર, નિષ્ક્રમણ સંસ્કાર, અન્નપ્રાશન સંસ્કાર, ચૂડાકરણ સંસ્કાર, વિદ્યારંભ સંસ્કાર, ઉપનયન સંસ્કાર, વેદારંભ સંસ્કાર, કેશાંત કે ગોદાન સંસ્કાર(સમાવર્તન સંસ્કાર અથવા સ્નાન સંસ્કાર), વિવાહ સંસ્કાર, વાનપ્રસ્થ અને સન્યાસ સંસ્કાર, અંત્યેષ્ટિ સંસ્કાર વગેરેનો સમાવેશ થાય છે. આ સોળ સંસ્કારો મનુષ્યનાં ગર્ભાધાનથી લઈને મૃત્યુ સુધી તેની સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. આ સોળ સંસ્કારો ભારતીય સમાજજીવન સાથે જોડાયેલા હોવાથી ભારતીયતાના પરિચાયક છે.

૫.૧૨ ભારતીય ચિંતનધારા :

ભારતીય સંસ્કૃતિ ચિંતનપ્રધાન હોવાથી ભારતીય પ્રજાના જીવનમાં ભારતીય ચિંતન પાયાની ભૂમિકા ભજવે છે. ભારતીય પ્રજાનો સાહિત્યવારસો ચિંતનતત્ત્વથી સમૃદ્ધ હોવાથી તેમાંથી અનેક પ્રકારની ચિંતનધારાઓ અસ્ખલિત રીતે વહેતી રહી છે. ભારતીય પ્રજાને તત્ત્વજ્ઞાનમાં વિશેષ રસ હોવાથી ભારતીય વેદો, ઉપનિષદો, દર્શનશાસ્ત્રો, સ્મૃતિગ્રંથો, રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ગીતા તથા અન્ય ધાર્મિક ગ્રંથોમાંથી પ્રગટ થતું ચિંતન ભારતીય પ્રજા સાથે અવિનાભાવી સંબંધથી જોડાયેલું છે. આ ભારતીય ચિંતન ભારતીય પ્રજા માટે આદર્શ જીવન જીવવાની સંજીવની સમાન છે. પરિણામે ભારતીય ચિંતનધારા પણ ભારતીયતાનો પરિચય કરાવે છે.

૫.૧૩ ભારતીય પરંપરા :

ભારતીય સંસ્કૃતિમાં પરંપરા આગવું સ્થાન ધરાવે છે. ભારતીય પ્રજાનો સાંસ્કૃતિક વારસો વિવિધ પરંપરાઓ દ્વારા એક પેઢીથી બીજી પેઢી સુધી વિકસતો અને વિસ્તરતો રહે છે. ભારતીય સમાજમાં વર્ષોથી ચાલી આવતી કેટલીક અતૂટ પરંપરાઓ આજે પણ જીવંત છે. ભારતીય સમાજમાં સ્નાન કરતી વખતે સ્થાનિક જળમાં ગંગા–યમુના–સરસ્વતી વગેરે પવિત્ર નદીઓને શ્લોક દ્વારા આમંત્રણ આપવું, પ્રાતઃકાળે ઈશ્વરનું પૂજન– અર્ચન–ભજન–કીર્તન કરવું, આંગણે તુલસીના

કયારે દીવો પ્રગટાવવો, ભોજન લેતા પહેલા ગૌગ્રાસ અને ભૂમિગ્રાસ આપવો, આંગણે આવેલા અભ્યાગતની યથાયોગ્ય સેવા કરવી, કુટુંબીજનો કે સગા–સંબંધીઓનાં કલ્યાણ અર્થે માનતા–બાધા–આખડી રાખવી, પક્ષીઓને ચણ તથા ગાય–બળદ–કૂતરાને ભોજન આપવું, અમુક તિથિ કે તહેવારના દિવસે ઉપવાસ રાખવો, ગૃહપ્રવેશ પહેલા વાસ્તુપૂજન કરવું, મરતી વખતે મોંમાં ગંગાજળ કે યમુનાજળ મૂકવું, મૃત્યુ પછી પિત્તૃતર્પણ નિમિત્તે કાગવાસ નાખીને શ્રાદ્ધ કરવું વગેરે પરંપરાઓ જોવા મળે છે. આ સર્વે પરંપરાઓ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સમાજ સાથે જોડાયેલી હોવાથી ભારતીયતાની ઝાંખી કરાવે છે.

૫.૧૪ ભારતીય કલાદષ્ટિ :

ભારતીય પ્રજાની કલાદષ્ટિ અનન્ય છે. ભારતીય સંસ્કૃતિમાં કલાની ઉપાસના એટલે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની ઉપાસના. ભારતીય પ્રજા કલાની ઉપાસનાના મુખ્ય ધ્યેય તરીકે 'પરમાનંદ'ને સ્વીકારે છે. ભારતીય સંસ્કૃતિમાં ઈશ્વરનાં એક સ્વરૂપ તરીકે 'આનંદ'ની કલ્પના કરવામાં આવી છે. આથી કલાની સાધના એટલે ઈશ્વરની આરાધના એવું સરળ સમીકરણ ભારતીય પ્રજાની માન્યતા છે. એ જ રીતે શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સંગીત, સાહિત્ય, નૃત્ય વગેરે ભારતીય કલાઓના પાયામાં ધર્મ હોવાથી તેના કલાકારોનું મુખ્ય ધ્યેય પરમ આનંદની પ્રાપ્તિ દ્વારા પરમ–તત્ત્વને પામવાનું હોય એ સ્વાભાવિક છે. આમ ભારતીય કલાકારોએ પરમતત્ત્વને પામવા કલાની ઉપાસનાનો માર્ગ સ્વીકાર્યો છે. આ રીતે 'કલાની ઉપાસના એટલે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની ઉપાસના' એ ભારતીય અભિગમ મૂળ તો ભારતીય પ્રજાની કલાદષ્ટિનું સૂચન કરે છે. આ ઉપરાંત ભારતીય કલાઓ ભારતીય આદર્શોનું મૂર્ત સ્વરૂપ હોવાથી પણ ભારતીય પ્રજાની કલાપ્રીતિ ઉત્તરોત્તર વધતી રહે છે. આમ ભારતીય પ્રજાની કલાદષ્ટિ ભારતીયતાની પરિચાયક છે.

૫.૧૫ ભારતીય પ્રેમભાવના :

ભારતીય પ્રજાની પ્રેમભાવના અદ્વિતીય અને અનુપમ છે. કારણ કે ભારતીય પ્રજાની પ્રેમભાવના ભૌતિક અને આધ્યાત્મિક(લૌકિક અને અલૌકિક) એમ બન્ને પ્રવાહોમાં વહેતી રહી છે.

ભારતીય સમાજની સંયુક્ત કુટુંબપ્રથાના પાયામાં પ્રેમ રહેલો છે. સંયુક્ત કુટુંબના સભ્યો પરસ્પર પ્રેમથી હળીમળીને રહે છે. સંયુક્ત કુટુંબમાં જોવા મળતો માતા–પુત્ર, પતિ–પત્ની, પિતા–પુત્રી, ભાઈ–બહેન, દિયર–ભાભી, સાસુ–વહુ, દેરાણી–જેઠાણી, કાકા–ભત્રીજા, નણંદ–ભાભી વચ્ચેનો નિર્વ્યાજ અને નિઃસ્વાર્થ પ્રેમ ભારતીય પ્રેમભાવનાનો પવિત્ર પ્રસાદ છે. એ જ રીતે રાધા–કૃષ્ણનો પ્રેમ ભારતીય સમાજમાં આજે પણ ભારતીય પ્રેમભાવનાનું આદર્શ રૂપ ગણાય છે. ભારતીય સંસ્કૃતિ માનવતાપ્રધાન હોવાથી ભારતીય પ્રજા માનવતાપ્રેમી પણ છે.

ભારતીય પ્રજા બાહ્ય પ્રેમ ઉપરાંત આંતરિક પ્રેમ(આત્માની સુંદરતા)ને પણ વિશેષ પ્રાધાન્ય આપે છે. આથી ભારતીય પ્રજા લૌકિક પ્રેમની સાથે સાથે અલૌકિક પ્રેમ(દિવ્ય પ્રેમ)માં પણ અદ્‌ભુત શ્રદ્ધા રાખીને એ રીતે સ્થૂળ પ્રેમથી સૂક્ષ્મ પ્રેમ તરફ ગતિ કરે છે. આમ ભારતીય પ્રજાની આ વિશિષ્ટ એવી પ્રેમભાવના ભારતીયતાનાં દર્શન કરાવે છે.

૫.૧૬ ભારતીય પ્રતીકો :

ભારતીય સંસ્કૃતિમાં ભાવપ્રતીકોનું પ્રાધાન્ય હોવાથી કેટલીક વસ્તુઓ, પદાર્થો અને પશુ–પક્ષીઓ ભારતીય પ્રજાની સાંસ્કૃતિક, આધ્યાત્મિક, સામાજિક અને ધાર્મિક ભાવનાનું માર્મિક સૂચન કરે છે. આ બધી વસ્તુઓ, પદાર્થો અને પશુ–પક્ષીઓ ભારતીય પ્રજાની વિશિષ્ટ ભાવસંવેદનાઓ પ્રગટ કરતા હોવાથી 'ભારતીય પ્રતીકો' તરીકે ઓળખાય છે. ભારતીય પ્રતીકોમાં ૐ, શ્રીફળ, દીવો, માળા, ગાય, ધજા, ચોખા, અબીલ, ગુલાલ, સિંદૂર, સોપારી, નાડાછડી, શંખ, ચક્ર, ગદા, ત્રિશૂળ, વીણા, કમળ, અશ્વ, પુસ્તક, ફળ, ફૂલ, તુલસી, તિલક, સ્વસ્તિક, બીલીપત્ર, પંચામૃત, લાડુ, મોર, કાગડો, કળશ, શિવલિંગ, શાલિગ્રામ, કાચબો, નંદી, નાગ, રુદ્રાક્ષ, હંસ, આસોપાલવ, યજ્ઞ, શિખા, ઘંટ, રાખડી, આંબો, ચાંદલો વગેરેનો સમાવેશ થાય છે. આ બધા પ્રતીકો ભારતીય પ્રજાની સાંસ્કૃતિક, સામાજિક, આધ્યાત્મિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે ગાઢ સંબંધથી જોડાયેલા હોવાથી ભારતીયતાની ઝાંખી કરાવે છે.

૫.૧૭ ભારતીય ઇતિહાસ :


ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન હોવાથી ભારતીય પ્રજા સુદીર્ઘ ઇતિહાસ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિ વેદકાળથી લઈને આજ સુધી નિશદિન અવનવી રીતે વિસ્તરતી અને વિકસતી રહી છે. પરિણામે ભારતીય પ્રજા પાસે પ્રમાણમાં સંકુલ અને સમૃદ્ધ એવો ઐતિહાસિક વારસો છે. ભારતીય પ્રજા પોતાના ગૌરવપૂર્ણ ઇતિહાસનો આદર કરે છે અને ભારતીય ઇતિહાસનાં મહાન પાત્રોને યથાયોગ્ય અંજલિ આપીને વારંવાર યાદ પણ કરે છે. ભારતીય પ્રજા ભારતીય ઇતિહાસનાં ગૌરવશાળી પાત્રો અને વિવિધ પ્રકારની ઐતિહાસિક ઘટનાઓ–પરિસ્થિતિઓ–પ્રસંગોનો મહિમા પણ કરે છે. આથી ભારતીય ઇતિહાસનું અનુસંધાન એ પણ ભારતીયતાનું એક આગવું લક્ષણ બની રહે છે.

૫.૧૮ વિશિષ્ટ ભારતીય ખ્યાલો :

ભારતીય પ્રજા પાસે કેટલાક વિશિષ્ટ ભારતીય ખ્યાલો છે. જે ભારતીય પ્રજાની આગવી વિચારસૃષ્ટિનો પરિચય આપે છે. ભારતીય પ્રજાના આ વિશિષ્ટ ખ્યાલોમાં ‘ધર્મનો જય પાપનો ક્ષય’, ‘જેવું કર્મ તેવું ફળ’, ‘સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ’, ‘સંપ ત્યાં જંપ’, ‘સત્યમેવ જયતે’, ‘વસુધૈવ કુટુંબકમ્’, ‘આત્મા જ બ્રહ્મ છે’, ‘આત્મા એ જ પરમાત્મા’ જેવા ચિંતનાત્મક વિચારો તેમજ પ્રકૃત્તિપ્રેમ, વતનપ્રેમ, વિશ્વબંધુત્ત્વ, સમન્વયશીલતા, આતિથ્યભાવના, શુકન–અપશુકનની વિવિધ માન્યતાઓ, પશુ–પક્ષી સાથેનો પ્રેમ, પંચમહાભૂતોથી થતું શરીરનું ઘડતર, અકળતા અને વિરોધોમાં વિશ્વાસ રાખતી રહસ્યમયતા, વ્યક્તિથી લઈને સમષ્ટિ સુધી સૌનું કલ્યાણ કરવાની મનોકામના જેવા ભારતીય ભાવસંવેદનોનો સમાવેશ થાય છે. આ પ્રકારના વિશિષ્ટ ભારતીય ખ્યાલો ભારતીયતાના પરિચાયક છે.

આમ ઉપર્યુક્ત સર્વે લાક્ષણિકતાઓ ભારતીયતાની વિભાવનાને સ્પષ્ટ કરી આપે છે. ભારતીય સંસ્કૃતિની ભાવધારા સાથે સકંળાયેલી સર્વ બાબતો ભારતીયતાનાં લક્ષણો છે.





ભારતીયતા અને અન્ય નિકટવર્તી સંજ્ઞાઓ

ભારતીયતા એક બહુઅર્થી અને સંકુલ વિભાવના હોવાને લીધે તેની સાથે અન્ય નિકટવર્તી સંજ્ઞાઓ પણ સંકળાયેલી છે. જેના વિશે ચર્ચા–વિચારણા કરવાથી ભારતીયતાની વિભાવનાને વધારે સ્પષ્ટ કરી શકાય. આ અનુસંધાને અહીં ભારતીયતા સાથે રાષ્ટ્રીયતા અને આધુનિકતાની ચર્ચા કરવાનો આશય છે.

૬.૧ ભારતીયતા અને રાષ્ટ્રીયતા :

ભારતીયતા અને રાષ્ટ્રીયતા બંને શબ્દો શબ્દબંધારણની દષ્ટિએ એકસરખા છે, બંને શબ્દો ભાવવાચક છે. આપણે ત્યાં ભારતીયતા એટલે જ રાષ્ટ્રીયતા એમ માનવામાં આવે છે. પરંતુ આ માન્યતા તદ્દન ખોટી છે. ભારતીયતા અને રાષ્ટ્રીયતા બંને અલગ–અલગ વિભાવનાઓ છે. ભારતીયતા અને રાષ્ટ્રીયતા વચ્ચેના સંબંધને નીચે મુજબ વર્ણવી શકાય.

- ભારતીયતાનો સંબંધ ભારતીય સંસ્કૃતિ સાથે છે. જ્યારે રાષ્ટ્રીયતાનો સંબંધ જે તે રાષ્ટ્ર સાથે છે.
- ભારતીયતા કાયમી છે. કારણ કે વિદેશમાં જઈને પણ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવન જીવી શકાય. જ્યારે રાષ્ટ્રીયતા હંગામી છે. કારણ કે વિદેશમાં થઈને રાષ્ટ્રીયતાની ભાવના બદલાઈ શકે છે.
- ભારતીય સંસ્કૃતિમાં સમર્પણનું મહત્ત્વ હોવાથી ભારતીયતામાં સમર્પણની ભાવના છે. જ્યારે રાષ્ટ્રીયતામાં રાષ્ટ્ર માટે કશુંક કરી બતાવવાની ભાવના હોવાથી અહીં બલિદાનની ભાવના જોવા મળે છે.
- ભારતીયતામાં અન્ય રાષ્ટ્રને પ્રવેશ મળી શકે છે. જ્યારે રાષ્ટ્રીયતામાં અન્ય રાષ્ટ્રનો પ્રવેશ શક્ય નથી.
- ભારતીયતાને અન્ય રાષ્ટ્રનો નાગરિક પણ અપનાવી શકતો હોવાથી ભારતીયતાની સીમારેખાઓ વિશાળ અને વ્યાપક છે. એટલે ભારતીયતાની સીમારેખાઓ સંકુચિત નથી. જ્યારે રાષ્ટ્રીયતાની ચોક્કસ સીમારેખાઓ હોવાથી તે સંકુચિત છે. રાષ્ટ્રીયતા કોઈ નિશ્ચિત પ્રદેશ પૂરતી જ મર્યાદિત રહે છે.
- ભારતીયતામાં આક્રમક ભાવના હોતી નથી. જ્યારે રાષ્ટ્રીયતામાં આક્રમક વૃત્તિનાં દર્શન થાય છે.
- ભારતીયતા કોઈ કાયદાકીય કરાર નથી. જ્યારે રાષ્ટ્રીયતા એક પ્રકારનો કાયદાકીય કરાર છે. કારણ કે કોઈ પણ રાષ્ટ્રના વ્યક્તિને તે રાષ્ટ્રએ નક્કી કરેલા કાયદાઓ પાળવા પડે છે.
- ભારતીયતા કોઈ એક વ્યક્તિની સાધનાથી પણ પ્રગટી શકે છે. જ્યારે રાષ્ટ્રીયતામાં સમગ્ર સમાજની સાધના અનિવાર્ય છે.

આમ ભારતીયતા અને રાષ્ટ્રીયતા અમુક અંશે એકબીજા સાથે સકંળાયેલી અને છતાં પણ એકબીજાથી પૃથક એવી ભાવસંવેદનાઓ છે.

૬.૨ ભારતીયતા અને આધુનિકતા :

ભારતીયતા અને આધુનિકતા બંને સંજ્ઞાઓ એકબીજાથી વિરુદ્ધ દિશાની છે. છતાં પણ બંને વચ્ચે કશું સામ્ય છે અને વધુ પ્રમાણમાં વિષમતાઓ છે. ભારતીયતા અને આધુનિકતા વચ્ચેના સંબંધને નીચે મુજબ વર્ણવી શકાય.

- ભારતીયતાના મૂળમાં 'ભારત' જેવો ભૌગોલિક અર્થ ધરાવતો શબ્દ છે. છતાં પણ ભારતીયતા 'ભારત'ના ભૌગોલિક અર્થને અતિક્રમીને વિસ્તૃત્ત સ્વરૂપ ધારણ કરે છે. એ જ રીતે આધુનિકતાનાં મૂળમાં 'અધુના' જેવો સમયવાચક અર્થ ધરાવતો શબ્દ છે. છતાં પણ આધુનિકતા પેલા સમયવાચક અર્થને અતિક્રમીને વ્યાપક સ્વરૂપ ધારણ કરે છે.
- ભારતીયતા અને આધુનિકતા બંને વ્યાપક ફલક ધરાવતા સંકુલ સમ્પ્રત્યયો છે.
- ભારતીયતા અને આધુનિકતા બંને એક પ્રકારના વિશિષ્ટ એવા દષ્ટિકોણ છે.
- ભારતીયતા અને આધુનિકતાનાં ઉદ્‌ભાવક, પ્રેરક અને પોષક પરિબળોમાં ભિન્નતા જોવા મળે છે.
- ભારતીયતા પૂર્વની વિચારધારાઓ સાથે સકંળાયેલી છે. જ્યારે આધુનિકતા પશ્ચિમની વિચારધારાઓ સાથે સકંળાયેલી છે.
- ભારતીય સાહિત્યની કૃતિઓમાં જીવનમૂલ્યોનું ખૂબ જ મહત્ત્વ છે. જ્યારે આધુનિક સાહિત્યની કૃતિઓમાં જીવનમૂલ્યોનું કોઈ જ મહત્ત્વ નથી.
- ભારતીયતાનો ઈતિહાસ પ્રમાણમાં દીર્ઘ છે. જ્યારે આધુનિકતાનો ઈતિહાસ ખૂબ જ ટૂંકો છે.
- ભારતીયતા ભારતીય સંસ્કૃતિનો એક કેન્દ્રસ્થ એવો ભાવનાત્મક ખ્યાલ છે. જ્યારે આધુનિકતા પશ્ચિમનાં વિવિધ આંદોલનોનું એક પરિણામ છે.

આમ ભારતીયતા અને આધુનિકતા વચ્ચે ઉપર્યુક્ત બાબતો અંતર્ગત સામ્ય અને વૈષમ્ય જોવા મળે છે.

આ રીતે રાષ્ટ્રીયતા અને આધુનિકતા જેવી ભારતીયતાની નિકટવર્તી સંજ્ઞાઓ સાથે તેનો અભ્યાસ કરતા, ભારતીયતાની વિભાવના વધુ સ્પષ્ટ થતી દેખાય છે.





સમાપન

અહીં ભારતીયતા સંદર્ભે વિસ્તૃત્ત ચર્ચા–વિચારણા કરીને તેની સંકુલ વિભાવનાને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. આપણે ત્યાં આધુનિકતાની સરખામણીએ ભારતીયતા વિશે વિસ્તૃત્ત સંશોધનો પ્રમાણમાં ઓછા થયા છે ત્યારે અહીં ભારતીયતાની વિભાવનાને વિગતે અનાવૃત કરવાનો પ્રયત્ન કર્યો છે. આ અનુસંધાને અહીં સૌપ્રથમ 'ભારતીયતા'ને શબ્દ–બંધારણના દષ્ટિકોણથી તપાસતા 'ભારત' અને 'ભારતીય' જેવા શબ્દોના વિશિષ્ટ અર્થો તારવીને પછી 'ભારતીયતા'ની વિભાવના સંદર્ભે નોંધપાત્ર તારણો રજૂ કર્યા છે. ત્યાર બાદ ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ વચ્ચેના અવિનાભાવી સંબંધને ધ્યાનમાં રાખીને સંસ્કૃતિ અને તેનું સ્વરૂપ, સાહિત્ય અને સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિ, ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ વગેરે મુદ્દાઓની ચર્ચા કરી છે અને તેના

નિષ્કર્ષ રૂપે ભારતીય સંસ્કૃતિના એક કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ તરીકે ભારતીયતાનું મૂલ્યાંકન કર્યું છે.

ભારતીયતાની વિભાવના વ્યાપક ફલક પર વિસ્તરેલી હોવાથી તેને વિભિન્ન પરિપ્રેક્ષ્યથી તપાસી શકાય એમ છે. આથી આ પુસ્તકમાં ભારતીયતાને સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક એમ ત્રિવિધ પરિપ્રેક્ષ્યથી તપાસવાનો પણ આગ્રહ રાખ્યો છે. ભારતીયતાને સામાજિક પરિપ્રેક્ષ્યમાં તપાસતા ભારતીય સમાજમાં જોવા મળતી કુટુંબવ્યવસ્થા, લગ્નવ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થા(વર્ણવ્યવસ્થા), આશ્રમવ્યવસ્થા, નારીનું ગૌરવપૂર્ણ સ્થાન, ઉત્સવોની પ્રધાનતા વગેરે બાબતોની વિચારણા કરી છે. એ જ રીતે ભારતીયતાને શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં તપાસતા ભારતીય શિક્ષણનું સ્વરૂપ, તેની પદ્ધતિઓ, તેના ઉદ્દેશો, ભારતીય શિક્ષણમાં ગુરુનું પૂજનીય સ્થાન, ભારતીય શિક્ષણમાં ગુરુ–શિષ્યનો અદ્વિતીય સંબંધ વગેરે બાબતોની ચર્ચા કરી છે. ત્યાર બાદ ભારતીયતાને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં તપાસતા ભારતીય સાહિત્યમાં થયેલું ભારતીય સંવેદનાઓ અને ભારતીય સમસ્યાઓનું આલેખન, ભારતીય સાહિત્યમાંથી પ્રગટતો વાસ્તવબોધ, સૌંદર્યબોધ, મૂલ્યબોધ વગેરે મુદ્દાઓનો અભ્યાસ કર્યો છે અને તેના નિષ્કર્ષ રૂપે ભારતીય સાહિત્યમાં પ્રવર્તતી મૂળભૂત ભાવનાત્મક એકતા તરીકે ભારતીયતાનું સ્પષ્ટીકરણ કર્યું છે.

ત્યાર બાદ ભારતીયતાના અનુસંધાને થયેલી ઉપર્યુક્ત સર્વે ચર્ચા–વિચારણાઓને ધ્યાનમાં રાખીને ભારતીયતાની લાક્ષણિકતાઓ તારવી છે. આ સંદર્ભે ભારતીય સંસ્કૃતિ સાથે ખૂબ જ નિકટથી જોડાયેલી એવી ભારતીય ધર્મભાવના, ભારતીય સમાજજીવન, ભારતીય કુટુંબભાવના, ભારતીય શિક્ષણ, ભારતીય સંવેદનો, ભારતીય સમસ્યાઓ, ભારતીય જીવનભાવના, ભારતીય જીવનમૂલ્યો, ભારતીય સૌંદર્યબોધ, ભારતીય આદર્શો, ભારતીય સંસ્કારો, ભારતીય ચિંતનધારા, ભારતીય પરંપરા, ભારતીય કલાદષ્ટિ, ભારતીય પ્રેમભાવના, ભારતીય પ્રતીકો, ભારતીય ઈતિહાસ, વિશિષ્ટ ભારતીય ખ્યાલો વગેરે બાબતોને ભારતીયતાની લાક્ષણિકતાઓ તરીકે તારવી છે. આ ઉપરાંત ભારતીયતા જેવી બહુઅર્થી અને સંકુલ વિભાવના સાથે રાષ્ટ્રીયતા અને આધુનિકતા જેવી નિકટવર્તી સંજ્ઞાઓ પણ જોડાયેલી

છે. આથી ભારતીયતા અને રાષ્ટ્રીયતા તેમજ ભારતીયતા અને આધુનિકતા વચ્ચેના સામ્ય–વૈષમ્યને પણ અહીં અંતમાં રજૂ કર્યું છે. આમ આ પુસ્તકમાં ભારતીયતાની વૈભવશાળી વિભાવનાને વિસ્તારથી અનાવૃત કરીને તેનું સ્પષ્ટીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે. ભારતીયતાની આ સમગ્ર ચર્ચા–વિચારણાનું સમાપન ડૉ. પ્રવીણ દરજીના શબ્દો સાથે કરીએ.

'ભારતીયતા'ની ખરી મજા જ એ છે કે તેને વિશે કશી વાત કરતા હોઈએ ત્યારે જાણે કે આપણે આપણી વાત કરતા હોઈએ એવું લાગે. જ્યારે–જ્યારે 'ભારતીયતા'ને પામવા પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણે ખુદને સમજવાની પ્રક્રિયામાંથી પસાર થતા હોઈએ એવું તેથી લાગે છે. 'ભારતીયતા' વિશે કે એનાં પુરાણો–ગીતા વિશે કે તેની પ્રણાલિઓ વિશે–પરંપરાઓ વિશે વિમર્શ કરીએ છીએ, ત્યારે અનેક ચહેરાઓથી દીપ્ત એવું ભારત આપણી સામે ઉકેલાતું જાય છે. ભારતીયતાની આ જ વિશિષ્ટતા છે, એ જ એનું અલગપણું છે. આ એનું ન્યારાપણું જ આપણું પ્યારાપણું છે.[૪૩]



❖ પાદટીપ ❖

१. विष्णुपुराण, २.३.१, पु. भारतीय संस्कृति, डो. प्रीति प्रभा गोयल, लेख : भारतीय संस्कृति का रूप, प्रथम संस्करण–२००१, प्रका. नवभारत प्रकाशन, जोधपुर, पृ. ४

२. अटल बिहारी वाजपेयी, पु. कुछ लेख कुछ भाषण, सं. चन्द्रिकाप्रसाद शर्मा, लेख : अटलजी के गद्य का वैशिष्ट्य, आठवाँ संस्करणः जनवरी–२००३, प्रका. किताबघर प्रकाशन, नई दिल्ली, पृ.२५६

૩. ડૉ. પ્રવીણ દરજી, પુ. ભારતીય શબ્દ અને સંવેદના, લેખ : ભારતીયતાની આસપાસ, પ્રથમ આવૃત્તિ–૨૦૧૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૩૩

૪. ડૉ. નરેશ વેદ, પુ. લબ્ધિ, સં. નરેશ વેદ, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, લેખ : ભારતીય સાહિત્યની વિભાવના, પ્રથમ આવૃત્તિ–૨૦૦૯, પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૫૮

૫. ડૉ. સુનીલ જાદવ, પુ. ભારતીયતા, લેખ : ભારતીયતા–સંજ્ઞા અને સ્વરૂપ, પ્રથમ આવૃત્તિ–મે–૨૦૦૯, પ્રકા. ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ, પૃ. ૨૬

૬. ડૉ. નરેશ વેદ, પુ. લબ્ધિ, સં. નરેશ વેદ, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, લેખ : ભારતીય સાહિત્યની વિભાવના, પ્રથમ આવૃત્તિ–૨૦૦૯, પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૫૯

૭. ડૉ. બિપિન આશર, પુ. ભારતીયતા, ડૉ. સુનીલ જાદવ, લેખ : ભારતીયતા – સંજ્ઞા અને સ્વરૂપ, પ્રથમ આવૃત્તિ–મે–૨૦૦૯, પ્રકા. ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ, પૃ. ૨૮

૮. ડૉ. નરેશ વેદ, પુ. લબ્ધિ, સં. નરેશ વેદ, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, લેખ : ભારતીય સાહિત્યની વિભાવના, પ્રથમ આવૃત્તિ–૨૦૦૯, પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૬૦,

૯. ડૉ. પ્રવીણ દરજી, પુ. ભારતીય શબ્દ અને સંવેદના, લેખ : ભારતીયતાની આસપાસ, પ્રથમ આવૃત્તિ–૨૦૧૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૩૦

૧૦. એજન, પૃ. ૧૦૭.

૧૧. એજન, પૃ. ૧૦૫.

૧૨. એજન, પૃ. ૧૨૧.

૧૩. डॉ. लक्ष्मीकान्त पाण्डेय, पु. भारतीय साहित्य, लेख : भारतीयता का समाजशास्त्र, द्वितीय(संशोधित) संस्करण–२००६, प्रका. आशीष प्रकाशन, कानपुर, पृ. ६८

૧૪. ए. अरविन्दाक्षन, पु. साहित्य, संस्कृति और भारतीयता, लेख : प्रेमचंद : भारतीय कथाकार, संस्करण–२००८, प्रका. हिन्दी विभाग, कोच्चिन विज्ञान व प्राद्योगिकी विश्वविद्यालय, कोच्चि(केरल), पृ. २२

૧૫. वही, लेख : भूमिका, पृ. ७

૧૬. ડૉ. પ્રવીણ દરજી, પુ. ભારતીય શબ્દ અને સંવેદના, લેખ : ભારતીયતાની આસપાસ, પ્રથમ આવૃત્તિ–૨૦૧૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૯૭

૧૭. દુર્ગાશંકર શાસ્ત્રી, પુ. ગુજરાતનું સંસ્કૃતિ–દર્શન(પ્રાગૈતિહાસિક કાળથી આજ સુધી), પ્રા. કુંજવિહારી ચુ. મહેતા અને પ્રા. રમેશ એમ. શુકલ, લેખ : સંસ્કાર, સંસ્કૃતિ અને સંસ્કારિતા–સભ્યતા, પ્રથમ આવૃત્તિ–૧૯૬૪, પ્રકાશક : ધી પોપ્યુલર પબ્લિશિંગ હાઉસ, સૂરત, પૃ. ૨

૧૮. જયન્ત પંડયા, પુ. અક્ષરાયન, લેખ : સાહિત્યને અસર કરતાં સાંસ્કૃતિક પરિબળો, પ્રથમ આવૃત્તિ–જૂન–૧૯૮૫, પ્રકાશક : ચંદ્રમૌલિ પ્રકાશન, અમદાવાદ,પૃ. ૮

૧૯. ગુલાબદાસ બ્રોકર, પુ. સાહિત્ય–તત્ત્વ અને તંત્ર, લેખ : ભારતની ભાવમૂર્તિ અને તેનો પ્રક્ષેપ, પ્રથમ આવૃત્તિ–મે–૧૯૭૭, પ્રકાશક : ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, કોટ–મુંબઈ, પૃ. ૮૪

૨૦. डॉ. अरूण कुलकर्णी, पु. आचार्य हजारीप्रसाद द्विवेदी के उपन्यासों में संस्कृति और इतिहास, लेख : आचार्य हजारीप्रसाद द्विवेदीजी का व्यक्तित्व एवं कृतित्व, प्रथम संस्करण–२००७, प्रकाशक : चिन्तन प्रकाशन, कानपुर, पृ. १९

૨૧. રમણલાલ વ. દેસાઈ, પુ. ભારતીય સંસ્કૃતિ, લેખ : ભારતીય સાહિત્ય, આવૃત્તિ–મે– ૧૯૯૩, પ્રકાશક : આર. આર. શેઠની કંપની, અમદાવાદ, પૃ. ૪૨૨

૨૨. ડૉ. પ્રવીણ દરજી, પુ. ભારતીય શબ્દ અને સંવેદના, લેખ : છેલ્લા પચાસ વર્ષની બંગાળી કવિતા, પ્રથમ આવૃત્તિ–૨૦૧૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૬૬

૨૩. डॉ. लक्ष्मीकान्त पाण्डेय, पु. भारतीय साहित्य, लेख : भारतीय साहित्य के अध्ययन की समस्याएँ, द्वितीय(संशोधित) संस्करण–२००६, प्रका. आशीष प्रकाशन, कानपुर, पृ. ५०

૨૪. वही, लेख : भारतीयता का समाजशास्त्र, पृ. ७३ ।

૨૫. ए. अरविन्दाक्षन, पु. साहित्य, संस्कृति और भारतीयता, लेख : प्रेमचंद : भारतीय कथाकार, संस्करण–२००८, प्रका. हिन्दी विभाग, कोच्चिन विज्ञान व प्राद्योगिकी विश्वविद्यालय, कोच्चि(केरल), पृ. २०

૨૬. ડૉ. દીપક પટેલ, પુ. અર્જિત, લેખ : 'સરસ્વતીચંદ્ર' : ભારતીયતાના સંદર્ભે, પ્રથમાવૃત્તિ– ૨૦૦૬, પ્રકાશક : ડૉ. દીપક પટેલ, રાજકોટ, પૃ. ૨૯

૨૭. ડૉ. સુનીલ જાદવ, પુ. ભારતીયતા, લેખ : ભારતીયતા–સંજ્ઞા અને સ્વરૂપ, પ્રથમ આવૃત્તિ–મે–૨૦૦૯, પ્રકાશક : ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ, પૃ. ૭૮

૨૮. डॉ. लक्ष्मीकान्त पाण्डेय, पु. भारतीय साहित्य, लेख : भारतीयता का समाजशास्त्र, द्वितीय(संशोधित) संस्करण–२००६, प्रका. आशीष प्रकाशन, कानपुर, पृ. ६९

૨૯. ડૉ. પ્રવીણ દરજી, પુ. ભારતીય શબ્દ અને સંવેદના, લેખ : ભારતીયતાની આસપાસ, પ્રથમ આવૃત્તિ–૨૦૧૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૯૯

૩૦. ડૉ. નરેશ વેદ, પુ. લબ્ધિ, સં. નરેશ વેદ, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, લેખ : ભારતીય સાહિત્યની વિભાવના, પ્રથમ આવૃત્તિ–૨૦૦૯, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૬૦

૩૧. ઋગ્વેદ–દર્શન, ભાણદેવ, પ્રથમ આવૃત્તિ–૨૦૦૯, પ્રકાશક : પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પૃ.૨૪૭

૩૨. रतन लाल मिश्र, पु. भारतीय संस्कृति, लेख :– भारतीय समाज : स्वरूप और विकास, संस्करण–२००८, प्रकाशक : सुरभि पब्लिकेशन्स, जयपुर, पृ. १००

૩૩. वही ।

૩૪. वही, पृ. १११ ।

૩૫. ડૉ. નરેશ વેદ, પુ. લબ્ધિ, સં. નરેશ વેદ, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, લેખ : ભારતીય સાહિત્યની વિભાવના, પ્રથમ આવૃત્તિ–૨૦૦૯, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૬૦

૩૬. डॉ. प्रभुदयालु अग्निहोत्री, पु. प्राचीन भारतीय समाज एवं संस्कृति, लेख : सुख–समृद्धि का लोकपर्व–दीवाली, प्रथम संस्करण–२०००, प्रकाशक : इस्टर्न बुक लिंकर्स, दिल्ली, पृ. १९५

૩૭. યોગેશ ગોરાને, પુ. શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય : આદિ શિક્ષણશાસ્ત્રી(પરિચય પુસ્તિકા, ૧૨૫૬), પ્રથમ આવૃત્તિ–૨૦૧૧, પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મુંબઈ, પૃ. ૧

૩૮. લજ્જારામ તોમર, પુ. શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય : આદિ શિક્ષણશાસ્ત્રી (પરિચય પુસ્તિકા, ૧૨૫૬), યોગેશ ગોરાને, પ્રથમ આવૃત્તિ–૨૦૧૧, પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મુંબઈ, પૃ. ૩૩

૩૯. કનૈયાલાલ મુનશી, પુ. આદિવચનો અને બીજાં વ્યાખ્યાનો, લેખ : ભારતીય સાહિત્ય અને ભાષા, પ્રથમ આવૃત્તિ–ડિસેમ્બર–૧૯૪૩, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ભારતીય વિદ્યાભવન, મુંબઈ, પૃ. ૧૦૪

૪૦. ડૉ. પ્રવીણ દરજી, પુ. ભારતીય શબ્દ અને સંવેદના, લેખ : ભારતીયતાની આસપાસ, પ્રથમ આવૃત્તિ–૨૦૧૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૪૨

૪૧. ડૉ. નરેશ વેદ, પુ. લબ્ધિ, સં. નરેશ વેદ, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, લેખ : ભારતીય સાહિત્યની વિભાવના, પ્રથમ આવૃત્તિ–૨૦૦૯, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૬૮

૪૨. એજન, પૃ. ૧૬૯.

૪૩. ડૉ. પ્રવીણ દરજી, પુ. ભારતીય શબ્દ અને સંવેદના, લેખ : ભારતીયતાની આસપાસ, પ્રથમ આવૃત્તિ–૨૦૧૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૯૬

